દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 211 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 September 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સુમિત અંતિલનો બૅક-ટુ-બૅક ગોલ્ડનો ભારતીય વિક્રમ

સુવર્ણચંદ્રકઃ પૅરિસ પેરાઑલિમ્પિક એફ-૬૪ ઇવેન્ટમાં સોમવારે ભાલાફેંકમાં સુવર્ણચંદ્રક મેળવ્યા બાદ તસવીર ખેંચાવી રહેલો ભારતનો સુમિત અંતિલ. (એજન્સી)

પૅરાલિમ્પિક્સમાં ઉપરાઉપરી સુવર્ણચંદ્રક જીતનાર ભારતનો પહેલો પુરુષ ઍથ્લીટ બન્યો

પૅરિસઃ દિવ્યાંગ ઍથ્લીટ્સ-ખેલાડીઓ માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સમાં સુમિત અંતિલે ભારત માટે નવો ઇતિહાસ રચ્યો છે. પૅરાલિમ્પિક્સનો તે એવો પ્રથમ ભારતીય પુરુષ ઍથ્લીટ છે જેણે બૅક-ટુ-બૅક ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ઉપરાઉપરી બે પૅરાલિમ્પિક્સ સુવર્ણ ચંદ્રક જીતનાર તે ભારતનો પ્રથમ પુરુષ ઍથ્લીટ છે. તેણે ભાલાફેંકમાં આ સિદ્ધિ મેળવી છે.

સુમિત અંતિલે દિવ્યાંગો માટેની એફ-૬૪ કૅટેગરીમાં આ અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આ ઉપલબ્ધિ અગાઉ ભારતના એકેય દિવ્યાંગ ઍથ્લીટે નહોતી મેળવી.

પૅરાલિમ્પિક્સમાં એક કરતાં વધુ ગોલ્ડ મેડલ જીતનાર તે દેવેન્દ્ર ઝાઝરિયા પછીનો બીજો ભારતીય ઍથ્લીટ બન્યો છે. ઝાઝરિયા ૨૦૦૪ અને ૨૦૧૬ની પૅરાલિમ્પિક્સમાં ભાલાફેંકમાં ગોલ્ડ જીત્યો હતો. સુમિત ૨૦૨૧ની ટોક્યો ગેમ્સમાં પણ ગોલ્ડ જીત્યો હતો.

મહિલાઓમાં અવનિ લેખરા એવી પ્રથમ ભારતીય ઍથ્લીટ છે જેણે ઉપરાઉપરી બે પૅરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

ભાલો ૭૩.૨૯ મીટર દૂર ફેંકવાનો વર્લ્ડ રેકોર્ડ સુમિત અંતિલના નામે છે. સોમવારે તે પોતાનો આ વિશ્વવિક્રમ તોડી નહોતો શક્યો, પરંતુ પૅરાલિમ્પિક્સમાં ૬૮.૫૫ મીટરનો પોતાનો જે રેકોર્ડ હતો એ તેણે પહેલા બે થ્રોમાં (૬૯.૧૧ મીટર અને ૭૦.૫૯ મીટર) પાર કર્યો હતો.

સોમવારે સુમિતના ગોલ્ડ મેડલ સહિત ભારતના ખાતે કુલ ૧૪ મેડલ થઈ ગયા હતા, જેમાં ત્રણ ગોલ્ડ, પાંચ સિલ્વર અને છ બ્રોન્ઝ હતા. ભારતે વધુ એક બ્રૉન્ઝ જીતી લેતાં મંગળવારે બપોર સુધીમાં ભારતના મેડલની સંખ્યા ૧૫ થઈ હતી. ■

કચ્છમાં વરસાદ પછી ભૂકંપઃ ભચાઉ નજીક ૩.૩ની તીવ્રતાનો આંચકો

ભુજઃ રાજ્ય પર માત્ર એક સપ્તાહના ટૂંકાગાળામાં ઊભી થયેલી ચાર-ચાર વરસાદી સિસ્ટમના લીધે ફરી સર્જાયેલા મેઘાવી માહોલ વચ્ચે ભૂકંપ માટે સંવેદનશીલ એવા કચ્છમાં એકજ દિવસમાં બીજીવાર ૩.૩ની તીવ્રતાના કંપને ધરતી ધ્રૂજાવતાં ભય ફેલાયો છે. ગત સોમપ્રદોષની પૂર્વસંધ્યાએ રાત્રે વાગડ ફોલ્ટલાઇનમાં ઉદ્ભવેલા ૩.૩ની તીવ્રતાના કંપન બાદ ફરી સોમવારની સાંજના ૫.૪૫ કલાકે વાગડ ફોલ્ટલાઇનમાં જ ૩.૩ની તીવ્રતાના આંચકાએ હાજરી પુરાવી હતી.

ગાંધીનગરસ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, પૂર્વ કચ્છના ભચાઉથી ૧૯ કિલોમીટર દૂર ઉત્તર-દક્ષિણ દિશાએ આવેલા મનફરા અને ઐતિહાસિક કંથકોટ વચ્ચે કેન્દ્રબિંદુ ધરાવતો આ ૩.૩ની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ધરાવતો ભૂકંપ જમીનથી ૨૧ કિલોમીટરની ઊંડાઇએથી ઉદ્ભવ્યો હતો.પ્રમાણમાં વધારે સેકન્ડ સુધી આવેલા આંચકાથી કેન્દ્રબિંદુ આસપાસના ગામોમાં લોકોએ ગભરાટના માર્યા ઘરની બહાર દોટ લગાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સદીઓથી કચ્છની અશાંત રહેલી ધરાને સતત ધ્રૂજાવી રહેલા ધરતીકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે જેમાં ભચાઉ, ફતેહગઢ, રાપર, કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો સમાવેશ થાય છે. ■

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં એન્ટિ રેપ બિલ મંજૂર

કોલકાતા : પશ્ચિમ બંગાળની મમતા બેનરજી સરકારે મંગળવારે વિધાનસભામાં રજૂ કરેલું એન્ટી રેપ બિલ મંજૂર થયું છે. આ બિલના ડ્રાફ્ટમાં બળાત્કાર પીડિતાનું મૃત્યુ થાય અથવા બેભાન થાય તો આવા ગુનેગારો માટે મૃત્યુદંડની જોગવાઈ કરવામાં આવી છે. મમતા સરકારના આ બિલને વિરોધ પક્ષ ભાજપે પણ સમર્થન આપ્યું છે. આ ઉપરાંત ડ્રાફ્ટમાં બળાત્કાર અને ગેંગરેપના દોષિતને આજીવન કેદની સજા કરવામાં આવે તેવી જોગવાઈ છે. વેસ્ટ બંગાળ ક્રિમિનલ લો એન્ડ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૪(અપરાજિતા મહિલા અને બાળક બિલ) નામના પ્રસ્તાવિત કાયદાનો ઉદ્દેશ્ય બળાત્કાર અને જાતીય અપરાધો સંબંધિત નવી જોગવાઈઓનો સમાવેશ કરીને મહિલાઓ અને બાળકોની સુરક્ષાને વધારવાનો છે. મમતા બેનરજીએ આ બિલને ઐતિહાસિક ગણાવ્યું હતું.

ગત મહિને કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં મહિલા ડોક્ટરના રેપ અને મર્ડરની ઘટના બની હતી. આ ઘટનાનો દેશવ્યાપી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે રાજ્યના કાયદા પ્રધાન મલય ઘટક દ્વારા પ્રસ્તાવિત બિલ રજૂ કરવામાં આવ્યું હતું. હવે આ બિલ પર ચર્ચા થશે. આ ખરડો જે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અને જાતીય અપરાધોથી બાળકોનું રક્ષણ અધિનિયમ ૨૦૧૨ હેઠળ સંબંધિત જોગવાઈમાં સુધારો કરવા માંગે છે.

આ બિલ તમામ ઉંમરના પીડિતોને લાગુ પડશે. જો આ બિલ પસાર થશે તો બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિતોને આજીવન કેદની સજા થશે. આનો અર્થ એ થયો કે તેઓએ તેમનું આખું જીવન જેલમાં વિતાવવું પડશે અને થોડા વર્ષો પછી તેઓ મુક્ત થશે નહીં.

(જુઓ પાનું ૨) ▶▶

હરિયાણામાં ટ્રકે વાહનને ટકકર મારતાં આઠ શ્રદ્ધાળુનાં મોત

ચંડીગઢઃ હરિયાણાના જિન્દ જિલ્લામાં એક ટ્રકે સ્થિર ઊભેલા વાહનને પાછળથી ટકકર મારતાં આઠ જણનાં મોત થયા હતા અને બીજા દસ ઘાયલ થયા હતા, એવી માહિતી પોલીસે મંગળવારે આપી હતી. બિધારના ગામમાં હિસાર-ચંડીગઢ નેશનલ હાઈવેમાં મધ્યરાત્રી પછી આ અકસ્માત થયો હતો. શ્રદ્ધાળુઓ કુરુક્ષેત્રથી રાજસ્થાનના ગોગામેડી તરફ જઈ રહ્યા હતા. રાજસ્થાનનો રજિસ્ટરેશન નંબર ધરાવતી ટ્રક લાઈટ કમર્શિયલ વેહિકલ સાથે અથડાઈ હતી.

નરવાના પોલીસ સ્ટેશનના એસએચઓ કુલદીપે કહ્યું હતું કે ટ્રકે ગોગામેદી જઈ રહેલા શ્રદ્ધાળુના વાહનને

(જુઓ પાનું ૨) ▶▶

ભરૂચના વાલિયા તાલુકામાં મેઘતાંડવઃ ૧૮ ઇંચ વરસાદથી જળબંબોળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સતત ત્રીજા દિવસે ભરૂચના વાલિયા તાલુકામાં ૩૬ કલાકમાં ૧૮ ઇંચથી વધુ પાણી વરસાવતા આખો તાલુકો જળબંબોળ થયો હતો. સુરત, નવસારી, વલસાડ, વ્યારા, ડાંગ સહિતના મોટા ભાગના જિલ્લાઓમાં એક થી પાંચ ઇંચ વરસાદ નોંધાયો હતો. નવસારીમાં પૂર્ણા નદીનાં પાણી કાંઠા વિસ્તારનાં ગામોમાં ઘૂસી ગયાં હતાં.

ભરુચના વાલિયામાં મંગળવારે સવારે છ વાગ્યા સુધીના છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઇંચ વરસાદ નોંધાયા બાદ સવારથી સાંજ સુધીમાં વધુ સાડા છ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વાલિયામાં અનેક ઘરોમાં પાણી ભરાયાં હતાં તેમજ નદી-નાળાં છલોછલ થયાં હતાં. વાલિયાનું ડહેલી ગામ ભારે વરસાદથી વિખૂટું પડી ગયું હતું. લોકો પોતાના ઘરમાં જ કેદ થયા છે. બીજી તરફ આજે પણ રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો. ત્યારે પાલનપુરમાં ધોધમાર વરસાદના કારણે આંબાવાડી બેટમાં ફેરવાયું હતું.

માંગરોળના નાની પારડી ગામે ચાર લોકોનું બોટથી રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. કીમ નદીના પાણી મંદિરની આસપાસ ફરી વળ્યાં હતાં. સવારથી કીમ નદીના પાણી ફરી વળતા લોકો ફસાયા હતા. ધસમસતા પ્રવાહમાં એસડીઆરએફ તેમજ સ્થાનિકો દ્વારા દિલધડક રેસ્ક્યૂ કર્યું.

દરમિયાન ઉકાઈ ડેમમાં સતત પાણીની આવક જોવા મળી રહી છે હાલ દસ વાગ્યા સુધી ઉકાઈ ડેમની સપાટી ૩૩૬.૧૮ ફૂટ છે. ઉકાઈ ડેમની રુલ લેવલની સપાટી ૩૩૫ ફૂટ નક્કી કરવામાં આવી છે. રુલ લેવલ કરતાં ઉપર પાણીની સપાટી પહોંચતા વહીવટી તંત્ર સતત પાણી છોડી રહ્યું છે, હાલ ઉકાઈ ડેમમાં

(જુઓ પાનું ૨) ▶▶

વડા પ્રધાન નરેન્દ્ર મોદી બ્રુનેઇ પહોંચ્યા, આપવામાં આવ્યું ગાર્ડ ઓફ ઓનર

ગાર્ડ ઑફ ઑનરઃ બ્રુનેઈ પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું ગાર્ડ ઑફ ઑનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું. (એજન્સી)

બંદર સેરી બેગવાનઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની બે દેશોની પ્રથમ તબક્કામાં મંગળવારે બ્રુનેઈ પહોંચ્યા હતા. બ્રુનેઈ દારુસલામમાં કાઉન પ્રિન્સ હાજી અલ-મુહતાદી બિલ્લાહે પીએમ મોદીનું સ્વાગત કર્યું હતું. બ્રુનેઈ પહોંચતા પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બ્રુનેઈમાં પીએમ મોદી દેશના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરશે અને દ્વિપક્ષીય સંબંધોને વધારવાના રસ્તાઓ પર ચર્ચા કરશે.

વડા પ્રધાન મોદી દ્વિપક્ષીય મુલાકાત પર બ્રુનેઈની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન છે. વડા પ્રધાને કહ્યું હતું કે હું બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા માટે સુલતાન હાજી હસનલ બોલકિયા અને શાહી પરિવારના અન્ય સભ્યો સાથેની તેમની બેઠકોની રાહ જોઈ રહ્યો છું.

વિદેશ મંત્રાલયે અગાઉ કહ્યું હતું કે આ મુલાકાત બ્રુનેઈ સાથે સંરક્ષણ સહયોગ, વેપાર અને રોકાણ, ઊર્જા, અવકાશ ટેકનોલોજી, આરોગ્ય સહયોગ, ક્ષમતા નિર્માણ, સંસ્કૃતિ તેમજ લોકો વચ્ચેના તમામ હાલનાં ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહકાર વધારશે. નવાં ક્ષેત્રોમાં સહકારની તકો શોધવામાં આવશે.

બ્રુનેઈથી વડાપ્રધાન મોદી બુધવારે સિંગાપોર જશે, જ્યાં તેઓ રાષ્ટ્રપતિ થર્મન શનમુગરત્નમ, વડા પ્રધાન લોરેન્સ વોંગ, વરિષ્ઠ મંત્રીઓ લી સીન લૂંગ, ગોહ ચોક ટોંગ સાથે મુલાકાત કરશે. વડા પ્રધાન સિંગાપોરના વેપારી સમુદાયના નેતાઓને પણ મળશે.

મોદીએ કહ્યું, બંને દેશો (સિંગાપોર અને બ્રુનેઈ) અમારી 'એક્ટ ઈસ્ટ' નીતિ અને ઈન્ડો-પેસિફિક માટેના વિઝનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદારો છે. મને વિશ્વાસ છે કે મારી યાત્રાઓથી બ્રુનેઈ, સિંગાપોર અને ગ્રેટર આસિયાન પ્રદેશ સાથેની અમારી ભાગીદારીને વધુ મજબૂત બનાવશે. ■

કૉંગોમાં જેલ તોડીને ભાગવાનો પ્રયાસ, ભાગદોડમાં ૧૨૯ કેદીનાં મોત

કિંશાસાઃ કૉંગોની રાજધાની કિંશાસાની મકાલા જેલમાંથી ૧૨૯ કેદીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા. પોતાને કેદમાંથી મુક્ત કરવાના તેમના પ્રયાસમાં તેમને જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. આમાંના કેટલાક કેદીઓ ભાગદોડમાં મૃત્યુ પામ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે કૉંગોની રાજધાનીમાં મકાલા જેલમાંથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે ઓછામાં ઓછા ૧૨૯ કેદીઓ મૃત્યુ પામ્યા હતા.

કૉંગોના આંતરિક મામલાના મંત્રી જૈકિવમિન શબાનીએ, 'સોશિયલ પ્લેટફોર્મ એક્સ' પર જણાવ્યું

હતું કે મળતી જાણકારી અનુસાર, સોમવારે સવારે કિંશાસામાં મકાલા જેલમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહેલા ૨૪ કેદીઓની ચેતવણી બાદ ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. બાદમાં કેટલાક કેદીઓ ફાયરિંગ બાદ મચેલી ભાગદોડમાં માર્યા ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ મૃત્યુઆંક હજુ વધી શકે છે.

અહેવાલો અનુસાર, કૉંગોની મકાલા જેલમાં ૧,૫૦૦ કેદીઓ રાખવામાં આવી શકે છે અને હાલમાં આ જેલમાં ૧૨,૦૦૦ થી વધુ કેદીઓ છે, જેમાંથી મોટાભાગના તેમના ટ્રાયલની રાહ જોઈ રહ્યા છે. સ્થાનિક લોકોએ જણાવ્યું કે રવિવારે મધરાતથી સોમવારે સવાર સુધી જેલની અંદર ગોળીબાર ચાલુ રહ્યો હતો. આ ઘટના અંગે એક વરિષ્ઠ સરકારી અધિકારીએ અગાઉ કહ્યું હતું કે આ ઘટના દરમિયાન માત્ર બે લોકોના મોત થયા હતા, પરંતુ મંગળવારે સામે આવેલી માહિતી અનુસાર બે નહીં પરંતુ ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. જો કે, આ પહેલીવાર નથી જ્યારે કેદીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો હોય. આ પહેલા પણ અનેક કેદીઓએ આ જેલમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. ■

રેસ્ક્યુ ઑપરેશનઃ તાપી જિલ્લામાં ભારે વરસાદને કારણે નદીના જળસ્તરમાં વધારો થયા બાદ વાલ્મીકિ નદીના પ્રવાહમાં ફસાયેલા બે યુવકને બચાવવા ડિસ્ટ્રિક્ટ ઍડમિનિસ્ટ્રેશન ઍન્ડ સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર (એસઈઓસી) દ્વારા હેલિકૉપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (એજન્સી)

બિહારના અરરિયા જિલ્લામાં ત્રણ બાળકના 'ભેદી તાવ'ને લીધે મરણ

અરરિયા (બિહાર) : બિહારના અરરિયા જિલ્લાના રાણીગંજ ગામમાં છેલ્લા ત્રણ દિવસમાં ભેદી તાવને લીધે ઓછામાં ઓછા ત્રણ બાળકોનાં મરણ થયાં છે, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

મૃતક બાળકોના કુટુંબીજનોએ દાવો કર્યો હતો કે આ બાળકો એક્યુટ એન્સેફેલિટિઝ સિન્ડ્રોમ અથવા તો મગજના તાવને લીધે મરણ પામ્યાં છે. સ્થાનિક ભાષામાં આ બીમારીને 'ચમકી બુખાર' કહેવામાં આવે છે. જોકે જિલ્લા વહીવટીતંત્ર હજી પણ એમ કહે છે કે તબીબી નિષ્ણાતો આ બાળકોના મોતનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મૃતકોને રૌનક કુમાર (૪), અંકુશ કુમાર (૨) અને ગૌરી કુમાર (૭) તરીકે ઓળખવામાં આવ્યા હતા. રોનક કુમારનું મરણ શનિવારે થયું હતું. અંકુશ કુમાર અને ગૌરી કુમાર ભેદી તાવને લીધે અનુક્રમે રવિવારે અને મંગળવારે મરણ પામ્યાં હતાં. ગ્રામવાસીઓએ દાવો કર્યો હતો કે વધુ બાળકો આ ભેદી તાવથી પીડાય છે અને તેમને નજીકની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અરરિયાના જિલ્લા મેજિસ્ટ્રેટ ઈનાયત ખાને કહ્યું હતું કે હા, એ વાત સાચી છે કે રાણીગંજ ગામમાં ત્રણ બાળકો છેલ્લા ત્રણ દિવસમાં મરણ પામ્યાં છે. તેમના કુટુંબીજનો કહે છે કે તેમને કફ, શરદી અને ન્યુમોનિયા જેવાં લક્ષણો દેખાયાં હતાં. તબીબી નિષ્ણાતની ટીમને ગામમાં મોકલવામાં આવી છે અને ટીમ કફ, શરદી અને ન્યુમોનિયા જેવાં લક્ષણો ધરાવતાં બીજા બાળકોને પણ શોધી કાઢશે. સિવિલ સર્જ્યન પરિસ્થિતિ પર નજર રાખે છે. આ જ ગામના બીજા ત્રણ બાળકોમાં આવાં જ લક્ષણો દેખાતા તેમને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. (એજન્સી)■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

સંઘ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની તરફેણમાં કે વિરોધમાં?

લોકસભાની ચૂંટણી પહેલાંથી દેશમાં જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીનો મુદ્દો ગાજી રહ્યો છે અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરાવવાની ઘસીને ના પાડી ચૂકી છે ત્યારે ભાજપના પિતૃ સંગઠન મનાતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ભાજપની હાલત કફોડી કરી નાખી છે. કેરળના પલક્કડમાં સંઘ પરિવારનાં સંગઠનોની સમન્વય બેઠક મળેલી.

આ સમન્વય બેઠકના સમાપન પછી સંઘે ગોળ ગોળ વાતો કરવાની ને કોઈ પણ મુદ્દે સ્પષ્ટ વલણ નહીં લેવાની પરંપરાને જાળવીને એક તરફ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીને ટેકો આપીને કહ્યું છે કે, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીનો ઉપયોગ કલ્યાણકારી હેતુઓ માટે કરી શકાય છે તેથી તેના વિશે વિચારવું જોઈએ. બીજી તરફ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીને દેશની એકતા અને અખંડિતતા માટે જોખમી પણ ગણાવી છે.

સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે કહ્યું કે, હિંદુ ધર્મ માટે જ્ઞાતિ ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે તેથી ચૂંટણીથી પર ઊઠીને આ મુદ્દા પર ચર્ચા થવી જોઈએ. કોઈના વિકાસ માટે જરૂરી હોય તો જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી થવી જોઈએ પણ માત્ર રાજકીય લાભ લેવા ખાતર જ્ઞાતિ આધારિત વસતી ગણતરી ના કરી શકાય.

આંબેકરે કરેલી વાતોના કારણે ભાજપ તો મૂંઝાઈ જ ગયો છે પણ સંઘના સમર્થકો પણ ગોટે ચડી ગયા છે કેમ કે સંઘે ફોડ પાડીને જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરાવવી જ જોઈએ એવું કહ્યું નથી ને ના કરાવવી જોઈએ એવું પણ કહ્યું નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ્ઞાતિ આધારિત ગણતરીને એક સંવેદનશીલ મુદ્દો ગણાવીને જ્ઞાન પિરસ્યું છે કે, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સમાજની એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકી શકે છે. આ વાત સાચી છે પણ એમ તો સંઘના પીઠ્ઠુ જે પ્રકારનું હિંદુત્વ પિરસી રહ્યા છે તેના કારણે પણ સમાજની એકતા અને અખંડિતતા જોખમમાં છે જ. તો સંઘ એ બધું બંધ કરશે ?

સંઘના કહેવા પ્રમાણે, જ્ઞાતિને લગતી બાબતોમાં આપણે ત્યાં આકરી પ્રતિક્રિયાઓ આવે છે તેથી આ આપણા સમાજમાં એક સંવેદનશીલ મુદ્દો છે. અલબત્ત લોકહિત, લોકકલ્યાણ યોજનાઓ બનાવવા માટે જ્ઞાતિવાર વસતી જાણવા માટે સરકારને તેમની ગણતરી કરાવવાનો અધિકાર છે.

સંઘે તો તમામ રાજકીય પક્ષોને વણમાગી સલાહ પણ આપી કે, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીનો ઉપયોગ સત્તા મેળવવા અને ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે થવો જોઈએ નહીં, પરંતુ કલ્યાણકારી હેતુઓ માટે થવો જોઈએ. ખાસ કરીને દલિત સમુદાયની સંખ્યા જાણવા માટે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી કરી શકાય છે.

સંઘનું નિવેદન એ વાતનો પુરાવો છે કે, સંઘ તેની આદત પ્રમાણે કોઈ પણ મુદ્દે તડ ને ફડ કરીને સ્પષ્ટ નિર્ણય લેવાની મર્દાનગી હજુ કેળવી શક્યો નથી ને તેની પાસેથી એવી આશા રાખવા જેવી નથી. સંઘમાં ઓબીસીને નારાજ કરવાની હિંમત નથી તેથી તેણે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના મુદ્દાને દલિતોની વસતી જાણવા સાથે જોડી દીધો.

વાસ્તવમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરીને દલિતો સાથે કંઈ લેવાદેવા જ નથી, બલ્કે અન્ય પછાત વર્ગ (ઓબીસી) સાથે આ મુદ્દો જોડાયેલો છે. ભારતમાં જે વસતી ગણતરી થાય છે તેમાં દલિતો અને આદિવાસીઓની અલગથી ગણતરી થાય જ છે. વસતી ગણતરીમાં દલિત કે આદિવાસી છો કે નહીં એ સવાલ જ હોય છે. જવાબ હા હોય તો દલિત છો કે આદિવાસી એ સવાલ પૂછીને બંનેનું વર્ગીકરણ કરી દેવાય છે એટલે દલિતોની સંખ્યા જાણવા માટે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની જરૂર જ નથી.

સંઘના નેતા અભ્યાસુ છે અને તેમને આ વાતની ખબર ના હોય એ શક્ય નથી છતાં આ વાત કેમ કરી ? કેમ કે જ્ઞાતિ આધારિત વસતી ગણતરી યોગ્ય નથી એવું કહે તો ઓબીસી નારાજ થઈ જાય. સંઘ સાથે જોડાયેલા કાર્યકરોમાં સવર્ણોનું પ્રમાણ વધારે છે પણ ઓબીસી સ્વયંસેવકોની સંખ્યા પણ નાની નથી. સંઘ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરવા જાય તો ઓબીસી નારાજ થઈ જાય એટલે દૂધ ને દહીં બંનેમાં પગ રાખવા દલિતોના નામે નિવેદન ફટકારી દીધું. તેનું સીધું અર્થઘટન એ જ થયું કે, સંઘ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની તરફેણ કરે છે. આ અર્થઘટન ખોટું પણ નથી કેમ કે સંઘ વસતી આધારિત વસતી ગણતરીનો વિરોધ પણ ક્યાં કરે છે ?

સંઘના નિવેદને ભાજપની હાલત એ રીતે બગાડી છે કે, ભાજપ સરકાર જ્ઞાતિ આધારિત વસતી ગણતરી માટે જરાય તૈયાર નથી. લોકસભાની ચૂંટણી પહેલાં ૧૦ માર્ચે રાજ્યસભામાં ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે કહ્યું હતું કે આઝાદી પછી કેન્દ્ર સરકારે એક નીતિ વિષયક નિર્ણય લીધો હતો કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (SC અને ST)ની વસ્તી ગણતરી સિવાય બીજી કોઈ જ્ઞાતિની વસતીની ગણતરી કરાવવામાં આવશે નહીં. એ પહેલાં પણ સરકારે આ જ વલણ અપનાવ્યું છે. જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનો મુદ્દો સૌથી વધારે બિહારમાં મહત્ત્વનો છે. નીતિશ કુમાર તો સર્વપક્ષીય પ્રતિનિધિમંડળને લઈને દિલ્હી આવેલા અને જ્ઞાતિ આધારિત વસતી ગણતરી માટે રજૂઆત પણ કરેલી પણ મોદી સરકારે મચક નહોતી આપી.

કૉંગ્રેસે લોકસભાની ચૂંટણી પહેલાં આ મુદ્દો ઉપાડી લઈ દેશભરમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની માગ કરી હતી. આ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીના આધારે એસસી, એસટી અને ઓબીસી માટે અનામત વધારવાનું વચન પણ રાહુલ ગાંધીએ આપ્યું છે. ટૂંકમાં આ મુદ્દો કૉંગ્રેસનો છે અને હવે સંઘના કારણે ભાજપ તેને સ્વીકારે તો ભાજપ માટે થૂંકેલું ચાટ્યા જેવી હાલત થાય તેથી ભાજપની હાલત કફોડી છે.

મજાની વાત એ છે કે સંઘે ફોડ પાડીને જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની તરફેણ ના કરી તેનું કૉંગ્રેસે અલગ અર્થઘટન કર્યું છે. કૉંગ્રેસે કહ્યું છે કે, સંઘે જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરીનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. સંઘ કહે છે કે, જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી સમાજ માટે સારી નથી અને આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભાજપ અને આરએસએસ જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી કરવા માગતા નથી. સંઘ અને ભાજપ દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને તેમના અધિકારો આપવા માગતા નથી પણ લખી રાખો કે જ્ઞાતિ આધારિત વસ્તી ગણતરી થશે અને કૉંગ્રેસ જ કરાવશે.

ભાજપ માટે આ પ્રચાર પણ માથાનો દુઃખાવો બનશે.

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), બુધવાર, તા. ૪-૯-૨૦૨૪, ભાદ્રપદ શુક્લ પક્ષ પ્રારંભ, રામદેવપીરના નોરતા પ્રારંભ, મહાવીર સ્વામી જન્મવાંચન

- ભારતીય દિનાંક ૧૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૩ (તા. ૫મી) સુધી, પછી હસ્ત.
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯-૫૪ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ) કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૨-૪૭, મધ્યરાત્રે ક. ૦૦-૫૮
- ઓટઃ સાંજે ક. ૧૮-૪૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – પ્રતિપદા. ભાદ્રપદ શુક્લ પક્ષ શરૂ, ચંદ્રદર્શન, મૌનવ્રતારંભ, રુદ્ર વ્રત, રામદેવપીરના નોરતા પ્રારંભ, મહાવીર સ્વામી જન્મવાંચન, બુધ સિંહમાં ક. ૧૧-૪૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવ પૂજન, અર્થમ્માં પૂજન, પીપળાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. સ્થિર પ્રકારના કાર્યો બેન્ક એકાઉન્ટ ખોલાવવું, મિત્રતા કરવી. ડિમેટ એકાઉન્ટ ખોલાવવું, મુંડન કરાવવું નહીં. નવા વસ્રો, આભૂષણ, દુકાન વેપાર, નોકરી, દસ્તાવેજ, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નવી તિજોરીની સ્થાપના શ્રી ગણેશ, શિવપાર્વતી પૂજા વિશેષરૂપે.
- ભાદ્રપદ માસ સંક્ષિપ્તઃ તા. ૪ સપ્ટે.થી ૨ ઓક્ટો.ના ભાદ્રપદ શુક્લપક્ષમાં તિથિની ક્ષય-વૃદ્ધિ નથી. દિવસ-૧૫, કૃષ્ણપક્ષમાં એકમનો ક્ષય દિવસ-૧૪ એમ ૨૯ દિવસનો આ માસ છે. આ માસમાં તા. ૧૮મી પૂનમના રોજ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ છાયા પ્રકારનો હોય વેદાદિ નિયમ પાળવાના નથી. તા. ૨જીએ સર્વપિતૃ અમાસનું કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું ન હોય પાળવાનું નથી. ભાદ્રપદમાં મુખ્ય પર્વો તા. ૭થી શ્રી મહાગણેશ ચતુર્થી જે તા. ૧૭ સુધી મહાપર્વ તરીકે મનાવવામાં આવશે. તા. ૧૭મીએ અનંત ચતુર્દશી પર્વ છે. તા. ૧૮મીથી ૨ ઓક્ટો. શ્રાદ્ધ, પિતૃપક્ષ છે. તા. ૪થીએ બુધવારે પ્રતિપદાના રોજ ચંદ્રદર્શન થાય છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારવાળાં, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, શુક્ર-રાહુ પ્રતિયુતિ મર્યાદિત લાગણીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, શુક્ર-રાહુ પ્રતિયુતિ (તા. ૫),
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

મમતા બેનરજીએ કરી વડા પ્રધાન, ગૃહ પ્રધાન અને ભાજપશાસિત રાજ્યના મુખ્ય પ્રધાનોના રાજીનામાની માગણી

કોલકાતાઃ બળાત્કારવિરોધી ઓછા અસરકારક કાયદા મહિલાઓની સુરક્ષા ન કરી શકતા હોવાનું જણાવી પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપશાસિત રાજ્યના મુખ્ય પ્રધાનોના રાજીનામાની માગણી કરી હતી.

જે રાજ્યના મુખ્ય પ્રધાન મહિલાઓની સુરક્ષા માટેના વધુ અસરકારક અને કડક કાયદાને અમલમાં ન મૂકી શક્યા હોય તેમણે રાજીનામું આપી દેવું જોઈએ, એમ મમતા બેનરજીએ કહ્યું હતું.

અપરાજિતા વુમન ઍન્ડ ચાઈલ્ડ (વૅસ્ટ બેંગાલ ક્રિમિનલ લૉ ઍન્ડ ઍમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪ને વિધાનસભામાં રજૂ કર્યા બાદ બોલતાં મમતા બેનરજીએ કહ્યું હતું કે પ્રસ્તાવિત કાયદાનું લક્ષ્ય ગુનાને મામલે તાત્કાલિક તપાસ, ઝડપી ન્યાય અને ગુનેગારની સજા વધારવાનું છે.

કોલકાતાની ટ્રેઈની ડૉક્ટરના બળાત્કાર અને હત્યાને મામલે ભાજપના વિધાનસભ્યોએ મંગળવારે ગૃહમાં ભારે ધાંધલધમાલ મચાવી દીધી હતી.

ભાજપના વિધાનસભ્યોએ મમતા બેનરજીના રાજીનામાની માગણી કરી હોવા વચ્ચે બેનરજીએ પ્રસ્તાવિત કાયદાને મંજૂરી આપવા આડે અવરોધ ઊભો કરવાને મામલે વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીના રાજીનામાની માગણી કરી હતી.

કેન્દ્ર સરકાર વર્તમાન કાયદામાં સુધારો કરે અને ગુનેગારોને વધુ કડક અને દૃષ્ટાંતરૂપ સજા થાય તેમ જ અસરગ્રસ્તને વહેલો ન્યાય મળે તેની ખાતરી કરતી કલમનો તેમાં ઉમેરો કરવામાં આવે એવું અમે ઈચ્છતા હતા, પરંતુ કેન્દ્ર સરકારે એ મામલે કોઈ જ ઉત્સાહ નથી દાખવ્યો એમ જણાવતાં મમતા બેનરજીએ કહ્યું હતું કે આ કારણે જ અમે પહેલ કરી છે. એકવાર આ કાયદો ઘડી કાઢવામાં આવશે તો તે દેશનાં અન્ય રાજ્યો માટે દૃષ્ટાંતરૂપ બનશે.

બળાત્કાર એ માનવતા માટે અભિશાપ છે અને આ પ્રકારના ગુનાને રોકવા સામાજિક સુધારાની જરૂર છે, એમ તેમણે કહ્યું હતું.

એક વખત આ પ્રસ્તાવિત કાયદાને મંજૂરી મળી જશે ત્યાર બાદ રાજ્ય સરકાર આવા ગુનાઓની તપાસ નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી કરી શકાય તે માટે રાજ્ય પોલીસ દળમાં સ્પેશિયલ અપરાજિતા ટાસ્ક ફોર્સની રચના કરશે, એમ તેમણે કહ્યું હતું.

પ્રસ્તાવિત કાયદાને ઐતિહાસિક લેખાવતા મમતા બેનરજીએ કહ્યું હતું કે આ કાયદા મારફતે અમારી સરકારે અસરગ્રસ્તોને ઝડપી ન્યાય અને દોષીઓને કડક સજા કરવાને લગતા કેન્દ્ર સરકારના વર્તમાન કાયદામાં રહેલાં છીંડાં પૂરવાનો પ્રયાસ કર્યો છે.

ભાજપના વિધાનસભ્યોએ મમતા બેનરજીના રાજીનામાની માગણી સાથે ગૃહમાં સૂત્રોચ્ચાર કર્યા હોવા અંગે બોલતાં મમતા બેનરજીએ કહ્યું હતું કે ભાજપના વિધાનસભ્યો જે મુદ્દે મારાં રાજીનામાની માગણી કરી રહ્યા છે એ જ મુદ્દે જો હું વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરું અને મોદી તેમ જ ગૃહ પ્રધાન અમિત શાહના રાજીનામાંની માગણી કરું તો? (એજન્સી)

ઉત્તરાખંડના નંદનગરમાં ચાર જણ કરતાં વધુ લોકો એકઠા થવા પર પ્રતિબંધિત આદેશ

નવી દિલ્હીઃ પુરુષે કિશોર વયની છોકરી સામે કરેલી બીભત્સ ચેષ્ટાને પગલે નિર્માણ પામેલી તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના નંદનગર વિસ્તારમાં ચાર જણ કરતાં વધુ લોકો એકઠા થવા પર પ્રતિબંધિત આદેશ આપવામાં આવ્યો હોવાનું વરિષ્ઠ અધિકારીએ મંગળવારે કહ્યું હતું.

આરોપી આરિફ ખાનને મંગળવારે કૉર્ટ ઑફ સ્પેશિયલ સેસન્સ ઍન્ડ ડિસ્ટ્રિક્ટ જજ ધરમ સિંહ સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. જજ ધરમ સિંહે આરિફ ખાનને ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી આપી હતી.

આ સમયગાળા દરમિયાન આરિફ ખાનને પરસારી જિલ્લા જેલમાં રાખવામાં આવશે, એમ સ્પે. પબ્લિક પ્રોસિક્યૂટર રાકેશ મોહન પંતે કહ્યું હતું.

ચમોલીના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રાજકુમાર પાન્ડેએ કહ્યું હતું કે રહેવાસીઓમાં ફેલાયેલા ભય અને તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૩૩ અંતર્ગત નંદનગર તેમ જ તેની આસપાસના ૨૦૦ મીટર ત્રિજિયાના તણાવપૂર્ણ વિસ્તારમાં પ્રતિબંધિત આદેશ આપવામાં આવ્યો છે. સોમવાર સાંજથી આ આદેશ અમલી બનાવવામાં આવ્યો છે.

હજામની દુકાન ચલાવતા આરિફ ખાને પહેલી સપ્ટેમ્બરે એક કિશોરીને જોઈને બીભત્સ ચાળો કર્યો હોવાની જાણ થતાં સ્થાનિક લોકો તેનો વિરોધ કરવા રસ્તા પર આવી ગયા હતા અને દુકાનોમાં તોડફોડ કરી હતી. જોકે આરોપીની રવિવારે રાત્રે ઉત્તર પ્રદેશના બીજનોરથી ધરપકડ કરવામાં આવી હોવા છતાં સોમવારે પણ વિરોધ પ્રદર્શન ચાલુ જ રહ્યું હતું. વિસ્તારની સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રએ પ્રતિબંધિત આદેશ આપ્યો હતો. (એજન્સી)

જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીના પ્રથમ ચરણને પખવાડિયું બાકી

ભાજપ અને કૉંગ્રેસે હજી ચૂંટણીઢંઢેરો બહાર નથી પાડ્યો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : દસ વર્ષ પછી યોજાતી જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં સત્તા હાંસલ કરવા મોટા ભાગના પક્ષોએ પોતાનો ચૂંટણીઢંઢેરો બહાર પાડ્યો છે, પરંતુ બે મોટા પક્ષો ભાજપ અને કૉંગ્રેસે હજી આમ કર્યું નથી.

જનતાના મંતવ્યો જાણતા હોવા છતાં આ બેમાંથી કોઈ પક્ષે મતદાતાઓને લેખિતમાં કોઈ વચન આપ્યા નથી. નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) અને જમ્મુ-કાશ્મીર જેવા પ્રાદેશિક પક્ષોએ પોતાનું ઘોષણાપત્ર જાહેર કર્યું છે. વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કા ૧૮ અને ૨૫ સપ્ટેમ્બર તથા પહેલી ઓક્ટોબરે યોજાવાની છે. ચૂંટણી તૈયારીને લાગેવળગે છે ત્યાં સુધી સ્થાનિક પક્ષોએ રાષ્ટ્રીય પક્ષો પર સરસાઈ મેળવી છે. કૉંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે યુતિ કરી છે, પરંતુ તે ઉમેદવારોની પસંદગી અને ચૂંટણીઢંઢેરાને લાગેવળગે છે ત્યાં સુધી પાછળ છે.

કૉંગ્રેસના સૂત્રોએ માહિતી આપી હતી કે પક્ષમાં એ અંગે મતભેદ પ્રવર્તે છે કે કેવા વચનો આપવા જેમ કે બેકારીનો સામનો કરવાની નીતિઓ અને અસ્થાયી કર્મચારીઓને નિયમિત કરવા. સ્માર્ટ મીટર અને વીજળીના વધતા બિલ પણ મહત્ત્વના મુદ્દા બની ગયા છે.

ચૂંટણી ઢંઢેરાનો મુસદ્દો તૈયાર કરવા કૉંગ્રેસે પહેલાં લોકો પાસેથી સૂચનો મગાવ્યા હતા. જોકે મળેલા ઈનપુટ ઢંઢેરામાં પરિવર્તિત થયા નહોતા. કૉંગ્રેસે યુવાનો, મહિલાઓ, વેપારીઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓ પાસેથી ફીડબેક મેળવવા ચાર સમિતિની રચના કરી હતી. કૉંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપી હતી કે આ સમિતિઓએ જિલ્લા સ્તરે ચર્ચા કરી અને જનતાની ચિંતાઓની એક વ્યાપક સૂચિ તૈયાર કરી. જોકે આને હજી ઔપચારિક ઘોષણાપત્રમાં સ્થાન મળ્યું નથી.

ચીનમાં બસે વિદ્યાર્થીઓ અને વાલીઓને મારી ટક્કર, ૧૧નાં મોત

બેઇજિંગઃ પૂર્વ ચીનમાં એક દર્દનાક અકસ્માતમાં ૧૧ લોકોનાં મોત થયાં હતાં. અહીં મંગળવારે વહેલી સવારે બનેલી આ ઘટનામાં એક બસે વિદ્યાર્થીઓ અને વાલીઓને ટક્કર મારી હતી, જેમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા હતા જ્યારે ૧૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અકસ્માત શાળાના ગેટ પાસે થયો હતો.

ડોંગપિંગ કાઉન્ટી પોલીસ વિભાગે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા પૂર્વી પ્રાંત શેનડોંગના તાઈઆન શહેરમાં એક શાળાના મુખ્ય દરવાજા પર સવારે સાડા સાત વાગ્યે ઊભા થયા હતા. દરમિયાન બસે તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં છ વાલીઓ અને પાંચ વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં. જ્યારે ૧૩ લોકો ઘાયલ થયા છે.

ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આરોપી બસ ડ્રાઈવરને કસ્ટડીમાં લઈ તપાસ શરૂ કરાઇ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બસ વિદ્યાર્થીઓને લઈ જવા માટે તૈયાર કરવામાં આવી હતી. જોકે, પોલીસ વિભાગે એ જણાવ્યું નથી કે બસ ચલાવવા પાછળ કોણ જવાબદાર છે. વિદ્યાર્થીઓને લઈ જવા માટે ભાડે રાખેલી બસે અચાનક નિયંત્રણ ગુમાવ્યું હતું.

ફિલીપીન્સમાં 'યાગી' તોફાને મચાવી તબાહી, ૧૪ના મોત

મનીલાઃ ઉત્તર ફિલીપીન્સમાં મંગળવારે આવેલા શક્તિશાળી વાવાઝોડાને કારણે પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૪ લોકોનાં મોત થયાં છે. ડિઝાસ્ટર રિસ્પોન્સ અધિકારીઓએ આ અંગે માહિતી આપી હતી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઉષ્ણકટિબંધીય વાવાઝોડું 'યાગી' ઇલોકોસ નોર્ટે પ્રાંતના પાઓય શહેરમાંથી પસાર થતાં ૭૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ ચીન સમુદ્રમાં અથડાયું હતું અને તેના પવનની ગતિ ૧૨૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પહોંચી ગઇ હતી. સમુદ્રથી ઉત્તર-પશ્ચિમ દિશામાં દક્ષિણ ચીનની તરફ વધતા દરમિયાન 'યાગી' ચક્રવાતનું રૂપ ધારણ કરે તેવી સંભાવના છે.

ઉત્તર ફિલીપીન્સમાં મોટાભાગના પ્રાંતો માટે તોફાનની ચેતવણી જાહેર કરવામાં આવી છે. લોકોને વરસાદથી પ્રભાવિત પહાડી ગામમાં ભૂસ્ખલન અને દેશના સૌથી વધુ જનસંખ્યા ધરાવતા ક્ષેત્ર લૂઝોન નીચાણવાળા વિસ્તારોમાં વરસાદના ખતરાની ચેતવણી આપવામાં આવી છે. સ્થાનિક સ્તર પર 'એનટેંગ' નામથી ઓળખાતા 'યાગી' તોફાનથી ફિલીપીન્સમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગીચ વસ્તીવાળા મનીલા અને લૂઝોનમાં મુશળધાર વરસાદને કારણે મંગળવારે શાળાઓ અને સરકારી કચેરીઓ બંધ રહી હતી.

એન્ટિપોલો ડિઝાસ્ટર મિટિગેશન ઓફિસર એનરિલિટો બર્નાર્ડો જૂનિયરે જણાવ્યું હતું કે ઉત્તર અને મધ્ય પ્રાંતોમાં ભૂસ્ખલન, પૂર અને નદીઓમાં પૂરના કારણે ઓછામાં ઓછા ૧૪ લોકોનાં મોત થયાં છે. એનરિલિટો બર્નાર્ડો જૂનિયરે જણાવ્યું હતું કે પૂરના પાણી ઘરોમાં ઘૂસી જવાના કારણે ચાર ગ્રામીણો ગુમ થયા હોવાના અહેવાલ છે.

બચાવ કામગીરીઃ વિજયવાડામાં ભારે વરસાદને કારણે પૂરની પરિસ્થિતિ નિર્માણ થયા બાદ અસરગ્રસ્ત વિસ્તારમાંથી લોકોને અન્યત્ર ખસેડી રહેલા એનડીઆરએફના અધિકારીઓ. (એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

પશ્ચિમ બંગાળ

નાણાકીય દંડની જોગવાઈઓ પણ હશે. આ બિલમાં બળાત્કાર સંબંધિત તપાસ પૂર્ણ કરવાની સમય મર્યાદા બે મહિનાથી ઘટાડીને ૨૧ દિવસ કરવાનો પ્રસ્તાવ છે. આ ઉપરાંત ચાર્જશીટ તૈયાર થયાના એક મહિનામાં આવા કેસમાં ચુકાદો આપવાનું કહેવામાં આવ્યું છે. આ બિલ હેઠળ જો કોઈ આવા કેસમાં કોર્ટની કાર્યવાહી સાથે સંબંધિત કોઈપણ માહિતી પ્રકાશિત કરે છે અથવા પીડિતાની ઓળખ જાહેર કરે છે તો તેને ત્રણથી પાંચ વર્ષની જેલની સજા થઈ શકે છે.

જો કે કાયદાકીય નિષ્ણાતોનું કહેવું છે કે વિધાનસભામાં બિલ પસાર કરવું પૂરતું નહીં હોય. આ સંબંધમાં કેન્દ્રીય કાયદાની કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે. તેથી તેને રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર પડશે. જ્યારે બંગાળ સરકારના આ નિર્ણયનો પણ વિરોધ થઈ રહ્યો છે. વિરોધ પક્ષો અને કાયદાકીય નિષ્ણાતો કહી રહ્યા છે કે આવા કેસ માટે રાષ્ટ્રીય સ્તરે કાયદામાં કડક જોગવાઈઓ છે.

હરિયાણામાં ટ્રકે

પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત થયો ત્યારે શ્રદ્ધાળુઓએ વિરામ લીધો હતો અને તેમનું વાહન સ્થિર હતું. બે મહિલા અને પંદર વર્ષના એક કિશોર સહિત આઠ જણ મરણ પામ્યા હતા અને બીજા દસને ઈજા થઈ હતી.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ઈજાગ્રસ્તોને જિન્દના નરવાનાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને પછી હિસાર ખસેડવામાં આવ્યા હતા. કેસ નોંધવામાં આવ્યો છે અને ટ્રક જપ્ત કરાઈ હતી. મૃતકો અને ઈજાગ્રસ્તો કુટુંબીજનો જ છે. (એજન્સી)

ભરૂચના વાલિયા તાલુકામાં

પાણીની આવક ૧.૪૭ લાખ ક્યુસેક છે અને જાવક ૧.૬૩ લાખ ક્યુસેક જેટલી નોંધાય છે. ઉકાઈ ડેમમાંથી સતત પાણી છોડવામાં આવતા તાપી નદી તેના સપાટી ઉપર બંને કાંઠે વહી રહી છે.

બીજી બાજુ નર્મદા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદથી નર્મદા જિલ્લાની હદમાં આવેલા આંતરિક રસ્તાઓ સહિત કુલ ૧૪૪૧.૫૩ કિ.મીના માર્ગો પૈકી જિલ્લામાં તાજેતરમાં વરસેલા ભારેથી અતિ ભારે વરસાદના કારણે ૪૮.૪૩ કિ.મીના માર્ગોને નુકસાન થયું હતું. રાજપીપલા માર્ગ અને મકાન વિભાગના રાજ્ય હસ્તક નર્મદા જિલ્લામાં કુલ ૩૨૮.૭૨૫ કિ

ગુજરાતમાં બે કરોડ સભ્ય બનાવાશેઃ ભાજપના સદસ્યતા અભિયાનનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જે દર છ વર્ષે સદસ્યતા પૂર્ણ કરી નવા સદસ્યતા બનાવવાની પ્રક્રિયા કરે છે. ગઇકાલે સોમવારે નવી દિલ્હી ખાતે વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સદભ્ય બની આ અભિયાનનો આરંભ કરાવ્યો છે. ગુજરાતમાં આ વખતે બે કરોડ જેટલા સભ્ય બનાવવા પ્રયાસ કરીશું એવું ગુજરાતમાં ભાજપના સદસ્ય અભિયાનનો પ્રારંભ કરાવતા ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે જણાવ્યું હતું.

અમદાવાદ ખાતે પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પાટીલે વધુમાં જણાવ્યું હતુ કે, આગામી ૧૫ અને ૧૬ તારીખે વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. ત્રીજી વખત વડા પ્રધાન બન્યા પછી પહેલી વખત ગુજરાત પધારી રહ્યા હોય ત્યારે નરેન્દ્રભાઇ મોદીનું ભવ્ય સ્વાગત કરી સંગઠનની એકતા બતાવવાનો પ્રયાસ કરીશું. દેશમા ભારતીય જનતા પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જે પક્ષના બંધારણ મુજબ અક્ષરશઃ લોકતાંત્રિક પ્રક્રિયાનું પાલન કરી કાર્યકર્તાઓનો વિસ્તાર કરી રહી છે.

પાટીલે વધુમાં જણાવ્યું કે, પ્રાથમિક સભ્યો અને પેજ સમિતિના સભ્યો વચ્ચેના તફાવત અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી. લોકસભા અને વિધાનસભામા ૩૩ ટકા અનામતનો લાભ મળવાનો છે ત્યારે મહિલાઓ પણ સંગઠનમાં ૩૩ ટકાના ભાગીદાર બને અને અંદાજે ૬૬ લાખ જેટલા સભ્યો મહિલાઓ બને તેવો પ્રયાસ કરવામાં આવે.

આ પ્રસંગે સદસ્યતા મેળવ્યા પછી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, આપણે કાર્યકર્તા ભારતીય જનતા પાર્ટીના છીએ તેનું ગૌરવ આપણને છે. દેશને પ્રથમ રાખી સેવાકીય કાર્યો કરે તે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ છે. સામાન્ય કાર્યકરથી સતત ત્રીજી વખત દેશના વડા પ્રધાન બનવું તે ભારતીય જનતા પાર્ટીમા જ થઇ શકે. ■

તાપી નદીનું રોદ્ર સ્વરૂપઃ હાઈવે પર પાણી ભરાયાં, વાલિયામાં અનેક ગામો સંપર્ક વિહોણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં ફરી એકવાર છેલ્લા બે દિવસથી ભારે વરસાદ શરૂ થતા તાપી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. નદી આસપાસના રસ્તાઓ અને વિસ્તારોમાં નદીના પાણી ઘૂસી ગયાં હતાં. બીજી બાજુ ભરૂચના વાલિયામાં આજે સવાર સુધીના છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ ઇંચ બાદ બપોર સુધીમાં વધુ સાત ઇંચ વરસાદ વરસતા આખો તાલુકાઓ જળબંબોળ થયો હતો. અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઇ ગયા હતા તેમજ ૧૦૦થી વધુ લોકો ફસાયાં હતાં જ્યારે મોટા ભાગના ગામો સાથેનો વાહનવ્યહવાર બંધ થઇ ગયો હતો.

સુરતમાં રાજ્ય ધોરી માર્ગ પાણીમાં ગરકાવ થયો હતો. કોસંબાથી માંગરોળ જતા માર્ગ અને ધોરી માર્ગ પર કીમ નદીના પાણી ફરી વળ્યા હતા. સિમોદ્રા ગામ નજીક મુખ્ય રોડ પર પાણી ભરાતા પોલીસે રસ્તો બંધ કર્યો હતો. બીજી તરફ ભારે વરસાદના પગલે સુરતની તાપી નદીનું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. તાપી નદી ફરી બે કાંઠે વહેતી થઈ હતી. ત્યારે ઉકાઈ ડેમમાંથી તાપી નદીમાં ૧.૬૩ લાખ ક્યૂસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું હતું જ્યારે સુરતના માંડવીમાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે અને વાવ્યા ખાડીમાં પૂર આવતા પાણી ફરી વળ્યા હતા. કિમ રોડ પર નોગા ગામમાં પાણી ભરાયા છે. તડકેશ્વર ગામે બજારમાં વરસાદી પાણી ભરાયા હતા.

દરમિયાન ભરૂચના વાલિયામાં ભારે વરસાદ ખાબક્યો છે અને જેને પગલે ડહેલી ગામે ૮૭ લોકો સંપર્ક વિહોણા બન્યા હતા. કાછોટા ફળિયાની ચારે તરફ પાણી ફરી વળ્યાં છે અને ગામમાં કિમ નદીના પાણી ફરી વળતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં પ્રાંત અધિકારીએ સ્થળની મુલાકાત લીધી છે અને સમીક્ષા પણ કરી છે અને થોડા સમયમાં જ તંત્ર દ્વારા રેસ્ક્યૂ સહિતની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. ■

નર્મદા ડેમમાં ૧,૮૫,૯૮૧ ક્યૂસેક પાણીની આવકઃ૧૦ દરવાજા ખોલાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃનર્મદા નદીના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદને લીધે સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો થઇ રહ્યો છે. મંગળવારે બપોર સુધીમાં નર્મદાડેમમાં ૧,૮૫,૯૮૧ ક્યૂસેક પાણીની આવક થઈ રહી હતી. નર્મદાડેમના પાંચની જગ્યાએ ૧૦ દરવાજા ખોલાયા હતા. નર્મદા નદીમાં કુલ ૨,૦૫,૦૦૦ ક્યૂસેક છોડવામાં આવી રહ્યું છે.

નર્મદા જિલ્લા ઉપરાંત વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા હતા. ગઇકાલે સોમવારે તાપીના સોનગઢમાં નવ ઈંચ વરસાદ ખાબકતાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે, ઝાંખરી નદી ગાંડીતૂર બની છે. આ ઉપરાંત ડાંગની ખાપરી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. બીજી તરફ ડાંગમાં ભારે વરસાદથી નવસારી જિલ્લામાં પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. અંબિકા નદી ૨૯ ફૂટ ભયજનક સપાટી વટાવીને ૩૨ ફૂટ પર પહોંચી હતી. કાંઠા વિસ્તારનું ગોલગામ સંપર્ક વિહોણું બન્યું હતું. તેમજ ગણદેવીનાં ૧૬ ગામને એલર્ટ કરવામાં આવ્યા હતા.

ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી સોમવારે સાંજના ૪.૩૦ કલાકે સરદાર સરોવર બંધનાં ૧૦ દરવાજા ૧.૯૦ મીટર ખોલવામાં આવ્યા છે. ■

કચ્છમાં દિવસભર સામાન્ય વરસાદઃ રાપર પંથકમાં દોઢથી બે ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ બંગાળની ખાડીમાં ઉત્પન્ન થયેલી વરસાદી સિસ્ટમની અસર હેઠળ રાજ્યના ભરૂચ સહિતના મથકોમાં વરસી રહેલા આફતરૂપી વરસાદ વચ્ચે રણપ્રદેશ કચ્છમાં દિવસભર સમયાંતરે અડધાથી બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરમ્યાન ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

લીલા દુષ્કાળ ભણી આગળ વધી રહેલા રણપ્રદેશ કચ્છમાં છૂટોછવાયો વરસાદ વરસવાનું ચાલુ રહ્યું છે અને વીતેલા ૨૪ કલાક દરમ્યાન ભુજને બાદ કરતાં સર્વત્ર અડધાથી બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

રાપરમાં બે ઇંચ, અબડાસા અને નખત્રાણામાં એક, અંજાર તાલુકામાં અડધો ઇંચ, જયારે માંડવીમાં અડધોથી એક, જયારે ભુજ અને તેની આસપાસના વિસ્તારમાં ગોરંભાયેલા માહોલ વચ્ચે હળવા-ભારે ઝાપટાં સમયાંતરે વરસી રહ્યાં છે.

વાગડ પંથકમાં શરૂઆતમાં ધીમી ધારે વરસેલા વરસાદે ગતિ પકડી હતી અને બે-ત્રણ કલાકમાં અંદાજિત બે ઇંચ જેટલો વરસાદ પડતાં માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતાં. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાં હતાં. મુખ્ય બજાર, ચાવલા ચોક, જવાહર ચોક, ભારતનગરની બજાર, મહેશ્વરીનગર, સુંદરપુરી, ગણેશનગર, મણિનગર, ખોડિયારનગર, કાર્ગો વગેરે વિસ્તારોમાં પાણી ભરાઇ રહ્યાં હતાં.

ખેંગારપર ગામની વાડીઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતો હાલાકીમાં મુકાયા છે. તો તાલુકાના વણોઈ-સુવઈ ગામ વચ્ચેની પાપડી પર વરસાદી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર આંશિક પ્રભાવિત થયો છે. હાલમાં પડેલા ભારે વરસાદમાંથી બેઠા થવાનો પ્રયાસ કરી રહેલા આ વિસ્તારોમાં આજે પડેલા વરસાદથી ઊભરાતી ગટર સહિતની સમસ્યાઓ ફરી પાછી ઊભી થઇ હતી. ■

વડોદરા જિલ્લામાં પૂર બાદ રોગચાળો વકર્યો

હૉસ્પિટલમાં લાંબી લાઈનો લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં તાજેતરમાં અતિભારે વરસાદથી વિશ્વામિત્રી નદીના પૂર અને વરસાદી પાણી ભરાઇ જવાથી લોકો ચારથી પાંચ દિવસ ઘરમાં પૂરી રહેલા મજબૂર બન્યા હતા. સરકારની આરોગ્ય તપાસણી અને સારવારની ટીમો કામે લાગી હોવાના દાવાઓ વચ્ચે પણ શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માઝા મૂકી છે. શહેરમાં ઝાડા અને ઊલટીના પણ દૈનિક ૬૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દરદીઓના લાંબી લાઇન જોવા મળી રહી છે. શહેરમાં પૂરના પાણી ઓસર્યા બાદ સ્થિતિ હવે વધુ વિકટ બની છે. વાયરલ ફીવરના દૈનિક ૪૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. જો કે હજુ પણ મહાનગરપાલિકા દ્વારા રોગચાળાના આંકડા બહાર પાડવામાં આવ્યા નથી. જિલ્લામાં ઝાડા અને ઊલટીના પણ દૈનિક ૬૦૦થી વધુ કેસ નોંધાઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. દૂષિત પાણીના કારણે ચામડીના રોગમાં પણ વધારો થયો હોવાનું કહેવાય છે. ■

નર્મદા નદી સિઝનમાં ત્રીજી વાર બે કાંઠે વહેતા ચાંદોદના ચાર ગામ ઍલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા નદીના ઉપર વાસમાં ભારે વરસાદથી ડેમમાંથી છોડવામાં આવી રહેલા પાણીના લીધે સિઝનમાં ત્રીજી વાર નર્મદા નદી બે કાંઠે વહેલા લાગી છે. જેને પગલે ડભોઈ તાલુકાના તીર્થક્ષેત્ર ચાંદોદમાંથી પસાર થતી નર્મદા નદી સિઝનમાં ત્રીજીવારે બે કાંઠે વહેતી થતાં ચાર ગામને એલર્ટ કરવામાં આવ્યા છે.

ડભોઇ તાલુકાના યાત્રાધામ ચાંદોદમાંથી પસાર થતી નર્મદા નદી ત્રીજી વાર બે કાંઠે વહેતી થઇ છે. નર્મદામાં પાણી વધતા ડભોઇ, ચાંદોદ, કરનાળી, ભીમપુરા અને નંદેરિયાને એલર્ટ કરવામાં આવ્યા. આ સાથે જ કાંઠા વિસ્તારના લોકોને સાવચેતી રાખવા તલાટી અને સરપંચને સ્ટેન્ડ બાય રખાયા છે. તેમ જ નદી કિનારે અને વિવિધ ઘાટ ઉપર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે. દરમિયાન શિનોર તાલુકા ખાતે નર્મદા જિલ્લાના પોઈચાને જોડતો રંગસેતુ બ્રિજ પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. તાલુકાના સેગવા ચોકડી, રંગસેતુ બ્રિજ પર પોલીસ પોઇન્ટ ગોઠવવામાં આવ્યો હતો. ■

વાંસદામાં આશ્રમ શાળામાં વિદ્યાર્થિનીની છેડતી કરનારા આચાર્યની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃનવસારી જિલ્લાના વાંસદા તાલુકાના રાયબોર ગામે આવેલી આશ્રમ શાળામાં વિદ્યાર્થિનીની છેડતી કરનારા આચાર્યની પોલીસે ધરપકડ કરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ વાંસદા તાલુકાના રાયબોર ગામે આવેલા વાલ્મીકિ આશ્રમ શાળામાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની આશ્રમ શાળામાં જ રહે છે. શાળાના આચાર્ય ભૂપેશભાઈ વહીયા વિદ્યાર્થિનીનો હાથ પકડી છેડતી કરી હતી. આચાર્યએ સાથે કોઈને કહશે તો હું ખૂબ મારીશ અને તારી સર્ટિ ઉપર લાલ સેરો કરી આપીશ એવી ધમકી આપતો હતો. આ ઉપરાંત સૂવાના રૂમમાં પાછળ પાછળ જઈ લાજ લેવાના ઈરાદે વિદ્યાર્થિનીનો હાથ પકડી શારીરિક અડપલાં કરી છેડતી કરતો હતો. આ અંગે વિદ્યાર્થિનીએ તેના માતા-પિતાને જાણ કરતા પિતાએ વાંસદા પોલીસ મથકે આચાર્ય ભૂપેશભાઇ વહીયા વિરુદ્ધ ગુનો નોંધાવતા પોલીસે આચાર્યની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

દુબઈથી આયાત કરેલો ત્રણ કરોડના મૂલ્યનો સોપારીનો જથ્થો મુંદરા કસ્ટમે ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા બંદર પાસેના સીએફએસ સેન્ટરમાં ત્રાટકેલી મુંદરા કસ્ટમની એસઆઇઆઈબી ઇન્ટેલિજન્સે દુબઈથી ભારતમાં દાણચોરી કરી સોપારીના જથ્થાને ઘુસાડવાના વધુ એક કારસાને નિષ્ફળ બનાવી અંદાજિત ત્રણ કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનો ૫૩ મેટ્રિક ટન સોપારીનો જથ્થો જપ્ત કર્યો છે.

આ સંદર્ભે મળતી માહિતી મુજબ, મુંદરા કસ્ટમની એસઆઇઆઇબી શાખાને મળેલી પૂર્વ બાતમીના આધારે મુંદરા કસ્ટમના પ્રિન્સિપલ કમિશનર કે. એન્જિનિયરની સૂચનાથી કસ્ટમની આ બ્રાન્ચ દ્વારા કરાયેલી તપાસમાં બે મોટા ૪૦ ફૂટના કન્ટેનરમાં પીવીસી રેઝિન (પ્લાસ્ટિકના દાણા)ની આડમાં બે કન્ટેનર ભરેલી ૫૩ ટન વજનની સોપારીની ગુણીઓ ભરેલો જથ્થો મળી આવ્યો હતો.

સોપારીના કાળા કારોબાર માટે જાણીતા એવા દુબઈથી આવેલો અને કંડલા ખાતેના મુક્ત વ્યાપાર કેન્દ્રમાં સ્થિત એક યુનિટમાં જતો હોવાનું આયાતકાર દ્વારા ડિક્લેર કરાયું હતું અને જથ્થામાં પીવીસી રેઝિન એટલે કે, પ્લાસ્ટિકના દાણા દર્શાવાયેલા હતા, પરંતુ આ મિસ ડિક્લેરેશન કેસમાં બે કન્ટેનરમાં કુલ ૫૩ ટન વજનની સોપારી મળી આવી હતી. આ સાથે જ ફરી એકવાર સોપારીની દાણચોરી હજુ કોઈ પણ જાતની બીક વિના ચાલુ હોવાનું સાબિત થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીલંકા અને વિયેતનામ જેવા દેશોમાંથી સોપારી મળે છે, પરંતુ દુબઈથી સોપારી લઈ આવવામાં તંત્રને છેતરવા માટે દર વખતે નવી-નવી મોડેસ ઓપરેન્ડી અપનાવવામાં આવે છે. આ વખતે પીવીસી રેઝિન દર્શાવાયા કે જેનો જથ્થો સામાન્ય રીતે મોટી કંપનીઓ દ્વારા નિયમિત રીતે અને મોટા જથ્થામાં આયાત થાય છે અને પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા આવતો આ જથ્થો મોટાભાગે પાસ થઈ જતો હોય છે.

સામાન્ય રીતે કાસેઝ જતી ચીજવસ્તુઓ ટ્રાન્સશિપમેન્ટ ધોરણે નીકળી ત્યાં જ તપાસ થાય, પરંતુ મુંદરાની આ કસ્ટમ બ્રાંચે પૂર્વ બાતમીના આધારે કન્ટેનરોને રોકી નાખ્યા અને નજીકના હિન્દ ટર્મિનલ સીએફએસમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તપાસ બાદ આ જથ્થો મળી આવ્યો હતો. આ લખાય છે ત્યારે બે શંકાસ્પદ કન્ટેનરોની તપાસ થઇ રહી છે. જો એ કન્ટેનરોમાંથી પણ પ્રતિબંધિત વસ્તુ મળશે તો કરચોરીનો આંક વધુ ઊંચો જાય એવી પ્રબળ શક્યતા જોવાઈ રહી છે. ■

સુરતમાં કરંટ લાગવાથી બે લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં કરંટ લાગવાથી બે લોકોનાં મોત થયા હતા. ભેસાણ વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટ પર કરંટ લાગતા સિવિલ એન્જિનિયર યુવક અને પંડોળ વિસ્તારમાં ૧૯ વર્ષીય યુવકને કરંટ લાગતા મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ સુરતના વરાછા રોડ નિલકંઠ નગર પાસે રહેતો મિતુલકુમાર વનારા (ઉ.વ.૨૪) રાંદેરના ભેસાંણ રોડ વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઇટ પર હાજર હતા તે દરમ્યાન એમ.સી.બી સ્વીચ ચાલુ કરવા જતા તેને કરંટ લાગ્યો હતો જેથી તેને સારવાર અર્થે હૉસ્પિટલ લઇ જવાયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબે તેને મૃત જાહેર કર્યા હતા. જયારે મિતુલકુમાર મુળ ભાવનગરમાં તળાજામાં દેવરીયા ગામનો વતની હતો. તે સિવિલ એન્જિનિયર તરીકે ફરજ બજાવતો હતો.

બીજા એક બનાવમાં ચોકબજાર વિસ્તારમાં પાવર લુમ્સ ખાતામાં રહેતો અને ત્યાં કામ કરતો કૃષ્ણકુમાર ગૌતમ (ઉ.વ.૧૯)કારખાનામાં કામ કરતો હતો. ત્યારે સિલાઈ મશીન પર કામ કરતી વેળાએ તેને કરંટ લાગતા બેભાન થઇ જતા સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડાયો હતા. જયાં ફરજ પરના ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ■

સુરતમાં આમ આદમી પાર્ટીના બે નગરસેવકો પર ₹ ૧૦ લાખની લાંચ આરોપઃ એસીબીમાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકાના આમ આદમી પાર્ટીના બે નગરસેવકો સામે રૂ. ૧૦ લાંખની લાંચ માંગવા બાબતે એન્ટી કરપ્શન બ્યુરોમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટર પાસેથી રૂ.૧૦ લાખની લાંચ માગી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર નગરસેવક જીતુ ઉર્ફે જિતેન્દ્ર કાછડિયા અને વિપુલભાઈ સુહાગીયા સામે એસીબીમાં ગુનો નોંધાતા એસીબીએ વિપુલ સુહાગીયાની ધરપકડ કરી હતી. મલ્ટી લેવલ પે એન્ડ પાર્કના કોન્ટ્રકટરે શાકભાજી માર્કેટની જગ્યામાં દબાણ કર્યું હોવાનું જણાવી કોન્ટ્રાકટ રદ કરાવવાની ધમકી આપી રુ.૧૦ લાખની લાંચની માગણી કરવામાં આવતા આ મામલે એસીબીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સુરતના મગોબ ગામની સીમમાં આવેલા મલ્ટી લેવલ પે એન્ડ પાર્ક આવેલું છે. આ પે એન્ડ પાર્કની સુવિધા વાળી જગ્યાની બાજુમાં મહાનગર પાલિકા દ્વારા શાકભાજી માર્કેટની પણ જગ્યા ફાળવવામાં આવી હતી. દરમ્યાન પુણાના વોર્ડ નબર ૧૬ અને ૧૭ના નગરસેવક જીતુ ઉર્ફે જિતેન્દ્ર કાછડિયા અને વિપુલભાઈ સુહાગીયાએ આ પે એન્ડ પાર્કની સુવિધાવાળી જગ્યાની મુલાકાત લીધી હતી તે દરમ્યાન કોન્ટ્રાકટરને શાકભાજી માર્કેટની કોર્પોરેશનની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરેલાનું જણાવી આ અંગે પોલીસ ફરિયાદ કરવાની અને કોન્ટ્રકટ રદ કરાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે કોન્ટ્રાકટર પાસે માફીપત્ર પણ લખાવ્યું હતું અને ત્યારબાદ આ બંને કોર્પોરેટરએ જો આ કાર્યવાહીથી એટલે કે કોન્ટ્રાકટ રદ કરવામાંથી બચવું હોય તો ૧૧ લાખ રૂપિયા આપવા પડશે તેવી માગણી કરી હતી. આ અંગે બંને કોર્પોરેટરોએ કોન્ટ્રાકટર સાથે રૂબરૂમાં તથા મોબાઈલ ફોન પર લાંચની માગણી અંગેની વાતચીત કરી હતી અને રકઝકના અંતે ૧૦ લાખ આપવાનું નક્કી થયું હતું. આ સમગ્ર વાતચીતનું કોન્ટ્રાકટર દ્વારા રેકોર્ડિંગ કરી લેવામાં આવ્યું હતું. આ વાતચીતમાં આરોપીઓ દ્વારા નાણાં શબ્દને બદલે કોડવર્ડ તરીકે સાંકેતિક ભાષામાં ડોક્યુમેન્ટ આપવાના છે તેવો શબ્દ વાપરતા હતા જે અંગે વાતચીતમાં જ ડોક્યુમેન્ટ એટલે કે નાણા એવી સ્પષ્ટતા આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી. ■

કમલમના કમિશનથી રસ્તાના ખાડાઓથી લોકોની કમર તૂટે છેઃ અમિત ચાવડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતની જનતા એક તરફ ભારે વરસાદ અને સરકાર સર્જિત પૂરથી ત્રાહિમામ્ અને હેરાન પરેશાન છે. બીજી બાજુ કમરતોડ મોંઘવારી, કમરતોડ ટેક્સ અને કમલમના કમિશનને કારણે ગુજરાતની જનતાની કમર ભાગતા રસ્તાના ખાડાથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે. પહેલા વરસાદ પડે તો વરસાદ બાદ રોડ પર દેડકા જોવા મળતા હતા હવે આ ભાજપના શાસનમાં પહેલા જ વરસાદ પછી રોડ પર દેડકાને બદલે ખાડા અને ભૂવા જોવા મળે છે, એવો આક્ષેપ ગુજરાત વિધાનસભાના કૉંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ કર્યો છે.

ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે ગામથી લઈને ગાંધીનગર સુધી બધા જ રસ્તાઓમાં મોટા પ્રમાણમાં ખાડાને કારણે પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે. એક જ વર્ષમાં ૪૮૦૦ કરોડ રુપિયા જેટલી રકમ ટોલટેક્સના નામે સરકાર ઉઘરાવે છે. બીજી બાજુ ગુણવત્તાયુક્ત રસ્તા આપવાની વાત આવે સરકાર કુદરતનો વાંક કાઢે છે. દર વર્ષે રસ્તાઓ ધોવાઇ જાય અને ખાડાઓને કારણે જનતાની કમર તો તૂટે છે પણ સાથેસાથે મોટા પ્રમાણમાં સમય અને ઇંધણની પણ બરબાદી થાય છે. આંકડા મુજબ ૨૦૧૭ થી ૨૦૨૧ ના જ આંકડા લઈએ તો પાંચ વર્ષની અંદર ખાડામાં પડવાને કારણે થયેલા અકસ્માતમાં ૫૦૦ કરતા વધારે લોકોનાં મૃત્યુ નોંધાયા છે. એના માટે સરકારનો ભ્રષ્ટાચાર જવાબદાર છે. અમદાવાદ મ્યુ. કોર્પોરેશને જાતે જ સ્વીકાર્યું છે કે, આ સિઝનમાં એકલા અમદાવાદ શહેરમાં ૧૯ હજાર કરતા વધારે સ્થળોએ ખાડાનું રિપેરિંગ કરવામાં આવ્યું. એ જ રીતે સુરતના આંકડાઓ જોતા ૧૦ હજાર કરતા વધારે ખાડાઓની મરામત કરવામાં આવી. દર વર્ષે પહેલો વરસાદ પડે, ખાડા પડે એટલે કરોડો રૂપિયા ધોવાઇ જાય છે. એની પાછળ મરામતના નામે પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય આ તમામ પૈસા ખર્ચાઈ ગયા છે, કોન્ટ્રાકટરો અને સરકારના ખિસ્સા ભરાઈ ગયા છે એ પ્રજાના ટેક્ષના પૈસાની બરબાદી થઇ ગઈ છે.

ગુજરાતના રસ્તાઓને ખાડાઓને અનુસંધાને સરકાર શ્વેતપત્ર બહાર પાડીને આખી બાબત પર જવાબ આપવો જોઇએ એવી માગણી તેમણે કરી હતી. ■

વડોદરામાં વૃદ્ધ વકીલની હત્યાનો ભેદ ખૂલ્યો

અસીલે છેડતીના મામલે હત્યા કરી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃવડોદરામાં બે દિવસ પહેલા વૃદ્ધ વકીલની હત્યાના ઘટના પરથી આખરે પોલીસે ભેદ ઉકેલ્યો છે. વકીલ દ્વારા અસીલની પત્નીની કથિત છેડતી કરી હોવાના મામલે બન્ને વચ્ચે માથાકૂટ થઇ હતી ત્યારબાદ અસીલ વકીલ પર જીવલેણ હુમલો કરીને હત્યા કરી હતી. વડોદરા શહેરમાં ગત ૧લી સપ્ટેમ્બરે રાત્રે વકીલ વિઠ્ઠલ પ્રસાદ પંડિત(ઉ.વ.૭૪)ની ઘાયલ થયા હોવાનો અજાણી વ્યક્તિએ તેમની પત્નીને જાણ કરતા ૧૦૮ મારફતે સિંઘરોટ પાસેથી તેઓને સયાજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું રાત્રે એક વાગ્યા બાદ સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. બોડી ઉપર જે પ્રકારની ઈન્જરી હતી જે પ્રકારના નિશાનો મળ્યા છે અને પ્રથમ જે ફોન આવ્યો તેમાં પરિવારને એક્સિડન્ટ થયો હોવાની વિગતો જણાવવામાં આવી હતી પરંતુ પોલીસે ઊંડી તપાસ કરતા વકીલના અસીલ નરેશ રાવલ (ઉ.વ.૪૦) પર શંકા જણાઇ હતી જેથી તેની પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને એવું કબૂલ્યું હતું કે, પોતાની પત્નીની છેડતી કરી હોવાથી વકીલ સાથે બોલાચાલી થઇ હતી જેથી તેમની હત્યા કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર હત્યા કરનાર આરોપીની અટકાયત કરી હતી. આ હત્યા કરનારા આરોપીની પત્ની સાથે છેડછાડ કરતા હોવાનું રટણ કરતો હતો. આ આરોપી અને વકીલ રણું ખાતે ફરવા ગયા હતા અને બાદમાં પરત ફરતા આ હત્યાને અંજામ આપ્યો હતો. ■

ઈમાનદાર પાર્ટી તરીકે મત માગનારી આપ ભ્રષ્ટાચારમાં ગળાડૂબઃ કાનાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃસુરત શહેરમાં આમ આદમી પાર્ટીના બે કોર્પોરેટર સામે રૂ. ૧૦ લાખની લાંચ લાગવા મામલે એન્ટી કરપ્શન બ્યુરોમાં ગુનો નોંધાયા બાદ ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ આમ આદમી પાર્ટીને ભ્રષ્ટાચારથી ખબબદતી હોવાનો આક્ષેપ કર્યો હતો.

કુમાર કાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી હવે તોડ પાર્ટી બની ચૂકી છે. આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ અને પાર્ટીના ધારાસભ્યો તેમજ અન્ય મુખ્ય નેતાઓ ભ્રષ્ટાચારના કેસમાં જેલવાસ ભોગવી ચૂક્યા છે, તો કેટલાક જેલમાં છે. આખી પાર્ટી ભ્રષ્ટાચારથી ખબબદે છે. દુઃખ તો એ વાતનું છે કે, વરાછાની જનતાએ જેના પર ભરોસો મૂકીને મત આપ્યા હતા અને પોતે ઈમાનદાર પાર્ટી તરીકે મત માગ્યા હતા, તે આજે ભ્રષ્ટાચારમાં ગાળાડૂબ છે. પાર્કિંગની બાબતમાં રૂ.૧૦-૧૧ લાખના ભ્રષ્ટાચારની વાત આવી છે.

જો કે અમારી પાસે જે લોકોની ફરિયાદો આવે છે, તેમાં શાકભાજીની લારીઓ હોય તેની પાસેથી ૫૦ રૂપિયા પણ છોડતા નથી. એવા માણસો રોજ નીકળી પડે છે અને સાંજે લારીના ૫૦ રૂપિયા આપી જ દેવાના. આમ આપ વાળા મોટો ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. ■

પોરબંદરમાં બચાવ કામગીરી કરી રહેલું હેલિકૉપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું

પોરબંદર : ગુજરાતના પોરબંદરના સમુદ્રતટની નજીક ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનું હેલિકૉપ્ટર તૂટી પડતાં પાઈલોટનું મરણ થયું હતું. પાઈલોટની ઓળખાણ ૩૯ વર્ષીય વિપિન બાબુ તરીકે અપાઈ છે. કોસ્ટ ગાર્ડે એક નિવેદનમાં કહ્યું હતું કે આ દુર્ઘટના સોમવારે રાત્રે બની હતી. તટરક્ષક દળે સોમવારે રાત્રે અગિયાર વાગ્યે પોરબંદરની નજીક રહેલા ટેન્કરમાં એક ઈજાગ્રસ્ત કર્મચારીને ખસેડવાનું ઓપરેશન ચાલુ કર્યું હતું. કોસ્ટ ગાર્ડના એડવાન્સ્ડ લાઈટ હેલિકૉપ્ટર (એએલએચ)ના ચારમાંના એક કર્મચારીને બચાવી લેવામાં આવ્યો છે. બીજા ત્રણ માટે શોધ અભિયાન ચાલુ છે. કોસ્ટ ગાર્ડે 'એક્સ' પર મૂકેલી પોસ્ટ પ્રમાણે બીજી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રાત્રે ૧૧ કલાકે એએલએચ હેલિકૉપ્ટરે ગુજરાતના પોરબંદર નજીક હરિલીલ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક જ ઘર ૪૦ જણને ભાડે આપીને ₹ ૧.૭૮ કરોડની છેતરપિંડી

નવી મુંબઈઃ એરોલીમાં રહેતી એક મહિલાએ પોતાનું ત્રણ માળનું ઘર ભાડે આપવાને બહાને ૪૦ જણ સાથે છેતરપિંડી કરી હતી અને તેમની પાસેથી અંદાજે રૂ. ૧.૭૮ કરોડ વસૂલ્યા હતા. પૈસા લઇને કોઇને ઘર પણ ભાડે આપ્યું નહોતું અથવા તેમના પૈસા પણ પાછા આપ્યા નહોતા.

આરોપી સવિના ગાંડવે નવી મુંબઈ, થાણે અને મુંબઈના લોકોને ફસાવ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. રબાલે પોલીસે સવિના સામે છેતરપિંડીનો ગુનો નોંધી તેની તપાસ શરૂ કરી છે.

૨૦૨૩માં સવિનાએ બે એજન્ટની મદદથી એરોલી સેક્ટર ટુ-બી ખાતે ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું 'વેદ દુર્વા' મકાન રૂ. પાંચ લાખની ડિપોઝિટ પર આપવાની જાહેરખબર ઓએલએક્સ અને ફેસબુક પર આપી હતી. તેમ જ તેમાંથી એક ઘર ભાડે પર આપીને તેનાથી મળનારા રૂ. ૨૦,૦૦૦ હેવી ડિપોઝિટ પર ઘર લેનારી વ્યક્તિને આપવાની લાલચ આપવામાં આવી હતી. તેથી નવી મુંબઈ સહિત થાણે, કુર્લા, ગોવંડી વગેરે વિસ્તારોમાંથી ઘણા લોકોએ સવિનાનો સંપર્ક કર્યો હતો. એકબીજાને કોઇ જાણ નહીં થાય તેની તકેદારી રાખીને સવિનાએ દરેક સાથે અલગ અલગ કરાર કરીને તેમની પાસેથી રૂ. દોઢથી રૂ. ૧૦ લાખ વસૂલ્યા હતા. આમ કરીને થોડા મહિનામાં ૪૦ જણ પાસેથી અંદાજે રૂ. ૧.૭૮ કરોડ વસૂલ્યા હતા.

સવિનાએ શરૂઆતમાં કેટલાકને રૂ. ૨૦,૦૦૦ પ્રમાણે ભાડાના પૈસા આપ્યા, પરંતુ ત્યાર બાદ તેણે પૈસા આપવાનું બંધ કર્યું હતું. તેથી હેવી ડિપોઝિટ દેનારા કેટલાક લોકોએ તેને શોધવાનું શરૂ કર્યું હતું. ત્યાર બાદ સવિના ઘરને તાળું મારીને ફરાર થઇ ગઇ હતી. જૂનમાં લોકોને ખબર પડી કે પોતાની છેતરપિંડી થઇ છે ત્યાર બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. છેતરપિંડીનો ભોગ બનેલા ૪૦માં સૌથી વધુ મહિલાનો સમાવેશ થાય છે. સવિનાએ કેટલાકને રૂ. ૩૦થી રૂ. ૩૫ લાખ પાછા આપ્યા છે. તેથી તેની સામે રૂ. ૧.૩૫ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

અગિયારમામાં પસંદગીની કૉલેજ મળી છતાં એડમિશન કેમ નથી લેવાતાં?

મુંબઈઃ દેશભરની આઇઆઇટી, આઇઆઇએમ વગેરે પ્રતિષ્ઠિત સંસ્થાના એન્જિનિયર, મેડિકલ વગેરે અભ્યાસક્રમથી લઇને ઉચ્ચ શિક્ષણ વિભાગના લૉ, ફાર્મસી, મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં એડમિશન કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી એટલે કે નીટ, જેઇઇ, સીઇટી જેવી એન્ટ્રન્સ એક્ઝામ દ્વારા કરવામાં આવે છે. આમાંથી મોટાભાગની પ્રવેશપ્રક્રિયા અને તેના રાઉન્ડ પહેલાથી નક્કી જ હોય છે. આ રાઉન્ડ્સમાં દરેક પ્રકારના પ્રવેશ પૂર્ણ કરવાનું સંબંધિત સંસ્થા માટે ફરજિયાત હોય છે. આવી સ્થિતિમાં રાજ્યની ઓનલાઇન પ્રવેશપ્રક્રિયા છેલ્લા કેટલાક વર્ષથી સમયની મર્યાદા છોડીને એડમિશનના રાઉન્ડ કરતા હોય છે. અગિયારમીના પ્રવેશ માટે મુખ્ય રાઉન્ડ, ત્યાર બાદ વિશેષ રાઉન્ડ અને ત્યાર પછી પણ સંસ્થાને પ્રાધાન્ય આપીને અન્ય રાઉન્ડ કેમ યોજવામાં આવે છે, એવો સવાલ હવે ઉઠાવવામાં આવી રહ્યો છે. મુંબઈ એમએમઆર, પુણે, પિંપરી-ચિંચવડ, નાશિક, અમરાવતી અને નાગપુર પાલિકા વિસ્તારની કોલેજોમાં અગિયારમાની દરેક એડમિશન પ્રક્રિયા ઓનલાઇન પદ્ધતિએ કરવામાં આવે છે. આ એડમિશન કોર્ટે કરેલા નિર્દેશ પ્રમાણે વિદ્યાર્થીને મળેલા માર્ક્સના આધારે કરવામાં આવે એવો સ્પષ્ટ આદેશ છે.

કેન્દ્રીય પ્રવેશપ્રક્રિયા પ્રમાણે ઓનલાઇન એડમિશન સાથે જ મેનેજમેન્ટ, માઇનોરિટી અને ઇનહાઉસ એમ ત્રણ ક્વૉટામાં એડમિશન કરવામાં આવે છે. આ માટે નિયમો પણ છે. તેમ છતાં ઘણા વર્ષથી આ નિયમોને અભરાઇએ ચઢાવીને એડમિશન કરાવવામાં આવી રહ્યા છે. તેથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓને એડમિશન મેળવવામાં સમસ્યા થાય છે.

રાજ્યના પાંચ પાલિકા વિસ્તારમાં અગિયારમાના ઓનલાઇન એડમિશનની શરૂઆત જૂન મહિનાથી થઇ હતી. ત્રણેય રાઉન્ડમાં ભાગ લીધા બાદ પણ વિદ્યાર્થીઓએ એડમિશન લીધું નહોતું. વિદ્યાર્થીઓએ પ્રથમ પાંચ કોલેજમાં એડમિશન મેળવ્યા છતાં એડમિશન લીધુ નહોતું.

કોલ્હાપુરના નાટ્યગૃહના નવનિર્માણ માટે ₹ ૫૦ કરોડની જરૂરઃ શરદ પવાર

મુંબઈઃ કોલ્હાપુરના એક નાટ્યગૃહમાં આગ લાગતા તે બળીને કડડડભૂસ થઇ ગયો હોવાની ઘટનાને પગલે એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ-શરદચંદ્ર પવાર)ના અધ્યક્ષ શરદ પવારે તાત્કાલિક આર્થિક સહાય મોકલાવવાની જાહેરાત કરી હતી. આગમાં સ્વાહા થઇ ગયેલા નાટ્યગૃહના નવનિર્માણ માટે કુલ પચાસ કરોડ રૂપિયાના ભંડોળની જરૂર પડશે, એમ પણ શરદ પવારે જણાવ્યું હતું.

આગ લાગવાના કારણે કોલ્હાપુરનું કેશવરાવ ભોંસલે નાટ્યગૃહ બળીને ખાખ થઇ ગયું હતું અને તેને ફરી ઊભું કરવા માટે એક કરોડ રૂપિયાની આર્થિક સહાય બે જ દિવસમાં મોકલાવવાની જાહેરાત શરદ પવાર દ્વારા કરવામાં આવી હતી.

ફક્ત બે જ દિવસમાં એક કરોડ રૂપિયાનો ચેક મોકલાવવાનું કહેતા શરદ પવારે જણાવ્યું હતું કે રાજ્યસભાના સાંસદ તરીકે અમને પાંચ કરોડ રૂપિયાનું ભંડોળ આપવામાં આવે છે. મેં હમણાં જ સેક્રેટરીને તેમાંથી કેટલું ભંડોળ બચ્યું છે તેની તપાસ કરવા જણાવ્યું હતું. તેણે મને એક કરોડ રૂપિયાનું ભંડોળ બાકી હોવાની જાણ કરી હતી. એ બે દિવસમાં એક કરોડ રૂપિયાનો ચેક નાટ્યગૃહ માટે મોકલાવવા સૂચના આપી દીધી છે.

આ ઉપરાંત કોલ્હાપુરના બધા જ લોકપ્રતિનિધિઓને પોતાના ભંડોળમાં રહેલી રકમમાંથી ૨૦ ટકા રકમ નાટ્યગૃહના પુનઃનિર્માણ માટે મોકલાવવાનું આહ્વાન કર્યું હતું. સાંસદ શાહુ છત્રપતિ અને બંટી પાટીલે આ માટે ભંડોળ આપ્યું હોવાનું પણ શરદ પવારે આ દરમિયાન જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે શોર્ટસર્કિટના કારણે સંગીતસૂર્ય કેશવરાવ ભોંસલે નાટ્યગૃહમાં લાગેલી આગને પગલે તેને ફરી ઊભું કરવા માટે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ ૨૦ કરોડ રૂપિયાની મદદ જાહેર કરી છે.

નવમા પાનાનું ચાલુ

ન શંકર, ન ભોલા

કરવામાં આવ્યા બાદ મંત્રાલયે તેમને સમન્સ પાઠવ્યા હતા. અનુભવ સિંહા દ્વારા દિગ્દર્શિત અને વિજય વર્મા, પત્રલેખા, પંકજ કપૂર, નસીરુદ્દીન શાહ, અરવિંદ સ્વામી, દિયા મિર્ઝા જેવા કલાકાર ધરાવતી આ સિરીઝ ડિસેમ્બર ૧૯૯૯ના હાઇજેકની સત્ય ઘટના રજૂ કરે છે.

ચોક્કસ કોમના લોકો આતંકવાદી હતા અને તેમને રક્ષણ મળે એ હેતુથી ફિલ્મ નિર્માતાએ અપહરણકારોના નામ બદલીને 'શંકર' અને 'ભોલા' કરી દીધા હોવાનો દાવો અનેક લોકોએ કરતા આ સિરીઝ સોશિયલ મીડિયા અને અન્ય સ્થળોએ વિવાદ સર્જ્યો છે. હાઇજેક્રર્સના મૂળ નામ ઇબ્રાહિમ અથાર, શાહિદ અખ્તર સૈયદ, સન્ની, અહેમદ કાઝી, ઝાહૂર મિસ્ત્રી અને શકીર હતું, પણ સિરીઝમાં આતંકવાદીઓ દ્વારા અપનાવવામાં આવેલા કોડ નેમ (ગુપ્ત નામ) ભોલા, શંકર, ડોક્ટર, બર્ગર અને ચીફનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર #BoycottNetflix, #BoycottBollywood અને #IC814 જેવા હેશટેગ ટ્રેન્ડ થયા હતા. જોકે, એ અપહરણમાં ઊગરી ગયેલા ઘણા લોકો અને પત્રકારોએ શોમાં દર્શાવવામાં આવેલા કોડ નામનો ઉપયોગ અપહરણકર્તાઓએ કર્યો હતો એવી દલીલ કરી સિરીઝને સમર્થન જાહેર કર્યું હતું. આ શ્રેણીમાં અપહરણકર્તાઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલા કોડનેમ જાહેર છે અને ૬ જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ જાહેર કરવામાં આવેલા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સત્તાવાર નિવેદનનો પણ આમાં સમાવેશ થાય છે. (પીટીઆઈ)

આઈઆઈટી-બોમ્બે

કામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે કૉંક્રીટ પ્લાન્ટથી કૉંક્રીટ રસ્તા પર ક્યુરિંગ કરવા સુધીના કામનો સમાવેશ રહેશે. જુદા જુદા પરીક્ષણના માધ્યમથી કામની ગુણવત્તા તપાસવામાં આવશે. અધિકારી અને કૉન્ટ્રેક્ટરને ગુણવત્તા બાબતે માર્ગદર્શન કરવાની જવાબદારી પણ આઈઆઈટી-બોમ્બેની રહેશે. આવતા અઠવાડિયામાં પાલિકા અને આઈઆઈટી-બોમ્બે વચ્ચે એમઓયુ કરવામાં આવશે.

એકનાથ શિંદેએ

સરકારે 'મુખ્યમંત્રી યુવા જોબ ટ્રેનિંગ સ્કીમ' શરૂ કરી છે જે રોજગારની તાલીમ આપીને યુવાનોને રોજગાર લાયક બનાવશે અને રોજગારની વધુ તકો ઉપલબ્ધ કરાવશે. આ યોજનામાં સરકારી તેમજ ખાનગી સંસ્થાઓએ મોટા પ્રમાણમાં પ્રતિસાદ આપ્યો છે. વધુને વધુ યુવાનોને તાલીમ અને રોજગારની તકો મળી રહી છે. આ યોજના હેઠળ ભાગ લેવા માટે ૮ હજાર ૧૭૦ સંસ્થાઓએ નોંધણી કરાવી છે. તેમજ ૨ લાખ ૨૧ હજાર ૨૪૪ તાલીમાર્થીઓએ તાલીમ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

ધારાશિવ જિલ્લામાં સૌથી વધુ યુવાનો જોડાયા છે

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની પ્રોત્સાહનથી અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના માર્ગદર્શન હેઠળ મુખ્ય પ્રધાન યુવા કાર્ય તાલીમ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજનાને માત્ર શહેરી વિસ્તારોમાં જ નહીં પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ યોજનાની વિભાગવાર સમીક્ષા કરતી વખતે, છત્રપતિ સંભાજી નગર અને તેની નીચે અમરાવતી વિભાગે આમાં સારું પ્રદર્શન કર્યું છે. જિલ્લાવાર વિચારીએ તો ધારાશિવ જિલ્લામાં સૌથી વધુ પાંચ હજાર યુવાનોએ નોંધણી કરાવી છે. સરકારના નિર્ણય મુજબ, જુલાઇ અને ઓગસ્ટમાં પ્રથમ તબક્કામાં જોડાયેલા યુવાનોને તેમના આધાર લિંક્ડ બેંક ખાતામાં ૧૦ સપ્ટેમ્બર સુધી ડીબીટી દ્વારા ટ્યુશન ફીનું સ્ટાઇપેન્ડ મળશે.

આ યોજના દ્વારા મહારાષ્ટ્રના યુવાનોને માત્ર રોજગાર જ નહીં મળે, પરંતુ તે ઉદ્યોગોને જરૂરી માનવબળની સરળ ઍક્સેસ પ્રદાન કરીને મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવામાં મદદ કરશે. આ યોજના આખા વર્ષ દરમિયાન ચાલુ રહેશે અને તેનો ઉદ્દેશ્ય ૧૦ લાખ યુવાનોને તાલીમ દ્વારા રોજગારી આપવાનો છે. મહારાષ્ટ્ર સરકાર યુવાનો અને યુવાનો માટે આ વ્યાપક યોજના લાવી છે અને ઉદ્યોગોએ પણ તેનો લાભ લેવો જોઈએ.

લાડકી બહેન યોજનામાં

ભર્યા હતા. પનવેલમાં એક વ્યક્તિએ એક જ મહિલાના અલગ અલગ પોશાકમાં ફોટા પાડીને ફોર્મ ભર્યા છે. આ બનાવોને પગલે મુખ્ય પ્રધાને ઉપરોક્ત ચેતવણી ઉચ્ચારી છે. તેમણે મુંબઈમાં કહ્યું હતું કે લાડકી બહેન યોજના ગરીબ સામાન્ય કુટુંબની મહિલાઓ માટે છે અને તેમાં ગેરરીતિ આચરનારાને જેલમાં નાખવામાં આવશે. આ યોજનામાં કોઈ ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં.

બેટી કો પઢાઓ,

મહત્ત્વનું છે. એટલે આરોપનામું દાખલ કરવામાં ઉતાવળ કરવાની જરૂર નથી. આરોપનામું દાખલ કરવામાં આવે તે પહેલાં તપાસ યોગ્ય રીતે કરી બધી ચોકસાઈ જાળવી એવો કેસ બનાવો કે કોઈપણ છટકબારી ન રહે.' નિવૃત્ત આઈપીએસ અધિકારી મીરાં બોરવણકર, અને હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ - સાધના જાધવ અથવા શાલિની ફણસલકર-જોશીને સમિતિમાં સામેલ કરવા જોઈએ, એમ હાઈકોર્ટે સુનાવણી ૧ ઓક્ટોબર સુધી મુલતવી રાખતા પહેલા સૂચવ્યું હતું. (પીટીઆઈ)

સિમેન્ટ-કૉંક્રીટના

બોમ્બેની નિમણૂક કરવામાં આવી છે.

શહેરને ખાડામુક્ત બનાવવાના પ્રયાસરૂપે સુધરાઈએ તમામ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ ચાલુ કર્યું છે. ગયા વર્ષે ૬,૦૮૦ કરોડ રૂપિયાના કૉન્ટ્રેક્ટ પાંચ કંપનીઓને આપવામાં આવ્યા હતા, જે અત્યાર સુધીનો સૌથી મોટો કૉન્ટ્રેક્ટ ગણવામાં આવે છે. જોકે દક્ષિણ મુંબઈના રસ્તાઓ માટે ૧,૬૦૦ કરોડનો કૉન્ટ્રેક્ટ શરૂઆતમાં રોડવેઝ સોલ્યુશન ઈન્ફ્રા ઈન્ડિયા લિમિટેડને (આરએસઆઈઆઈએલ)આપવામાં આવ્યો હતો, તેને રદ કરવામાં આવ્યો હતો, તેને કારણે પાલિકાએ નવી બિડ બહાર પાડી હતી. ત્યારબાદ સૌથી ઓછી બોલી લગાવનાર સાથે વાટાઘાટો કર્યા બાદ પાલિકા આગળ વધી હતી. જૂન સુધીમાં પૂર્વ પશ્ચિમ ઉપનગરમાં માત્ર ૩૦ ટકા કૉંક્રીટાઈઝેશનનું કામ પૂરું કર્યું થયું હતું.

એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે મુંબઈમાં તમામ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ કરવા માટે પહેલા તબક્કામાં ૩૯૨ કિલોમીટર તો બીજા તબક્કામાં ૩૦૯ કિલોમીટર એમ કુલ મળીને ૭૦૧ કિલોમીટર રસ્તાના કૉંક્રીટાઈઝેશના કામ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે, જેમાં શહેર, પશ્ચિમ અને પૂર્વ ઉપનગરના રસ્તાઓનો સમાવેશ થાય છે.

પહેલા તબક્કાના બાકી રહેલા રસ્તાના કામ ચોમાસું પૂરું થવાની સાથે જ એટલે કે પહેલી ઑક્ટોબર, ૨૦૨૪થી શરૂ કરવામાં આવશે અને ૩૧ મે, ૨૦૨૫ સુધીમાં પૂરું કરવામાં આવશે. એ સાથે જ બીજા તબક્કાના બાકી રહેલાં કામ પણ હાથ ધરવામાં આવવાના છે. કૉંક્રીટાઈઝેશનના કામ વિલંબ થવા પાછળ ગેસ લાઈન, પાણીની લાઈન, વીજ લાઈન, સ્યુએજ લાઈન જેવી યુટિલિટિઝની લાઈન પણ જવાબદાર છે. યુટિલિટીઝન લાઈનને કારણે બધી એજન્સીઓ સાથે સમન્વય સાધીને કામ કરવામાં પણ અમુક વખતે વિલંબ થતો હોય છે.

ગોમાંસની શંકા

આધારે મારપીટ કરી હતી. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયા બાદ પોલીસે ત્રણેય આરોપી આકાશ આવ્હાડ, નીતેશ આહિરે અને જયેશ મોહિતેની ૩૧મી ઓગસ્ટે ધરપકડ કરી હતી.

બીજે દિવસે ત્રણેયને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેઓને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. કોર્ટે એક વાર જામીન પર મુક્ત કર્યા બાદ આરોપીને કસ્ટડીમાં રાખી શકાય એમ ન હોવાથી ત્રણેયને ઘરે જવા દેવામાં આવ્યા હતા.

જોકે અન્સારીએ ત્યાર બાદ પોલીસને વધારાની માહિતી આપતાં આરોપીઓની લૂંટ અને ધાર્મિક લાગણી દુભાઈ હોવા અંગેનો કેસ નોંધવા અને જામીન નકારવા માટેની વિનંતી કરી હતી. જે કોર્ટે જામીન મંજૂર કર્યા હતા એ જ કોર્ટે પોલીસની અપીલને માન્ય કરીને ત્રણેય આરોપીના જામીન નકારતાં તેઓની ફરી વાર ધરપકડ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના નાશિક જિલ્લા સ્થિત ઈગતપુરી સ્ટેશન પાસે એક્સપ્રેસ ટ્રેનમાં એક વૃદ્ધની તે ગોમાંસ લઇ જતો હોવાની શંકાને આધારે તેના સાથી પ્રવાસીઓએ મારપીટ કરી હતી. જીઆરપીએ ઘટનાનો વીડિયો જોયા બાદ તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં વાઇરલ થયેલા વીડિયોના આધારે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)

જૈન મરણ

દશા શ્રીમાળી દીગંબર જૈન

પોરબંદર નિવાસી હાલ અંધેરી (વે) જયંતભાઈ પી. બ્રોકર (ઉં. વ. ૭૭) ૩-૯-૨૪ના મુંબઈ ખાતે દેહપરિવર્તન થયો છે. તે રૂપાબેનના પતિ. તે રિદ્ધિ તથા પૂજાના પિતા. કુમાર તથા પિનાંગના સસરા તથા આર્જવ અને શુદ્ધિના નાના. તે સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. પ્રસન્નભાઈ, સ્વ. હેમંતભાઈ તથા સ્વ. વિદ્યાબેન માલીયા, ધીરજબેન દાદભાવાળા, જ્યોત્સનાબેન એડનવાળાના ભાઈ. પ્રાર્થનાસભા ૫-૯-૨૪ને ગુરુવાર ૩ થી ૫ સાંજે રાખેલ છે. પ્રાર્થના સ્થળઃ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (પ).

પાટણ જૈન

ખડાખોટડીના પાડાના હાલ મરીન ડાઈવ મણીબેન રમણલાલ ઝવેરીના સુપુત્ર બિપિનભાઈ (ઉં. વ. ૮૮) તે મુકુલબેનના પતિ. નીપાબેન ચેતનભાઈ લાદીવાળાના પિતા. નીનાબેન જગદીશભાઈ સંઘવીના ભાઈ. વર્ધન, નિયોમી, શ્રીયાના નાના. ચીમનલાલ મોહનલાલ શાહ (દવાવાળા)ના જમાઈ સોમવાર, ૨-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

સોરઠ વિશા શ્રીમાળી જૈન

જામકંડોરણા નિવાસી હાલ મીરા રોડ - કાંદિવલી સતીષચંદ્ર પ્રભુલાલ મહેતા (ઉં.વ. ૮૨) સોમવાર, તા. ૨-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે મનીષ, હિતેશ, રિતેશના પિતાશ્રી. હેમાલી, કવિતા, જયોતિના સસરા. વિરલ, રાજ, માનસીના દાદા. હરીશભાઈ, કિરણભાઈ, હર્ષદભાઈ, પરિમલભાઈ, સ્વ. ભાનુબેન, મધુબેન, નયનાબેનના ભાઈ. શ્વસુર પક્ષે લાખાપાદર - ઝરીયા નિવાસી હાલ શેગામ દેવચંદ નથુભાઈ રામાણીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

વાગડ વિ. ઓ. જૈન

ગામ ભચાઉના સ્વ. ડાઈબેન ગડા (પાંચાણી) (ઉં.વ. ૮૪) તા. ૧-૯-૨૪ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. માલશી પાલણના ધર્મપત્ની. સ્વ. શાંતિલાલ, ચંપકલાલ, ધનલક્ષ્મી, ગુણવંતીના માતા. જયોતિ, દમયંતી, મણીલાલ છેડાના સાસુમા. નયન, રચના, વિવેક, તેજસના દાદી. સ્વ. જેઠાલાલ, સ્વ. રૂપશી ભચુના ભાભી. ભચાઉના સ્વ. સંતોકબેન કાનજી પચાણ નિસરના દીકરી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ૭૦૨, પ્રકાશ એપાર્ટમેન્ટ, સેંટ જ્યોર્જ ઈંગ્લીશ સ્કુલની સામે, કુરાર વિલેજ, મલાડ ઇસ્ટ.

વાગડ વિ. ઓ. જૈન

ગામ મનફરાના સ્વ. દિપ્તી શામજી ગડા (ઉં.વ. ૪૬) રવિવાર, તા. ૧-૯-૨૪ના અવસાન પામેલ છે. લાડુબેન સાંગણ પોપટ ગડાની પૌત્રી. ભાનુબેન શામજીની પુત્રી. શૈલેષ, સ્વ. સમીર, ભાવિનની બેન. નિશાની નણંદ, તિથિ, બંસરીના ફુઈ. સામખીયારીના અમૃતબેન રવજી લખમશી છેડાની દોહિત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. છેડા બિલ્ડીંગ, ૫૦૪, વિરાર વેસ્ટ.

ખંભાત વિશા શ્રીમાળી જૈન

દિલીપભાઈ કાંતિલાલ શ્રોફના ધર્મપત્ની શકુંતલાબેન શ્રોફ તા. ૩૧-૮-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ચંપાબેન કાંતિલાલ શ્રોફના પુત્રવધૂ. વિજયલક્ષ્મીબેન સુંદરદાસ પોરવાલના દિકરી. સીમા અમરીશકુમાર ગોહિલ, રીમા જનકકુમાર ઝવેર, હેમાંશી પ્રધનેશકુમાર કારિયાના માતુશ્રી. આદિતિ, રીની, ધ્રુમી, પ્રિયાંશી, કિયારાના નાની. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામુંઃ બ્લોસમ એપાર્ટમેન્ટ, સી વિંગ, ફલેટ નંબર ૦૦૨, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

કચ્છી વિશા ઓશવાળ જૈન

ટોડા હાલે લાખાપરના પ્રભાબેન ચુનીલાલ ઠાકરશી દેઢીયા (ઉં.વ. ૭૫) તા. ૧-૯-૨૪ના અવસાન પામ્યા છે. સ્વ. સાકરબાઇ ઠાકરશી કુંવરજીના પુત્રવધૂ. સ્વ. ચુનીલાલ ઠાકરશીના ધર્મપત્ની. ટુંડાના સ્વ. વેલબાઇ લાલજી લખમશીના સુપુત્રી. પાનબાઇ, ભાણજી, નાનજી, રવીલાલ, જેવંતી, ચંપકના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. નયના શૈલેષ ગોગરી, સારંગ ચાલ, રૂમ નં. ૨૦, અલ્તાફ નગર, શનિ મંદિરની બાજુમાં, ગોલીબાર રોડ, ઘાટકોપર (વેસ્ટ).

રતાડીયા ગણેશના આણંદજી પાસુ છેડા (ઉં.વ. ૯૮) તા. ૧-૯-૨૪ના અવસાન પામ્યા છે. હાંસબાઈ પાસુના પુત્ર. ગંગાબાઈના પતિ. રમણીક, ભરત, ભાનુ (ભારતી), હેમા, સોનલના પિતાશ્રી. ભવાનજી, ટોકરશી, મોરારજી, ઉમરશી, મકાંબાઈ ડુંગરશી, પ્રાગપર રતનબાઈ તલકશીના ભાઈ. છસરાના સુંદરબાઈ નરશી કમુના જમાઈ. પ્રા. માનવ સેવા સંઘ હોલ, સાયન ટા.૩ થી ૪.૩૦. નિ. આણંદજી પાસુ. સુખ શાંતિ બિલ્ડીગ નં.૨, ફલેટ નં.૨૨, પેડર રોડ, મું. ૨૬.

હાલાપુરના નરેન્દ્ર ટોકરશી ગોસર (ઉં.વ. ૬૩) ૨-૯ના અવસાન પામેલ છે. જ્યોતિના પતિ. ચિરાગ, સૌરભના પિતા. ધનબાઇ ટોકરશીના સુપુત્ર. પ્રફુલ, મહેશ, નયના, દક્ષાના ભાઇ. ભોજાય વેલબાઇ ભવાનજી પાસડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચિરાગ ગોસર, ૩૦૯/આઇ, ગગન માર્વેલ સોસાયટી, લીંક રોડ, ફાયર બ્રીગેડની બાજુમાં, નાલાસોપારા (ઇ.).

નાંગલપુરના ગં. સ્વરૂપ જયશ્રી ખુશાલ ગોગરી (ઉં.વ. ૬૬) ૧-૯-૨૪નાં અવસાન પામેલ છે. સ્વ. ભાણબાઈ જીવરાજ માડણનાં પુત્રવધૂ. સ્વ. ખુશાલનાં ધર્મપત્ની. નયન, ડિમ્પલનાં માતુશ્રી. રતાડીયા (ગં)નાં કંકુબેન ટોકરશીનાં સુપુત્રી. સ્વ. જાદવજી, વસંતનાં બેન. (પ્રાર્થના રાખેલ નથી) ઠે. નયન ખુશાલ ગોગરી, એ-૫૦૪, જયુપીટર લોઢા પેરેડાઈઝ, માજીવાડા (થાણા) ૪૦૦૬૦૭.

તહેવાર પહેલા

એક પણ બસ બહાર નીકળી નહોતી. સાંગલી અને સાતારા જિલ્લામાં પણ આ જ હાલત રહી હતી. એસટીના કર્મચારીઓએ અચાનક જ હડતાળનો માર્ગ અપનાવતાં મહારાષ્ટ્રના પ્રવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જોકે મુંબઈ-પુણે માર્ગ પર ઈ-શિવનેરી સેવાને કોઇ અસર થઇ નહોતી. આ રૂટ પર સેવા વ્યવસ્થિત રીતે દોડી હતી. બીજી બાજુ મુંબઈ, થાણે અને પાલઘર વિભાગમાંથી કોંકણ તરફ દોડતી બસોને વધુ પ્રમાણમાં દોડાવવામાં આવી હતી. જોકે મંગળવારના બંધની અસર બુધવારે દેખાઇ શકે છે. કર્મચારીઓએ પાડેલી હડતાળને ઈન્ડસ્ટ્રિયલ કોર્ટે ગેરકાયદે ગણાવી હતી અને હડતાળમાં સહભાગી થયેલાં સંગઠન અને કર્મચારીઓને હડતાળમાં સહભાગ ન થવા માટે અને કામ પર હાજર થવાનો આદેશ આપ્યો છે.

હિન્દુ મરણ

હરસોલા વૈષ્ણવ વણિક

શાંતાકુઝ હરેન્દ્રભાઇ ચીમનલાલ શાહના પત્ની ગીતાબેન (ઉં.વ. ૭૧) તે ગં.સ્વ. શારદાબેન અને ગૌ. વા. શ્રી ચીમનલાલ ચુનીલાલ શાહના પુત્રવધૂ. વૈશાલી અને હરિતાના માતુશ્રી. દિલીપભાઈ, પંકજભાઈ અને પ્રદીપભાઈના ભાભી. રાહુલભાઈના સાસુ. સ્વ. જમનાદાસભાઈ અને સ્વ. લીલાબેનની પુત્રી તા. ૩૧-૮-૨૪ને શનિવારના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૫/૯/૨૪ને ગુરુવારે ૫.૦૦ થી ૭.૦૦. હિરાવતી બેંકવેટ હોલ, (સ્ત્રી મંડલ) શાંતાકુઝ (પશ્ચિમ). પિયર પક્ષની પ્રાર્થનાસભા પણ સાથે રાખવામાં આવેલ છે. લોકાચાર બંધ છે.

દશા લાડ વણિક

સુરત નિવાસી, હાલ મીરા રોડ, મુંબઈ ગં. સ્વ. હેમલતાબેન મોદી (ઉં.વ. ૯૩) તે સ્વ. મનસુખલાલ નાથાલાલ મોદીના ધર્મપત્ની તા. ૨-૯-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જમયિતરામ અને સ્વ. લલિતાબહેનના પુત્રી. ગિરીશભાઈ, સ્વ. રાજેશભાઈના માતા. અ. સૌ. રાગીણીબહેનના સાસુ. સેજલ, પિનાકીન, દિપેશ, દિપાલીના દાદી. સૌરભભાઈ, અનલભાઈ, હીના, ખુશ્બુના વડસાસુ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

કચ્છી લોહાણા

સ્વ. લક્ષ્મીબેન શંકરલાલ શિવજી કતીરા કચ્છ ગામ માતાજીના નેત્રાવાળાના પુત્ર દિનેશ શંકરલાલ કતીરા હાલે ઘાટકોપરવાળાની ધર્મપત્ની અ. સૌ. ઉષા (ઉં.વ. ૬૮) તે સ્વ. હરીરામ રણછોડદાસ ચંદન કચ્છ ગામ મોટી વમોટીવાળાની પુત્રી મંગળવાર, તા. ૩-૯-૨૪ના રામશરણ પામેલ છે. મીતેષ, જયના માતાજી. પ્રિયંકા, શ્વેતાના સાસુમા. નીલ, રીયાના દાદીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૯-૨૪ના ૪ થી ૬ પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

તરેડ નિવાસી, હાલ પાર્લા સ્વ. સવિતાબેન છોટાલાલ લવજી જોશીના પુત્ર સુરેશભાઈ (ઉં.વ. ૬૭) તે ગીતાબેનના પતિ. વૈશાલીબેન કુલદીપકુમાર અરોરા, અંકુરભાઈના પિતાશ્રી. ઈચ્છાબેન શાંતિલાલ ભટ્ટના ભાઈ. વાઘનગર નિવાસી સ્વ. મણીશંકર ત્રિકમજી ભટ્ટના ભાણેજ. રમાબેન શાંતિલાલ મહેતાના જમાઈ તા. ૧-૯-૨૪, રવિવારના ક

ઈન્ટરવલ

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

સમય 'રાઈટ'ને 'કરેકટ' કરવાનો

સેબી રાઈટ ઈસ્યૂના નિયમોમાં કરશે કરેકશનઃ ડિસ્ક્લોઝર્સ તર્કસંગત બનશે, મર્ચન્ટ બેન્કરનો એકડો નિકળી જશે!

આમ તો 'રાઇટ' અને 'કરેકટ'નો શબ્દાર્થ એક જ જણાય છે, પરંતુ અહીં એ ભિન્ન અર્થમાં પ્રાયોજિત છે. રાઇટનો અર્થ અહીં ખરું કે સાચું નહીં પરંતુ હક્ક, અધિકારી તરીકે છે અને કરેકટનો અર્થ પણ સાચું કે ખરું નહીં, પરંતુ કરેકશન એટલે કે સુધારાના અર્થમાં છે. લેખના સબ-હેડિંગમાં જોકે આ બાબત સ્પષ્ટ થઇ જાય છે.

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) હાલમાં સુધારણાં ઝુંબેશ ચલાવી રહ્યું હોય એવું લાગે છે. બજાર નિયામક અનેક સુધારા લાવી રહી છે અથવા તો તે માટે વિચારણાં કરી રહ્યું છે. આવા જ એક વિચાર અંતર્ગત રાઇટ ઇશ્યૂના નિયમો 'કરેક્ટ' કરવાની તજવીજમાં છે.

મૂળ મુદ્દા પર આવીએ તો, સેબીએ તાજેતરમાં ઓફર ડોક્યુમેન્ટમાં ડિસ્ક્લોઝરની જરૂરિયાતોને તર્કસંગત બનાવવા અને તેને ભંડોળ ઊભું કરવાનો પસંદગીનો માર્ગ બનાવવા માટે રાઇટ્સ ઇશ્યૂ પ્રોસેસિંગ સમય ઘટાડવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

વધુમાં, નિયમનકારે રાઇટ્સ ઇશ્યૂમાં પસંદગીના રોકાણકારોને ફાળવણી સક્ષમ કરવા, પ્રક્રિયામાં પર્યાપ્ત અંકુશ અને સંતુલન લાવવા, તેમ જ રાઇટ્સ ઇશ્યૂ માટે ઇસ્યૂઅર દ્વારા મર્ચન્ટ બેન્કરની નિમણૂક કરવાની જરૂરિયાતને નાબૂદ કરવાનું સૂચન કર્યું છે.

કન્સલ્ટેશન પેપરમાં નિયમનકારે ઇક્વિટી શેરના તમામ પ્રકારના રાઇટ્સ ઇશ્યૂમાંથી પ્રાપ્ત થતી આવકના ઉપયોગ પર નજર રાખવા માટે મોનિટરિંગ એજન્સીની નિમણૂક ફરજિયાત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં, રાઇટ્સ ઇશ્યૂ દ્વારા રૂ. ૫૦ કરોડથી ઓછી કિંમતની સિક્યોરિટીઝ ઓફર કરનારા ઇસ્યૂઅરને મોનિટરિંગ એજન્સીની નિમણુક કરવાની આવશ્યકતા નથી રહેતી.

વધુમાં, સેબીએ ભલામણ કરી છે કે જો રાઇટ્સ ઇશ્યૂ કરતી વખતે ઇસ્યૂઅરના શેરમાં ટ્રેડિંગ સસ્પેન્ડ કરવામાં આવે તો આવા ઇસ્યૂઅરને રાઇટ્સ ઇશ્યૂ કરવાની મંજૂરી ના આપવી જોઇએ. જો કે, વર્તમાન નિયમો અધિકારોના મુદ્દાઓ બનાવવા માટે પાત્રતાની શરતો સૂચવતા નથી.

આ દરખાસ્તોનો ઉદ્દેશ્ય રાઇટ્સ ઇસ્યૂને ફંડ એકત્ર કરવાની પસંદગીની પદ્ધતિ બનાવવાનો છે, કારણ કે સેબીએ નોંધ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪માં રાઇટ્સ ઇશ્યૂ દ્વારા એકત્ર કરાયેલી રકમ આ સમયગાળા દરમિયાન ક્વીપ્સ અને પ્રેફ્રેન્શિયલ એલોટમેન્ટ જેવી અન્ય ઉપલબ્ધ પદ્ધતિ દ્વારા એકત્રિત કરવામાં આવેલી રકમ કરતાં ઓછી હતી.

ઉપરાંત, રાઇટ ઇશ્યૂની સંખ્યા પણ પ્રેફરન્શિયલ એલોટમેન્ટ કરતાં નોંધપાત્ર રીતે ઓછી હતી. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ઉપરોક્ત દરખાસ્તો પર ૧૦ સપ્ટેમ્બર સુધી જાહેર ટિપ્પણીઓ મગાવી છે.

કન્સલ્ટેશન પેપરમાં, નિયમનકારે ઓફર લેટરની સામગ્રીને તર્કસંગત બનાવવાની દરખાસ્ત કરી છે, જે મુજબ લેટર ઓફ ઓફરમાં માત્ર રાઇટ્સ ઇશ્યૂ સંબંધિત માત્ર સંબંધિત માહિતી, જેમ કે ઇશ્યૂનો ઑબ્જેક્ટ, કિંમત, રેકોર્ડ તારીખ અને હકદારી ગુણોત્તર વગેરે જેવી બાબતોનો જ સમાવેશ કરવાનો રહેશે.

રાઇટ્સ ઇશ્યૂના કિસ્સામાં, રોકાણકારને રોકાણનો નિર્ણય લેવા માટે, ફક્ત વધારાની માહિતીની જરૂર છે જેમ કે ઇશ્યૂના ઑબ્જેક્ટ, કિંમત, હકદારી ગુણોત્તર, પ્રમોટરની ભાગીદારી, વગેરે. આમ, એવું અનુમાન કરી શકાય છે કે કોઇ પણ કંપનીમાં રાઇટ્સ ઇસ્યૂ મારફત રોકાણ કરવાનો માર્ગ સેકન્ડરી બજારમાંથી શેર ખરીદવા જેવો જ છે. તેથી, રાઈટ્સ ઈશ્યુના કિસ્સામાં, કેટલીક ઈશ્યુ સંબંધિત માહિતી સિવાય અન્ય માહિતીને એકત્ર કરવાની કોઈ આવશ્યકતા જણાતી નથી, જે પહેલાથી જ જાહેર ડોમેનમાં ઉપલબ્ધ છે, એમ સેબીએ જણાવ્યું હતું.

ઉપરાંત, સેબીએ રાઇટ્સ ઇશ્યૂની વર્તમાન સૂચક સમયરેખાને બોર્ડ મીટિંગની તારીખથી રાઇટ્સ ઇશ્યૂને મંજૂર કરવાની તારીખથી ટી પ્લસ ૨૦ કામકાજના દિવસો સુધી ઘટાડવાની દરખાસ્ત કરી છે. હાલમાં, બોર્ડની મંજૂરીની તારીખથી ટ્રેડિંગની તારીખ સુધી નોન-ફાસ્ટ ટ્રેક રાઇટ્સ ઇશ્યૂ માટે પ્રક્રિયા પૂર્ણ કરવામાં સરેરાશ ૩૧૭ દિવસ લાગે છે. જ્યારે ફાસ્ટટ્રેક રાઇટ ઇશ્યૂ માટે તે સરેરાશ ૧૨૬ દિવસ લે છે.

નિયમનકારે રાઇટ્સ ઇશ્યૂ માટે ઇસ્યૂઅર દ્વારા મર્ચન્ટ બેન્કરની નિમણૂક કરવાની જરૂરિયાતને નાબૂદ કરવાનું સૂચન કર્યું છે. વધુમાં, તેણે પ્રવૃતિઓ સોંપવાની દરખાસ્ત કરી છે, જે હાલમાં મર્ચન્ટ બેન્કર દ્વારા રજીસ્ટ્રાર ટુ ઈસ્યુ અથવા સ્ટોક એક્સચેન્જને સોંપવામાં આવે છે.

ઉપરાંત, સેબીએ એવી દરખાસ્ત કરી છે કે અરજીઓની માન્યતા અને ફાળવણીના આધારને અંતિમ સ્વરૂપ આપવાનું, જે હાલમાં રજિસ્ટ્રાર દ્વારા ઇશ્યૂ માટે હાથ ધરવામાં આવે છે, તે સ્ટોક એક્સચેન્જ અને ડિપોઝિટરીઝ દ્વારા પણ એકસાથે હાથ ધરવામાં આવી શકે છે.

નિયમનકારે પ્રમોટરો દ્વારા ત્યાગના સંદર્ભમાં નિયંત્રણો હળવા કરવાનું અને પ્રમોટર અથવા પ્રમોટર જૂથને કોઈપણ પસંદગીના રોકાણકારની તરફેણમાં તેમના રાઇટ્સ, અધિકારનો ત્યાગ કરવાની મંજૂરી આપવાનું પણ સૂચન કર્યું છે.

આ જાહેરાત દ્વારા કરવામાં આવનાર આવા ત્યાગની વિગતોના અપફ્રન્ટ જાહેરાતને આધીન છે. વધુમાં, તે સ્ટોક એક્સચેન્જને તેમની વેબસાઇટ પર પ્રસાર માટે પણ જાહેર કરવું જોઈએ. ડિસ્ક્લોઝરની વિગતોમાં ત્યાગ કરનારનું નામ, સિલેક્ટિવ ઇન્વેસ્ટર, હક્ક ત્યાગનાર (રિનાઉન્સર)નું નામ, પ્રમોટર અથવા પ્રમોટર ગ્રૂપ સહિત અન્યનો સમાવેશ થવો જોઈએ.

સેબીએ સૂચવ્યું છે કે ઇસ્યૂઅરને સૂચિત સરળ લેટર ઑફ ઑફરમાં અમુક માહિતી જાહેર કરવાનું ફરજિયાત કરી શકાય છે. આમાં લિસ્ટિંગ એગ્રીમેન્ટ અથવા એલઓડીઆર નિયમોના નોન કમ્પલાયન્સની ઓછામાં ઓછા ત્રણ વર્ષની વિગતો, જારીકર્તા દ્વારા નિવારવામાં આવેલી ફરિયાદોની ટકાવારી અને જો નિવારણ ૯૫ ટકાથી ઓછું હોય તો તેના કારણો અને તે ઉપરાંત જારીકર્તાએ કોઈપણ શો-કોઝ નોટિસ મળી હોય તો તેની વિગતો જાહેર કરવી જરૂરી છે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

અવાજ બદલીને ઠગાઈમાં નિર્દોષ યુવાનનો જીવ ગયો

માત્રને માત્ર હરામના પૈસા પડાવી લેવા મધમાખીની જેમ બણબણતા સાયબર ઠગને પાપે એવા ભયંકર પરિણામ આવે છે કે જેની કલ્પના સુદ્ધાં ન થઈ શકે અને જાણ્યા બાદ અરેરાટી ઊપજયા વગર ન રહે.

પુણેના પિંપરી - ચિંચવડ પાસેના દીઘીમાં પત્ની અને દીકરા સાથે રહેતા ૩૫ વર્ષના એક યુવાનને અજાણ્યા નંબર પરથી વ્હોટસઍપ વીડિયો કોલ આવ્યો. કમનસીબે તેણે ફોન ઉપાડયો અને થોડીવારમાં કટ કરી નાખ્યો પરંતુ એ બદનસીબ જાણતો નહોતો કે આ વીડિયો કોલ રિસિવ કરવા માટે તેણે કેટલી ભયંકર કિંમત ચુકવવાનો વારો આવશે.

આ યુવાનના વીડિયોને મોર્ફ કરીને અશ્લીલ વીડિયોમાં ફેરવી નખાયો. આ વીડિયો સોશ્યલ મીડિયા પર મૂકી દેવાની ધમકી આપીને એને બદનામ કરવાની ધમકી અપાઈ. આમ થતું રોકવું હોય તો રૂા. ૫૧ લાખ આપવાની માગણી કરાઈ. બિચારાએ માંડમાંડ રૂા. દશ હજાર આપ્યા પણ બ્લેકમેલર ૫૧ લાખની રકમનો કેડો જ ન મૂકયો. એની ધમકીના શબ્દો અને સૂર આકરા થવા માંડ્યા.

બીભત્સ વીડિયોથી પોતાની અને પરિવારની બદનામી થતી રોકવા માટે આ યુવાને ઘરમાં જ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી. એના માસીના દીકરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી.

સાયબર પોલીસની તપાસમાં અમુક મોબાઈલ નંબર મળ્યા. આને પગલે સાયબર પોલીસે તપાસ આદરી તો છેડા છેક કોલકાતા નીકળ્યા. ત્યાં પહોંચીને દરોડા પાડીને છ યુવાનોની ધરપકડ કરી. મોટાભાગના ઝારખંડના હતા અને ૧૯થી ૨૦ વર્ષની વચ્ચેના હતા. આ ગૅંગ પાસેથી ૧૫ સ્માર્ટ મોબાઈલ ફોન, વૉઈસ ચેન્જ ઍપ સાથેના સાત મોબાઈલ ફોન, ૪૦ સિમકાર્ડ, આઠ આધાર કાર્ડ ને પેન કાર્ડ, ૧૪ ડેબિટ કાર્ડ, આઠ નોટબુક જપ્ત કરી હતી.

આ લોકો કોલ સેન્ટરમાંથી યુવતીના અવાજમાં વાત કરીને ગ્રાહકોને ફસાવતા હતા. અમુક આરોપી મહિલાના અવાજમાં વાતચીત કરતા, તો કેટલાંક વૉઈસ ચેન્જ ઍપ થકી મહિલાના અવાજમાં બનાવટી પ્રેમાલાપ કરતા હતા. કોલગર્લ બનીને ગલગલિયા કરાવતા ગપ્પા હાંકતા હત.

આ નખ્ખોદિયાને ભલે રૂ. દસ હજાર મળ્યા પણ એક માસૂમનો નાહક જીવ ગયો. એની યુવાન પત્ની અને માસૂમ બાળકનું ભવિષ્ય કેવું અંધકારમય થઈ ગયું.

જો કે ગળાફાંસો ખાનારા ભાઈએ ખોટેખોટું ડરી જવાને બદલે દોસ્તોને, પરિવારજનોને વાત કરી હોત, સાયબર પોલીસમાં ગયા હોત કે હેલ્પ લાઈન નંબર પર ફરિયાદ નોંધાવી હોત તો આ ઠગ ટોળીને પકડાતી જોઈ શકયા હોત. 'લોગ ક્યા કહેંગે' ને બદલે 'હમ ક્યાં કરેગે' વધુ મહત્ત્વની બાબત છે એ ખાસ યાદ રાખવું જોઈએ.

હવે સાયબર ઠગાઈ જાણીતી બાબત છે, એની છડેચોક ચર્ચા થાય છે અને અખબારોમાં ય કિસ્સા આવે જ છે. આવું કંઈ પણ ન બને એનો ખ્યાલ રાખો અને કદાચ બની જાય તો જરાય ગભરાવવાની જરૂર નથી. ■



A.T.P. (ઑલ ટાઇમ પાસવર્ડ)

(૧) ક્યારેય અજાણ્યા નંબર પરથી આવતો વીડિયો કોલ ન ઉપાડવો.
(૨) અને વીડિયો કોલ ઉપાડવો જ હોય તો મોઢું રૂમાલ-નેપકિન-ટુવાલથી ઢાંકી રાખવું.
(૩) બ્લેકમેઈલિંગને લેશમાત્ર વશ થવાને બદલે સાયબર પોલીસ કે એના માટેની ખાસ હેલ્પ લાઈનનો સંપર્ક સાધવો.
(૪) અને એક વાત ખાસ યાદ રાખવી. સંકટની ઘડીમાં સ્વજનો અને મિત્રોને ખાસ સાથે રાખવા.

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા
નમ્રવાણી

-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

સાથે રહેવાની તૈયારી છે?

સાથે રહીને જીવન જીવવું, એ પણ એક કળા છે.

તમારો પરિવાર કેવો છે? 'શું તમારો પરિવાર પ્રભુ પરિવાર' છે? શું તમને લાગે છે કે તમારા ઘરના દરેક સભ્ય ભાવિના ભગવાન છે?

તમને જોઈને, તમારા પરિવારને મસ્તક નમાવવાનું મન થાય? તમને, તમારા પરિવારના સભ્યમાં ભાવિના ભગવાનના દર્શન થાય તો માનજો, તમારો પરિવાર 'પ્રભુ પરિવાર' છે.

સાથે રહેવું છે, પણ સાથે રહેવાની તૈયારી હોવી જોઈએ. સાથે રહેવાની તૈયારી હોય, તો પરિવાર 'પ્રભુ પરિવાર' બને.

સાથે રહેવાની તૈયારીને શ્રેષ્ઠ બનાવવા માટે એક સમજ જરૂરી છે.

'એ એનાં કર્મો અનુસાર છે, હું મારાં કર્મો અનુસાર છું, એનાં કર્મો અનુસાર એની વિચારધારા છે અને મારા કર્મો અનુસાર મારી વિચારધારા છે, કર્મથી ભેગા થયાં છીએ અને ધર્મથી સાથે રહેવું છે.'

Check કરો, તમે તમારા ઘરનાં પાત્રોની સાથે ધર્મથી સાથે રહો છો કે અધર્મથી સાથે રહો છો?

જો તમે એકબીજાના રાગને પોષો છો, એકબીજાની ઈચ્છાઓની પૂર્તિ કરો છો, એકબીજાના વિકારને પોષો છો, તો તમે અધર્મથી સાથે રહો છો. પણ જો તમે એકબીજામાં સમાધિ લાવો છો, એકબીજામાં પવિત્રતા લાવો છો, એકબીજામાં સંતોષ લાવો છો, તો તમે ધર્મથી સાથે રહો છો.

સાથે તો રહેવાનું જ છે, પણ ધર્મથી સાથે રહેવું કે અધર્મથી, તે તમારા સ્વયંના હાથમાં હોય છે.

યાદ રાખજો,

'સમય પર જેને બે હોઠ બંધ કરતાં આવડે, સમય પર જે બે હોઠને જોડી રાખે, તે આખા પરિવારને જોડી રાખે.'

જે પરિવારમાં પ્રભુ પાત્રો હોય, ત્યાં એકબીજાના દિલ અને મન પણ એકબીજા સાથે પ્રેમથી જોડાયેલાં હોય અને એ પ્રેમમાં પણ એકબીજાના હિત, શ્રેય અને કલ્યાણની ભાવના હોય.

પરિવારમાં સાથે કેવી રીતે રહેવું જોઈએ?

જેમ રાજુલ અને નેમ રહ્યાં, તેમ રહેવું જોઈએ. ઉપેક્ષા થાય તો પણ પ્રેમ ઘટે નહીં, વધે!

તમારું સ્વજન, તમારું પાત્ર પ્રેમનું પાત્ર છે કે રાગનું?

રાગના પાત્ર સાથે આખી જિંદગી વીતાવો તો સંસાર જ વધશે અને પ્રેમના પાત્ર સાથે પળ પણ વીતાવશો તો એ પળ પણ પરમાત્મા બનાવનારી, પરમાત્મા તરફ લઈ જનારી પળ હશે.

જે પાત્ર મને પરમાત્મા સુધી લઈ જાય, પરમાત્મા જેવા બનાવી દે એ પાત્ર, પ્રેમનું પાત્ર!

સંસારમાં છો, અજ્ઞાન અને સમજના અભાવે કદાચ અત્યાર સુધી રાગ પોષ્યો છે, હવે અમારી પ્રેરણા છે, ધીમે ધીમે રાગને પ્રેમમાં પરિવર્તિત કરો. તમે પણ ધર્મને અનુકૂળ બનો, તમારા પાત્રને પણ ધર્મને અનુકૂળ બનાવો, નેમ - રાજુલ જેવી પાત્રતા પ્રગટ કરો. તમે ધર્મ કરો, એ તમને અંતરાય ન આપે. તે ધર્મ કરે, તમે તેમને સહયોગ આપો. તમે એની અનુમોદના કરો, તે તમારી અનુમોદના કરે.

જે પરિવારમાં એકબીજા, એકબીજાના ધર્મની, સત્કાર્યની, સત્પ્રવૃત્તિની અનુમોદના કરે, તે હોય પ્રભુ પરિવાર! જે એકબીજાને અંતરાય આપે, તે ક્યારેય પ્રભુ પરિવાર ન હોય.

પ્રભુ પરિવાર એ હોય, જ્યાં દરરોજ રાત્રે 10minની ધર્મસભા થતી હોય.

આ પર્યુષણથી કરો એક નવી શરૂઆત..

સંકલ્પ કરો કે, મારે દરરોજ રાત્રે ઘરમાં ધર્મસભા કરવી છે અને દિવસ દરમ્યાન જે કાંઈ રાગ-દ્વેષ થયાં હોય, તેની ક્ષમાપના પહેલાં મારે સૂવું નથી. ખબર નહીં, મારો કાલનો દિવસ ઊગે કે ન ઊગે, મારે આજ સુધીના રાગ-દ્વેષની ક્ષમાપના કરી લેવી છે.

ક્ષમાપના કર્યા પછી, કદાચ જો રાત્રે નિદ્રામાં જ વિદાય થઈ જાય તો તેને ભગવાને પંડિત મરણ કહ્યું છે.

તમે કોઈનું મૃત્યુ સુધારી શકો તો પ્રેમ છે અને મૃત્યુ સુધારી ન શકો તો રાગ છે.

તમારા સ્વજનની વિદાય પર જો આંખમાં આંસુ આવે તો માનજો, તમારું જીવન રાગમાં વીત્યું છે.

તમારા સ્વજનની વિદાય પ્રભુના સ્મરણ સાથે, પ્રભુના શરણમાં થાય અને મૃત્યુ મહોત્સવ બન્યાનો આનંદ અનુભવાય તો માનજો, તમારું જીવન પ્રેમમાં વીત્યું છે. તમે પ્રભુ પાત્ર છો.

સાથે રહેવું છે, પણ જે મારો સંસાર વધારે તેની સાથે નહીં, પણ જે મને પ્રભુની સમીપ લઈ જાય, જે મને મોક્ષ સુધી સાથ આપે, તેની સાથે રહેવું છે.

મારે સાથે રહેવું છે, પણ પ્રભુને અને ગુરુને સાથે રાખીને સાથે રહેવું છે. મારી ઈચ્છામાં જીવીને અનંતકાળ વીતાવ્યો, હવે મારી ઈચ્છાને છોડીને જીવવું છે.

આ પર્યુષણ એવા હોય, જે તમારી આંખમાં,

દરેકમાં પ્રભુ જોવાની દ્રષ્ટિ આપી દે!

જો તમારા પરિવારના સભ્યોમાં તમને પ્રભુ દેખાય તો તમે એને હિંસા કરતા અટકાવો, અસત્ય બોલતાં અટકાવો, અયોગ્ય કરતાં અટકાવો, કેમ કે, તમે તેનું હિત ઈચ્છો, કલ્યાણ ઈચ્છો!!

જે ઘરમાં સાંભળવાવાળા વધારે અને સંભળાવવાળા ઓછા હોય એ ઘર પ્રભુનું ઘર હોય. જ્યાં સમજુ લોકો હોય, ત્યાં એકબીજાને, એકબીજા સાથે વધારે વાત કરવાની જરૂર ન પડે, પ્રભુ પરિવાર એને કહેવાય, જ્યાં ઓછું બોલાય અને વધારે સમજી જવાય. તમે જો સામેવાળાને સમજતાં હો તો, એ અડધું બોલે અને તમે આખું સમજી જાવ.

ઘણાની આદત હોય, ક્યારેક કોઈનો control ન રહેવાથી કંઈક બોલાચાલી કે વાદવિવાદ થઈ જાય, એ ઘટના હોય વધી વધીને 12minની પણ એ મગજમાં ચાલે 12 કલાક સુધી અને ક્યારેક 12 મહિના સુધી!

ધર્મ પરિવાર એ હોય, જે 12minની ઘટનાને 12minમાં મગજમાંથી બહાર કાઢી relax થઈ જાય.

સાથે રહેવું છે, તો સમજીને રહેવું છે, સ્વીકારભાવ સાથે રહેવું છે અને સહન પણ કરવું છે.

આજથી સંકલ્પ કરો... ની

અમે એકબીજા માટે ? 'તિન્નાણં-તારયાણં' બનીશું. અમે એકબીજાને માટે ધર્મ સહાયક બનીશું, ધર્મ અનુરુપ બનીશું, અમે એકબીજાનું સાંભળી લેશું, એકબીજાને સમજી લેશું, અમે એકબીજામાં નેમ-રાજુલના દર્શન કરીશું.

જે મને પ્રભુની સમીપે લઈ જાય, એવું પાત્ર અને એવો પરિવાર મળવો, એ પ્રભુએ બતાવેલી 10 દુર્લભ વસ્તુઓમાંની એક સ્થિતિ છે, એ પરમ સૌભાગ્યનું કારણ છે.

પ્રભુ પરિવાર એ હોય જ્યાં રાગ-દ્વેષ તો ન હોય, પણ ત્યાં દોષો પણ આવે નહીં અને આવે તો ટકે નહીં, કેમ કે, ત્યાં ભૂલો માફ થતી હોય અને નિત્ય ક્ષમાપના થતી હોય. ત્યાં વ્યક્તિ ઘરની બહાર નીકળતી વખતે પ્રભુને સાથે રહેવાની પ્રાર્થના કરતી હોય અને ઘરમાં entry કરતાં પહેલાં મંત્ર દ્વારા સ્વયંની auraને શુદ્ધ કરતી હોય.

જે જબરદસ્ત strong white aura નો flow લઈને ઘરમાં entry કરે, તે ઘરનું વાતાવરણ પણ કેવું શુદ્ધ થઈ જાય!

આજથી નિયમ કરો, હું મારા "businessની, office"ની, problemની aura લઈને ઘરમાં entry નહીં કરું, ઘરની બહાર 2min. ઊભા રહેવાનું, મંત્રોચ્ચાર કરવાના અને પ્રભુને પ્રાર્થના કરવાની... પ્રભુ! બધો ભાર તને સોંપું છું, "ઘરમાં હળવા થઈને પ્રવેશ કરવો છે!"

પ્રભુ પરિવારના સભ્યની office પણ પ્રભુ પરિવારની office હોવી જોઈએ. Office માં પણ તમારી aura એવી શુભ અને શાંત હોય કે સામેવાળી વ્યક્તિ ગમે તેવા mood માં હોય, તે પણ શાંત થઈ જાય.

પ્રભુ પરિવાર બનાવવા માટે ઘરના વડીલોએ કાતર નહીં, પણ stapler બનવું જોઈએ, બધાંને જોડીને રાખવા જોઈએ.

તમારા ઘરની બહાર door પર એક board હોવું જોઈએ, અહિંયા પ્રભુનો પરિવાર વસે છે. આ board વાંચીને અંદર આવનાર વ્યક્તિના ભાવ કેવા થઈ જાય!

સંસારમાં છો, સાથે રહેવાનું જ છે, સાથે રહેવાની તૈયારી પણ છે, પણ સ્નેહ અને શાંતિથી સાથે રહેવા માટેની art છે, પરિવારને પ્રભુ પરિવાર બનાવવો અને પરિવારના સભ્યોમાં ભાવિના ભગવાનના દર્શન કરવા!

પરિવાર, પ્રભુ પરિવાર ક્યારે બને, સ્વજન પ્રભુ પાત્ર ક્યારે બને? જ્યારે સાથે રહેવાની તૈયારી હોય! ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

દાઢી હો તો તો મિશિગનની માનુની જેવી, વરના

પુરુષના મુખ પર ગાલ પ્રદેશ તથા ડોક પર ઉગતા વાળ સમૂહને દાઢી તરીકે ઓળખવામાં આવે છે. દાઢી પુરુષોના ચહેરાની પ્રતિભા વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. દાઢીના અભ્યાસ ને અંગ્રેજીમાં 'પોગ્નોલોજી' કહે છે. એના પ્રમાણે વાળના રંગ, લંબાઇ, ઘાટીલાપણું તેમ જ વિસ્તારના આધારે અલગ અલગ પ્રકાર પાડવામાં આવ્યા છે.

દાઢીનું સંવર્ધન અને જતન કરવાનો શોખ એ કંઈ આજકાલની વાત નથી. એ વાતનો નક્કર પુરાવો આપણને રામાયણની સિરિયલમાં પાષાણ યુગના પુરુષો પણ દાઢીવાળા જ મળે છે. વળી, ઋષિ મુનિઓ તો દાઢીધારી જ હોય. અરે, સીતાને ઉપાડી જવાવાળો અ-સાધુ એવો રાવણ પણ દાઢીધારી હતો.

આજની વાત કરો તો દાઢી એ વ્યક્તિત્વની નિશાની છે. સ્ટાઈલીશ અને સ્માર્ટ મેઈક ઓવર કરવા માટે દાઢીનું ઑપ્શન અપનાવવામાં આવે છે. લગભગ મોટા સેલિબ્રિટીસ દાઢીધારી જ મળે. સૌથી મોટો નેતા હોય કે સૌથી મોટો અભિનેતા હોય- ફેમસ ક્રિકેટર હોય કે ફેમસ સીંગર હોય.દાઢી વગર એના સ્ટારડમમાં કંઈક ખૂટતું હોય એવું લાગે.

દાઢી રાખવાના ફાયદા છે. રોજેરોજ શેવિંગ કરવાની જફામાંથી બચી જવાય. મોંઘા મોંઘા શેવિંગ ક્રીમ, આફટર શેવ, રેઝર્સ જેવા ખરચામાંથી બચી જવાય. ગાલ પર વાળ હોવાથી ફેર એન્ડ હેન્ડસમ લગાડવાની જગ્યા ના રહેતા આવા ફેરનેસ ક્રીમના પણ પૈસા બચાવી શકાય. વળી ના કરે નારાયણ ને કોઈ થપ્પડ-શપ્પડ મારી દે તો ગાલ પરના વાળના કવચને કારણે કદાચ ઓછું વાગે. વળી આજના જમાનાની છોકરીઓ પણ બોયફ્રેન્ડ તરીકે બિઅર્ડ બોય પસંદ કરતી થઈ ગઈ છે, કારણ કે એ જાણે છે કે દાઢી ઉગાડવી અને એને મેઈનટેઈન કરવી એ ધીરજવાન છોકરો જ કરી શકે અને પોતાને પણ આવો ધીરજવાન છોકરો જ સંભાળી શકશે. જે દાઢીની આળપંપાળ કરી શકે એ લાડીની આળપંપાળ પણ કરી શકે. ડિસન્ટ દાઢી કેરી કરવા માટે ધીરજની સાથે એસ્થેટિક સેન્સ પણ જોઈએ.

એક સમયે દાઢી વધારવી દેવદાસનું લક્ષણ ગણવામાં આવતું હતું. પ્રિયતમાનું બીજે લગ્ન ગોઠવાઈ જાય,મોટું દેવું થઈ જાય, જીવનમાં ઘોર અંધકાર છવાઈ જાય, ત્યારે માણસની દાઢી વધી જાય. શ્રાવણ માસના એકટાણાં કર્યા છે એવી જાણ કરવા માટે દાઢી વધારવી પડે, પરંતુ આજે સ્માર્ટ મેક ઓવર માટે કોર્પોરેટ બિઅર્ડ, ફ્રેન્ચ બિઅર્ડ કે સર્કલ બિઅર્ડ રાખવામાં આવે છે.

ફેશન વર્લ્ડમાં પણ દાઢી ડંકા વગાડવા માંડી છે. આમ દાઢીએ તો સ્માર્ટ અને મેનલી દેખાવા માટે પુરુષોનું હાથવગું કુદરતી રફ ટફ ઘરેણું છે.

આ જ રીતે, દાઢી - મૂંછ મર્દાનગીનું પ્રતીક ગણાય છે. અલબત, ઘણા લોકો સાંઠ વરસના થાય તો પણ દાઢી ઊગતી નથી. વિદ્વાનોમાં દાઢી આવવી કે ઊગવી શબ્દના બેફામ પ્રયોગ સંદર્ભે વિરોધ પ્રવર્તે છે. કેમ કે , છોડની જેમ દાઢી મુખના ખામણાં કે કૂંડામાં આરોપવી પડતી નથી

દાઢી રાખનાર માટે લિમિટેડ ઓપ્શન રહે છે. ઋષિમુનિ જેવી દાઢી રાખો. ફ્રેન્ચ કટ રાખો. લગભગ આ દાઢી કુટુંબ નિયોજનના ઊંધા ત્રિકોણના સિમ્બોલ પરથી શોધાયેલ હશે તેમ 'મુન્નાભાઇ એમબીબીએસ' ફેઇમ સંજય દત કહે છે. એક જમાનામાં સંજય દત પણ ફ્રેંચ દાઢી રાખતો હતો. આપણને ફ્રેન્ચ વસ્તુનું આકર્ષણ ખાસ્સું છે. ફ્રેન્ચ ફ્રાય, સ્પ્રે, ફ્રેન્ચ લીવ, ફ્રેન્ચ કિસ અને ઘણું બધું. ઊંધા ત્રિકોણ પ્રકારની દાઢીને ફ્રેન્ચ કે ફ્રાન્સ દેશ સાથે શું સહસંબંધ છે ? શા માટે અમેરિકન કે જમૈકન દાઢી નહીં?? એવો વેલિડ સવાલ વાહિયાત રાજુ રદીને થાય છે.

અમિતાભ બચ્ચન 'નમકહલાલ' ફિલ્મમાં 'મૂંછે હો તો નથ્થુલાલ જૈસી , વર્ના ના હો' કહે છે. એનો અર્થ કે માત્ર નથ્થુલાલને મૂંછ ઊગે છે અને બીજા બધાને મકાઇ ડોડાના રેશમી મુલાયમ પૂંછ ઊગે છે.વાળ વગરનો ટાલિયો કહેવામાં આવે છે, પરંતુ જે સૂંઘી ન શકે તેને શું કહેવાય તે શબ્દ પ્રચલિત નથી તેમ જેને દાઢી ન હોય તેને શું કહેવાય તે જોવા માટે ભગવદ ગો મંડળ ચેક કરવું પડે.ટાલિયો નર સદા સુખી કહેવાય. બટ વોટ એબાઉટ દાઢાળા નર?

હવે કેટલાય સમાજ દાઢી- મૂંછની ફસલની કટાઇ ન કરવાના તાલીબાની ફતવા બહાર પાડી નાઇ સમાજના પેટ પર લાત મારી રહ્યા છે. રામાયણ-મહાભારતકાળમાં, દાસ, દાસી, લુહાર, સુથાર ઇવન ધોબી સમાજનો ઉલ્લેખ છે , પરંતુ, હજામ કે નાયી સમાજનો ઉલ્લેખ નથી, કેમ કે મહિલાની માફક પુરુષો કેશ રાખતા હતા, દાઢીમૂંછ પણ રાખતા હતા.એટલે નાયી સમાજ માટે આંધળાના શહેરમાં અરીસો વેચવા જેવી પ્રવૃત્તિ કરવાની રહે. શહેરોમાં આજકાલ હેર કટિંગ સલૂન કે યુનિસેકસ સલૂન ચાલે છે . જૂના જમાનામાં ગામડા ગામમાં શહેરો જેવી હજામતની દુકાન ન હતી.એ સમયે નાયી ઘર ઘર ફરીને કુટુંબના તમામ સભ્યોનું હજામત કરતા અને બદલામાં અનાજ મેળવતા.

દાઢી વધવા કે ન આવવા માટે ડીએનએ જવાબદાર છે. પુરુષોમાં દાઢી અને ટાલ માટે જનીન તત્ત્વો કારણભૂત છે. જેનો સ્ત્રીઓમાં અભાવ હોય છે!! સ્ત્રીઓને કપાળમાં કૂવો હોય છે તેમ કહેવાય છે. એટલે હેન્ડપંપ સિંચવામાં આવે તેમ ગમે ત્યારે ગમે તેટલી વાર ગમે તે જથ્થાનાં આંસુ વહેડાવી શકે છે. પુરુષોને હૃદયરોગ આવવા માટેનું નિમિત્ત બનનાર નારીઓને ક્યારેય હૃદયરોગનો હુમલો થતો નથી.!એ જ રીતે ટાલિયા નરની માફક ટાલ મારફત સુખી થઇ શકતી નથી.

કેટલીક મહિલાઓએ પુરુષોના દાઢીમૂંછ સાથે દાઢીમૂછ ઘસીને પુરુષ સમોવડી બનવાનો મહિલાર્થ કર્યો છે.દાઢી અને મૂછના કારણે એક મહિલાએ દશકાઓ સુધી ટોણા અને અસલામતીનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ હવે મહિલા એના દાઢી મૂછને પ્રેમ કરવા લાગી છે. મહિલાનું કહેવું છે કે એ હવે આનાથી બહાર આવી ચૂકી છે. હવે મહિલા દાઢી શેવ નથી કરતી. પરંતુ પોતાને કોન્ફિડેંટ માને છે.

આ મહિલાનું નામ અનિસા બેનેટ છે. એ કેનેડાના ન્યુ ફાઉન્ડલૈંડની રહેવાસી છે. અનિયમિત પિરિયડ્સ પછી ૧૨ વર્ષની ઉંમરમાં બેનેટ પહેલી વખત હોર્મોનલ ડિસઓર્ડર પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ હોવાનું નિદાન થયું હતું. આ દરમિયાન એની અંદર હિરસુટિઝમ ડેવલપ થઈ ગયો. હિરસુટિઝમ એવી અવસ્થા કહેવાય છે જેમાં શરીર પર વધુ પડતા વાળ ઉગવા લાગે છે.૪૧ વર્ષના બેનેટે કહ્યું કે મારી પ્યૂબર્ટીની શરૂઆત સાથે જ મારી મૂછો ઉગવા લાગી હતી. એના કારણે સ્કૂલમાં પણ મારા સહાધ્યાયી, મિત્રો વગેરે મને ચીડવતા હતા. એ સમયે મને બધા મંકી અને અન્ય નામોથી ચીડવતા. કિશોરાવસ્થામાં બેનેટની મા તેની દાઢી અને મૂછને બ્લીચ કરી દેતી હતી. પરંતુ વધતી ઉંમર સાથે મૂછ અને દાઢી ઘાટી થવા લાગી હવે તેના મોં, હાથ અને છાતી તેમ જ પેટ અને પગના ભાગે રુંવાટીના બદલે ઘાટા અને જાડા વાળ છે.

અમેરિકાના મિશિગનની માનુની સમૃદ્ધ દાઢીની માલિકણ છે. એને બકરી દાઢી આવતી નથી. એની દાઢીની લંબાઇ અગિયાર ઇંચ એટલે કે લગભગ એક ફૂટ છે. તેર વરસની ઉંમરથી દાઢી પહેલી નજરના પ્રેમની માફક દેખાવા માંડેલી. એને પોલિસ્ટિક ઓવરિયને લીધે દાઢી વધે છે, જેમાં હોર્મોન્સ ઇમ્બેલેન્સને લીધે વાળ વધે છે. એરીકની ઉંમર એકત્રીસની છે. હાલમાં દાઢીની લંબાઇ એકાદ ફૂટ છે.એરિક સો વરસની થશે ત્યારે એની દાઢીની લંબાઇ લગભગ સવાત્રણ ફૂટની હશે તેમ ત્રિરાશી માંડી રાજુ રદી અનુમાન લગાવે છે. ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

અભાવનો ચરુ ઉકળતો હોય પણ દેખાવ લાડા જેવો!

આપણા સૌનો અનુભવ હશે જ કે, આપણી આસપાસની ઘણી વ્યક્તિઓ મોટી મોટી (ખોટી) વાતો કરતી રહેતી હોય છે. તેમનાં વસ્ત્રોમાં નહીં પણ વાતોમાં જાણે શ્રીમંતાઈ છલકતી હોય છે! એવી વ્યક્તિઓનો પરિચય આપતી એક ચોવક છે: ''**લીલા લૅર નેં ખાધે જો ખૅર**''. કોઈને માત્ર એટલું પૂછો કે, કેમ છો? તો જવાબ આપશે: લીલા લહેર છે! પણ ખરેખર સ્થિતિ કંઈક જુદી જ હોય! ચોવકમાં પહેલો શબ્દ લીલા લહેર છે. 'ખાધે જો ખેર' ભગવાન ભરોસે! આમ તો લીલા લહેર પણ ખાવા માટે અન્નના વાંધા! ભાવાર્થ એવો થાય છે કે: વાતો ખૂબ સારી પણ હાલત નબળી.

એવા અર્થવાળી બીજી ચોવક છે: ''**લીર જો લાડો**'' પહેલો શબ્દ છે, 'લીર' જેનો મૂળ અર્થ થાય છે: ચિંથરું. 'જો' એટલે નો અને લાડો એટલે લાડો, દેખાવે સારા લાગવું. પણ એ ચોવકનો ભાવાર્થ પણ એવો જ થાય છે કે, માત્ર દેખાવ હોવો! અંદર તો અભાવા ચરુની માફક ભરેલો હોય!

એક હિન્દીમાં કહેવત છે: 'નાચ ન જાને, આંગન ટેઢા' જેને નૃત્ય કરતાં કે નાચતાં જ ન આવડતું હોય અને જો તેને નાચવા માટે આગ્રહ કરવામાં આવે તો એ કહેશે: આવી ઊબડખાબડ જમીન પર હું ન નાચું! હવે બીજો અર્થ આ કહેવતનો એવો પણ નીકળે કે, એવા કોઈ બહાને કામને ટાળવું! એવું કહેવા માટે એક ચોવક રચાઈ છે: ''**લિખણૂં ન વે ત લેખણ વિંગી**'' 'લિખણૂં' એટલે લખવું. 'ન વે' એ બે એકાક્ષરી શબ્દસમૂહનો અર્થ થાય છે: ન હોય. 'ત' એટલે ત્યારે. 'લેખણ'નો અર્થ થાય છે: લેખની કે કલમ અને 'વિંગી' એટલે ત્રાંસી! ભાવાર્થ થાય છે: કામ ન કરવાનું બહાનું કાઢવું.

'કચ્છી ચોવક'ના વોટ્સએપ ગ્રુપમાં વાચકમિત્ર હરેશ ગડાએ એક સુંદર ચોવક પોસ્ટ કરી છે, જે પણ ઉપરોક્ત ચોવકોના ભાવાર્થને સ્પર્શતી હોય તેવી લાગે છે. ચોવક છે: ''**ખાંઢી મેં જો ખખરે સેં વેર**'' અહીં પહેલા બે શબ્દોનો શબ્દાર્થ સાથે રાખીને સમજવો પડશે. ''ખાંઢી મેં''નો અર્થ થાય છે જેના શિંગડાં તૂટી ગયાં હોય તેવી ભેંસ. 'મેં' એટલે ભેંસ. 'ખખરો' એવાં વૃક્ષનું નામ છે જેમાં કેસૂડાં ઊગે છે. 'સેં' એટલે થી અને વેરનો અર્થ દુશ્મનાવટ. જેનાં માથા પર શીંગડાં જ નથી એવી ભેંસ (લડવા માટે). કેસૂડાંનાં સુંદર વૃક્ષને તો શું પણ ફૂલના છોડને પણ દુશ્મન ન ગણે! કોઈ અશક્તિમાન હોય તે સંબંધો રાખવા - બાંધવા કે લડવા માટે પોતાની અશક્તિ કબૂલ ન કરે પણ 'હું તો એને હડકાવું પણ નહીં' જેવું બહાનું આગળ ધરે!

તો, વળી એવા પણ ઘણા હોય છે. જે મતલબ વગર કામ ન કરે. પોતાનો સ્વાર્થ જોતાં રહેતા હોય છે. એટલે જ ગુજરાતીમાં કહેવત છે: લાલો લાભ વગર ન લોટે અને કચ્છીમાં પણ ચોવક છે કે, ''**લાલો લાભ વિગર ન લેટે**'' ચોવકમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો ગુજરાતી કહેવત જેવા જ હોવાથી શબ્દાર્થમાં નથી જતા.

ઘણાંની વાતો સાંભળતાં જ સમજાઈ જાય કે, એ બધી અર્થ વગરની વાતો છે. તે અર્થ વગરની વાતો માટે પણ એક ચોવક છે, અને તે પણ માત્ર ત્રણ શબ્દોની જ બનેલી. તેમાં પણ બે શબ્દો તો એકાક્ષરી છે! ચોવક છે: ''**લા નિકાંસા**'' 'લા' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો મૂળ અર્થ થાય છે: લાય. પરંતુ અહીં ચોવકને સમજવા માટે 'લા' અને ત્રીજા શબ્દ 'સા'ને સાથે રાખવા જરૂરી રહેશે. જેનો અર્થ થાય છે: વાતમાં સાર ન હોવી! 'નિકાં' નો અર્થ થાય છે: ન હોવું! ચોવકનો ભાવાર્થ થાય છે: વાતમાં હિંગનો પણ હડાણો ન હોવો! ■

મગજ મંથન (આઠમા પાનાનું ચાલુ)

આક્ષેપ કાયમ રહેવા પામ્યો છે. આદર્શ શિક્ષક માટે તો બધા વિદ્યાર્થી એકસમાન હોવા જોઈએ. સમજો કે શિક્ષકોને એક જ આંખ હોવી જોઈએ. ગરીબ - તવંગર,હોશિયાર - ઠોઠ જેવા ભેદભાવ શિક્ષકના વર્તનમાં ના હોવા જોઈએ. દરેક વિદ્યાર્થીને સરખું માન આપવું જોઈએ. એક સમાન વ્યવહાર કરવો જોઈએ.

(૫) ભણાવવા પ્રત્યે પ્રેમ ધરાવે છે: શિક્ષકનો વ્યવસાય પસંદ કર્યો છે ત્યારે ફરજમાં આવતું શિક્ષણ કાર્ય નિષ્ઠાપૂર્વક બજાવવું જોઈએ.શિક્ષકમાં ભણાવવાનો ઉત્સાહ અને પ્રેમ છલકાતા હોવા જોઈએ. ઘડિયાળના કાંટે કામ કરનારા શિક્ષકો સફળ શિક્ષક બની શકતા નથી.

(૬) વિષયમાં તજજ્ઞ હોય છે: શિક્ષક માટે જ્ઞાન તો આવશ્યક છે જ, પણ એ પૂરતું નથી. જ્ઞાનને પચાવવા, સરળ બનાવવા અને વિદ્યાર્થીઓના મનમાં ઉતારવા મહેનત કરવી પડે... વર્ગમાં જતા પહેલાં તેની તૈયારી કરવી જોઈએ. તાલીમ લેવી જોઈએ. પ્રયોગ કરવા જોઈએ. આજના ઘણા શિક્ષકો તો જે ભણાવવાનું હોય છે, તેના આગલા દિવસે તૈયારી કરે છે ! આથી જ જાણીતા કેળવણીકાર ગુણવંત શાહ કટાક્ષમાં કહે છે કે શિક્ષક એટલે વિદ્યાર્થી કરતાં એક દિવસ આગળ !' શિક્ષકે પોતાની લાયકાત અને જ્ઞાન વધારવા હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ.પૂરી તૈયારી કર્યા વિના વર્ગ લેનાર શિક્ષક વિદ્યાર્થીઓનો અમૂલ્ય સમય બગાડે છે.

(૭) વિષયને રસમય શૈલીમાં રજૂ કરવાની ક્ષમતા : વિદ્યાર્થીઓની ખાસિયત તપાસી એને જે રીતે એના વિષયમાં સૂઝ પડે અને રસ ઉત્પન્ન થાય તેવા ઉપાય સતત શોધતા રહેવા જોઈએ.કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓના પ્રશ્નોથી મૂંઝાય છે.સારો શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવાની તક આપે છે. એની જ્ઞાન મેળવવાની ઉત્સુકતા અને જવાબો આપી એના પ્રશ્નોનું સમાધાન કરે છે.

(૮) શિક્ષક ચારિત્ર્યનો અણીશુધ્ધ હોવો જોઈએ: શિક્ષકોનું ચારિત્ર્ય અણીશુધ્ધ હોવું જોઈએ. એ પોતાના વિષયમાં ઓછો પ્રવીણ હશે તો ચાલશે પણ અશુધ્ધ ચારિત્ર્ય કદાપી ચલાવી ન લેવાય. આદર્શ શિક્ષક વિદ્યાર્થીઓના અભ્યાસમાં જ નહીં,પણ એના આખાયે જીવનમાં રસ લે અને એના હૃદયમાં ઊતરવા પ્રયત્ન કરે તે જરૂરી છે. એવા શિક્ષક સાથે વિદ્યાર્થીની નીકટતા વધે છે.

(૯) રહેણીકરણી અને પહેરવેશમાં સ્વચ્છ ને સંયમી: આદર્શ શિક્ષકનો પહેરવેશ સાદો અને પ્રભાવશાળી હોવો જોઈએ. પહેરવેશને આધારે જ શિક્ષકની ઓળખ ઊભી થઈ જાય એવો પહેરવેશ શિક્ષકનો હોવો જોઈએ.પહેરવેશની સાથે સાથે આદર્શ શિક્ષકના આચાર -વિચાર ને રહેણીકરણી પણ આદર્શ હોવી જોઈએ.સાથે સાથે તે નિર્વ્યસની પણ હોવો જોઈએ.

'જે વ્યક્તિ અઘરી વાતને સહેલી બનાવે છે તે શિક્ષક છે.' - એમર્સન ■

ઔર યે મૌસમ હંસીં (સાતમા પાનાનું ચાલુ)

હોય એ કથામાં નાયક એના કરતાં વધુ વિકરાળ દર્શાવવો જરૂરી હોય છે. આપણી સનાતન કથા મુજબ ભગવાન નરસિંહ હિરણ્યકશિપુને મળેલા વરદાન મુજબ થાંભલામાંથી પ્રગટ થાય છે અને યુદ્ધ વખતે ભગવાન એને પકડીને પેટ ચીરી નાખે છે જે દર્શકોને સતત અનુભૂતિ કરાવે છે કે ભગવાન જે રીતે પ્રહલાદ સાથે છે એ જ રીતે સદા અમારી સાથે હોય છે.

આપણે મહદ્‌અંશે ફિલ્મોમાં જંગલમાં આદિવાસી સમાજના મુખૌટા જોયા છે. મોટે ભાગે વાંસ, ઘાસ કે કુદરતી ઘટકોના ઉપયોગથી મુખવટા બનાવેલા જોયા છે. શ્રીલંકામાં મુખૌટાનો ખાસ ઉપયોગ છે, શ્રીલંકામાં અલગ અલગ બીમારીઓના ઇલાજ તરીકે જાતજાતના મુખૌટા પહેરવામાં આવે છે.

ટૂંકમાં મુખૌટા ઉર્ફે મુખવટો અર્થાત્ માસ્ક બડે કામ કી ચીજ હૈ! ■

ધ એન્ડ :

તમે કંઇ પણ કરી શકો છો, પણ બધું જ કરી શક્તા નથી. (ડેવિડ એલન)

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

A	B
PRAY	શિકાર
PREY	સ્વાભિમાન
PRICE	બક્ષીસ
PRIZE	કિંમત
PRIDE	પ્રાર્થના કરવી

ઓળખાણ રાખો

પ્રાકૃતિક સૌંદર્ય જેમાં ઠાંસી ઠાંસીને ભર્યું છે એ કબી પ્રાંત કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી? અહીં બૌદ્ધ ધર્મના લોકો વધુ વસે છે.

અ) મલેશિયા બ) જાપાન ક) શ્રીલંકા ડ) થાઈલેન્ડ

ગયા વખતનો ઉકેલ

૧ ભ	૨ ર	૩ પૂ	૨		૪ અ	લ	ગ	૫ તા	
૬ રા	સ	ડા		૭ આ	મ			૮ બે	૯ સ
૧૦ વ	ધ		૧૧ ચ્ચ	વ	ન	૧૨ પ્રા	શ		મ
૧૩ દા	ર			કા		ક્ર		૧૪ હ	જૂ
ર		૧૫ આ	૧૬ ભા	ર		૧૭ ત	૧૮ સુ		તી
	૧૯ આ	દ	ર	પા	ત્ર		૨૦ રા	જ	
૨૧ સ્વા	ગ	ત		ત્ર		૨૨ અ	જ		૨૩ રિ
૨૪ ય	લો		૨૫ ધો		૨૬ જા	વ		૨૭ કા	યા
ત્ત		૨૮ જ	ડ	ચે	ત	ન			સ
૨૯ તા	જ	પો	શી		૩૦ રા	ત	વ	ર	ત

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨			૩		૪	૫	૬
				૭			૮		
૯	૯/અ		૧૦						
૧૧		૧૨		૧૩		૧૪		૧૫	
		૧૬	૧૭						
૧૮	૧૯				૨૦				૨૧
				૨૨				૨૩	
૨૪		૨૫				૨૬	૨૭		
		૨૮			૨૯		૩૦	૩૧	
૩૨				૩૩					

આડી ચાવી

૧. બળવાન, સમર્થ (૪)
૩. નકામું, રદ કરેલું (૫)
૭. કાવ્ય પંક્તિના અંતે અક્ષર મળતા આવે તે (૨)
૮. 'વળગવું'નું અજ્ઞાર્થ (૩)
૯. નાના બાળકને ખવડાવો (૨)
૧૦. ---- ભારત નવી ટ્રેન (૨)
૧૧. સ્મશાનયાત્રા (૩)
૧૩. મૃગયા, ભક્ષ, ભોગ (૩)
૧૫. નસ (૨)
૧૬. ખચ દઈને મારવાનો અવાજ (૩)
૧૮. કલાત્મક (૪)
૨૦. અંદર રહેવું તે (૫)
૨૨. પક્ષાઘાત (૩)
૨૩. સરખું, ના જેવું (૨)
૨૪. અઘરી, કપરી (૩)
૨૬. એક નાનકડું માપ (૨)
૨૮. એકીસાથે (૪)
૩૦. બાળકી આંગણામાં ---- હોય (૩)
૩૨. એક ફૂલ, લક્ષ્મીનું આસન (૩)
૩૩. તીરકામઠું (૫)

ઊભી ચાવી

૧. શરમાવું પડે એવું (૬)
૨. ડાળી (૨)
૩. આરોગ્ય માટે ફળોને ---- સારો (૨)
૪. ---- વાવો તો કાંટા મળે (૩)
૫. તળિયું (૨)
૬. હારોહાર (૪)
૭. પ્રદેશનું, ગામઠી (૪)
૯અ. બંધી, નિષેધ (૨)
૧૨. જવાબદારી, નુકસાનની ધાસ્તી (૩)
૧૪. સહેલું કામ (૫)
૧૫. રહેઠાણ (૪)
૧૭. એક લોકપ્રિય પીણું (૨)
૧૯. યોગ્ય (૩)
૨૦. ખોળો (૨)
૨૧. સમાધાન, શિખામણ (૪)
૨૨. ઓછી સંખ્યાવાળો સમુદાય (૪)
૨૪. ડર, ભય, રોગ (૩)
૨૫. રીસાઈ જાય એવું (૩)
૨૭. ---આંખોમાં અંજાય (૩)
૨૯. ચીસ, પોકાર (૨)
૩૧. માળવે જવા માટે જોઈએ (૨)

ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જંગલમાંથી પસાર થતી વખતે એકલદોકલ વટેમાર્ગુ મળી જાય' પંક્તિમાં વટેમાર્ગુ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) વરુ બ) વારસદાર ક) શિકારી ડ) મુસાફર

માતૃભાષાની મહેક

મહાવીર જન્મ કલ્યાણક (અથવા મહાવીર જયંતી) જૈન ધર્મના અનુયાયીઓ માટે પવિત્ર દિવસ ગણાય છે. આ દિવસને તેઓ તહેવાર તરીકે મનાવે છે. આ દિવસને વીર તેરસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન ધર્મના ચોવીસમા તેમજ છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ થયો હતો.

ગુજરાત મોરી મોરી રે

'વ્યવહારમાં સદાચરણ રાખતી વ્યક્તિનું રક્ષણ ઈશ્વર કરે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

નીતિએ અનીતિએ વસે નારાયણ ભસે કૂતરાં ને

ઈર્શાદ

તમે શ્વાસ લઈને બેઠાં, હા બેઠા,
પણ મારા તો શ્વાસ થઈને બેઠા.

-- જૈન સ્તવન

સુડોકુ-૬૦૭૩

	૮		૨		૩		૭	
૨	૫					૬	૮	
૬			૭		૫			૧
	૭	૬	૪		૨	૧	૩	
	૧	૨	૩		૮	૬	૫	
૯			૫		૭			૩
૭	૨					૮	૬	
	૩		૮		૬		૯	

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૬૦૭૨

૬	૭	૯	૩	૮	૫	૨	૪	૧
૪	૮	૧	૭	૨	૯	૩	૬	૫
૩	૨	૫	૧	૬	૪	૮	૭	૯
૮	૪	૨	૫	૭	૬	૧	૯	૩
૯	૧	૭	૨	૪	૩	૫	૮	૬
૫	૩	૬	૮	૯	૧	૭	૨	૪
૨	૯	૩	૪	૫	૭	૬	૧	૮
૧	૬	૮	૯	૩	૨	૪	૫	૭
૭	૫	૪	૬	૧	૮	૯	૩	૨

માઈન્ડ ગેમ

અમદાવાદ - ભાવનગર હાઈવે પર વલ્લભીપુર નજીક આવેલા આદિનાથ દાદાનું દેરાસર કયા નામથી પ્રચલિત છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) સિદ્ધ ક્ષેત્ર બ) અયોધ્યાપુરમ
ક) હસ્તગિરિ ડ) તખ્તેશ્વર

ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

A	B
OAR	હલેસું
OATH	શપથ
OBESE	ગોળમટોળ
ONUS	બોજો
OOZE	ઝરવું

ગુજરાત મોરી મોરી રે
થોડી વહરારનું મોઢું કાળું, ને ઘણી વહરારનું જોવું સારું

ઓળખાણ પડી? Gazelle

માઈન્ડ ગેમ સ્ટીફન હોકિંગ

ચતુર આપો જવાબ અર્થ જણાવો લાલસા

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) મુલરાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતિન બજરિયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) કિશોર બી. સંઘરાજકા

■ કિરણ રાયવડેરા

આજથી ઉત્તરાર્ધ આરંભ

'પત્નીની બાબતમાં હું ખરેખર ભાગ્યશાળી છું!'

ઈસ્ટર્ન બાયપાસના મોડ પર ડિવાઈન' ગેસ્ટહાઉસના એક રૂમમાં આરામ કરતાં કુમાર એની પત્ની શ્યામલી વિશે વિચારતો હતો. શ્યામલી ન હોત તો આજે એને સાચે જ મરી જવું પડત. લેણદારોના દબાણને કારણે ફાંસો ખાઈ લેત અથવા ઊંચા મકાનથી નીચે પડતું મૂક્યું હોત. શ્યામલીએ એને મોતના મોઢામાંથી બહાર કાઢ્યો અને રસ્તો સૂઝાડ્યો હતોઃ

'મરી જા કુમાર મરી જા'!

ત્યારે તો કુમાર ચોંકી ઊઠ્યો હતો. એ સમજ્યો હતો કે શાહુકારોના મેણાંટોણાં સાંભળીને રઘવાયેલી થયેલી શ્યામલી એને મરી જવાની સલાહ આપે છે પણ તે પછી શ્યામલીએ ચોખવટ કરી હતી કે મરવાનું નાટક કરીને અંડરગ્રાઉન્ડ ચાલ્યો જા. બધું થાળે પડી જશે પછી કોઈ રસ્તો કાઢશું.

આજે સરકારી ચોપડે કુમાર ચક્રવર્તીનું મૃત્યુ' નોંધાઈ ચૂક્યું હતું. ધીરે ધીરે લેણદારો વિખરાતા ગયા અને શ્યામલીના પ્લાન મુજબ બધું થાળે પડતું ગયું.

પણ હવે કુમારને ઝાઝો સમય મૃતક'ની ભૂમિકા નિભાવવામાં રસ નહોતો પડતો. એ થાક્યો હતો દોડી દોડીને. આપણે જ્યારે ગુનો કર્યો હોય ત્યારે રસ્તાના ટ્રાફિક કોન્સ્ટેબલને આપણી તરફ આવતો જોઈને ભય લાગે. પહેલો જ વિચાર એવો આવે કે પોલીસને આપણા અપરાધ વિશે ખબર પડી ગઈ અને એ આપણને એરેસ્ટ કરવા આવે છે.

કુમારની હાલત આવી જ હતી. ભય અને અસલામતી વચ્ચે ગેસ્ટહાઉસ બદલતા રહેતા કુમારને હવે પોતાને ઘરે પત્ની સાથે રહેવાની-જીવવાની ઇચ્છા જાગી ઊઠી હતી.

એક વાત એણે કદી શ્યામલીને નહોતી કરી પણ ઊંડે ઊંડે એને કોરી ખાતી હતી કે પૈસા માટે એણે શ્યામલીને ગુમાવવી પડી હતી. એટલું જ નહીં, વિક્રમ દીવાન નામનો એક શ્રીમંત નબીરો શ્યામલીની જિંદગીમાં પ્રવેશી ચૂક્યો હતો એ વાત એને ખટકતી હતી. શ્યામલી પ્રેમનું માત્ર નાટક કરતી હતી અને એ હંમેશાં કુમારને સમર્પિત રહી હતી એ જાણવા છતાંય કુમારની સહનશક્તિ ખૂટી રહી હતી.

શ્યામલી જેવી બુદ્ધિમંત અને પ્રેમાળ પત્નીનો સાથ કોણ જીવનભર ન ઇચ્છે?

એમાંય આજે તો એણે કમાલ કરી. ફોન પર એણે જ્યારે શ્યામલીને કહ્યું કે વિક્રમ એની સાથે મકાનની બહાર અથડાયો હતો અને કદાચ એને શંકા પડી ગઈ હતી, ત્યારે શ્યામલી ફક્ત એટલું જ બોલી હતીઃ 'ડોન્ટ વરી કુમાર, હું કોઈ યોજના વિચારું છું.'

કુમારને ત્યારે શ્યામલી પ્રત્યે માનની લાગણી થઈ. આપણને કોઈ સમસ્યા મૂંઝવતી હોય ત્યારે અચાનક કોઈ ધરપત આપે કે તમે ચિંતા ન કરો, હું સંભાળી લઈશ ત્યારે કેવી રાહતની લાગણીનો અનુભવ થાય!

કુમાર વિચારમાં પડી ગયો હતો - શ્યામલી શું રસ્તો કાઢશે?

બે કલાક પછી શ્યામલીનો ફરી ફોન આવ્યો હતો.

'કુમાર, ઘાત ટળી ગઈ છે. વિક્રમને પૂરો સંતોષ થઈ ગયો છે અને હજી હમણાં જ ફ્લેટથી નીકળ્યો છે.' ત્યાર બાદ એણે વિક્રમની શંકાનું કેવી રીતે સમાધાન કર્યું એ અંગે સવિસ્તર ખુલાસો કર્યો. કુમાર આફરીન પોકારી ગયો.

શ્યામલીએ વિક્રમને કહ્યું હતું કે કોઈ એના પતિ જેવો દેખાવ ધરાવતો કોઈ ઠગ એને ફોન પર ધમકી આપતો ફરે છે કે વિક્રમ દીવાન અને શ્યામલી વચ્ચેના સંબંધની વાત એ છાપાવાળાને કહી દેશે.

'બાપરે, શ્યામલી, મને પણ નહોતી ખબર કે તારા મગજમાં આવી ભયંકર તરકીબો આવી શકે છે.' કુમાર પ્રશંસાના સૂરમાં બોલ્યો હતો.

'જિંદગી અને ખાસ કરીને સમસ્યાથી ભરેલી જિંદગી બધું શિખવાડી દે છે, કુમાર.' શ્યામલી બોલી હતી. શ્યામલીના અવાજમાં રહેલી ઠંડક કુમારને દઝાડી ગઈ હતી.

કુમારને એક વાર કહેવાની ઇચ્છા થઈ આવી -

'શ્યામલી, ચાલ આપણે બીજા શહેરમાં નામ બદલીને સ્થાયી થઈએ. હવે એક સામાન્ય જીવન શાંતિથી ગાળી શકીએ એટલા પૈસા તો છે આપણી પાસે.' પણ કુમાર બોલી ન શક્યો. એને ખાતરી હતી કે શ્યામલી એનો પ્રસ્તાવ નહીં સ્વીકારે. એવું લાગતું હતું કે શ્યામલી ધીરે ધીરે દૂર થતી જાય છે.

કુમારને ભય લાગ્યો હતો કે એ શ્યામલીને હંમેશ માટે ખોઈ ન બેસશે. એક દિવસ વિક્રમ દીવાન જેવી શ્રીમંત બાપની બગડેલી ઔલાદ એને લઈ જાય એ પહેલાં શ્યામલીને પેલા વિક્રમથી દૂર કરવી જોઈએ.

કંઈક કરવું જોઈએ, કોઈ તરકીબ વિચારવી જોઈએ. શ્યામલીના ભેજામાં ઊગી આવે છે એવો કીમિયો. અને અચાનક કુમારના ચહેરા પર હાસ્ય ફેલાવા લાગ્યું.

એને એક પ્લાન સૂઝી આવ્યો. એ ગેસ્ટહાઉસની બહાર આવ્યો. પાસેના એસ.ટી.ડી. બૂથમાંથી એક ફોન જોડ્યો. :

'બેલ્લો...' કુમારે વાત કરવાની શરૂઆત કરી.

****

'શ્યામલી, તું ફિકર નહીં કરતી.' વિદાય લેતી વખતે શ્યામલીને સાંત્વન આપતી વખતે કહ્યું હતું :

'હવે બીજી વાર એ મવાલીનો ફોન આવે કે તું હિંમતથી એને કહી દેજે કે હવે ફરી ક્યારેય મને હેરાન કરવાનો પ્રયાસ કર્યો છે તો હું પોલીસની મદદ લઈશ.'

'થેન્ક યુ વિક્રમ, સોરી, તને બહુ તકલીફ આપી.' શ્યામલીના ગળે ડૂમો ભરાયો હતો.

'ઈટ્સ ઓલરાઈટ, શ્યામલી, તારા માટે કાળી રાતે પણ હાજર થઈ જઈશ.' ઉત્સાહમાં બોલાઈ તો ગયું પણ વિક્રમને લાગ્યું કે વધુ પડતું બોલાઈ ગયું છે.

'તું ન હોત તો મારું શું થાત?'

શ્યામલીના ફ્લેટથી નીકળીને વિક્રમ લિફ્ટમાંથી નીચે આવ્યો. હવે ઑફિસે જવું જોઈએ. એક આંટો ઑફિસે મારીને પછી ઘરે ચાલ્યો જઈશ. પૂજા સૂઈ જાય અને ફરી કંઈક સપનામાં જુએ એ પહેલાં ઘરે પહોંચી જાઉં તો સારું.

કાર સ્ટાર્ટ કરીને એ શ્યામલીના વિચારે ચડી ગયો. એના પતિ જેવો આબેહૂબ ચહેરો ધરાવતો માણસ શ્યામલીને ધમકાવતો આવે એ વાત શ્યામલીના મોઢે સાંભળી ત્યારે ગળે ઊતરી ગઈ હતી.

હવે એકલા બેસીને વિચાર કરતાં વિક્રમને થયું :

કોઈ માણસ શ્યામલીને શા માટે હેરાન કરે? એ કોઈ શ્રીમંત વિધવા તો નથી કે એને બીવડાવીને કોઈ એની પાસેથી રુપિયા પડાવી શકે?

વળી આ શ્યામલીના પતિનો ડુપ્લિકેટ ક્યાંથી ફૂટી નીકળ્યો? આખી વાત થોડી ફિલ્મી અને પોકળ લાગવા માંડી હતી.

શ્યામલીના ઘરે અનુભવેલો ઉત્સાહ ધીમે ધીમે ઓસરવા લાગ્યો હતો. જ્યાં સુધી શ્યામલી સામે રહેતી, વિક્રમ એની દરેક વાત પર વિશ્વાસ કરી લેતો. જેવો એ એનાથી દૂર થાય કે એની આસપાસ સંદેહનું એક જાળું રચવા લાગે અને એ જાળમાં ફસાતો જાય.

વિક્રમ થાકી ગયો. એ કંટાળી ગયો હતો. વારંવાર એક જ વાત વિચારીને. ઘણી વાર માણસમાં આત્મવિશ્વાસનો અભાવ હોય ત્યારે એ બધાને શંકાની નજરે જોવા લાગે છે. વિક્રમ સાથે પણ કંઈક એવું જ થયું હતું.

એણે કાર ઑફિસના રસ્તે મારી મૂકી.

એ જ પળે એનો સેલ રણકી ઊઠ્યો.

'હલ્લો...' વિક્રમને લાગ્યું કે સામે છેડેથી સંભળાતો અવાજ જાણે કોઈ ગુફામાંથી આવતો હોય એવો લાગતો હતો.

મિસ્ટર વિક્રમ દીવાન, તમે મને નહીં ઓળખો એટલે તમારી યાદશક્તિને કોઈ તકલીફ નહીં આપતા. એક અગત્યની ઇન્ફોર્મેશન તમને આપવા માગું છું. શ્યામલી ચક્રવર્તી તમને ડબલ ક્રોસ કરી રહી છે. હું તમારો હિતેચ્છુ છું એટલે તમને ચેતવું છું. શ્યામલી અને એના પતિએ ભેગાં મળીને મારી પાસેથી ઘણા રુપિયા ઓકાવ્યા છે. એટલે તમારી પણ એવી દશા ન થાય એટલા માટે તમને વોર્નિંગ આપું છું. બહુ મોડું થઈ જાય એ પહેલાં શ્યામલીને છોડીને નીકળી જાવ આ બધામાંથી દો, બાય! '

સ્તબ્ધ વિક્રમ દીવાન ક્યાંય સુધી ચૂપચાપ ગાડી ચલાવતો રહ્યો. વારંવાર મનમાં એક જ પ્રશ્ન ઘોળાયા કરતો હતો :

કોણે હતો એને આ ફોન કરનારો ?

****

'જગમોહન, ઘરે ક્યારે આવો છો?'

આટલું નાનકડું વાક્ય બોલતા પ્રભા હાંફી ગઈ હતી.

કેટલાં વરસો બાદ એણે જગમોહન સાથે આ રીતે વાત કરી હશે. પ્રભાને ખુદને પોતાની વર્તણૂક પર આશ્ચર્ય થતું હતું.



ક્યાં ગયું એનું ગુમાન? ક્યાં ગયો એનો ક્રોધ? પ્રભા જાણે પોતાની જાતને જ ટોણાં મારતી હતી.

સામે છેડેથી જગમોહન પૂછતો હતોઃ

'કોણ બોલે છે?'

એ ગંભીરતાથી પૂછે છે કે પછી એની મશ્કરી કરવા એ અજાણ્યા બનવાનો ઢોંગ કરે છે? જગમોહનને પણ કદાચ આશ્ચર્ય થયું હશે કે પ્રભા આટલી મૃદુતાથી એની સાથે વાત કરે છે.

'શું જગમોહન, તમે પણ! હું છું પ્રભા... પ્રભા જગમોહન દીવાન, તમારી ધર્મપત્ની.'

સામે છેડે મૌન છવાઈ ગયું. કદાચ જગમોહનને આઘાત લાગ્યો હશે. પ્રભા મનોમન હસતી હતી. કોઈ દિવસ સીધા મોઢે વાત ન કરનારી પત્ની આજે અચાનક આદર્શ હિન્દુ નારીની જેમ વાત કરી રહી છે.

'તમે સાચે જ મારાં પત્ની છો?'

જગમોહને પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું :

'નો, આઈ મીન, હું મારી ધર્મપત્નીને સારી રીતે ઓળખું છું. તમારો અવાજ એને મળતો આવતો હોય પણ બોલવાની તમારા બંનેની રીત તદ્દન જુદી છે. આ જ પ્રશ્ન મારી પત્નીએ બીજી જ રીતે પૂછ્યો હોત. એ દાંતિયા કરતી પૂછત, ઘરે ક્યારે આવો છો?'

પ્રભા હસી પડી.

મને ગમ્યું, જગમોહન, તમે મારા ચાળા પાડ્યા એ ગમ્યું. આ બહાને તમારો ગુસ્સો નીકળી જશે અને તમે મને ઓળખી શકશો.'

'પ્રભા, આઈ એમ રિયલી સરપ્રાઇઝ્ડ... તું હસી શકે છે એ મેં આજે જાણ્યું. તું સોફ્ટલી વાત કરી શકે છે એની મને આજે ખબર પડી. થેન્ક યુ, પ્રભા, મને ગમ્યું.'

'જગમોહન, હજી તો તમને ઘણી બધી વસ્તુની ખબર નથી... ખેર, ધીરે ધીરે ખબર પડી જશે. તમે મારા પ્રશ્નનો હજી જવાબ નથી આપ્યો. ક્યારે ઘરે આવો છો?'

'પ્રભા, તારો સ્વભાવ રાઅતોરાત સુધરી કેવી રીતે ગયો?' જગમોહન જાણે પ્રશ્ન પૂછીને આનંદ મેળવતો હતો.

પ્રભાની અંદર ધરબાયેલો રોષ સ્પ્રિંગની જેમ છટકી બહાર આવ્યો. ભવાં ખેંચાઈ ગયાં. આ માણસ એની જાતને શું સમજે છે? હું જેટલી મૃદુતાથી વાત કરું છું એટલું મારું અપમાન કર્યા કરે છે. પ્રભા કંઈક બોલવા જતી હતી પણ છેલ્લી ઘડીએ એણે શબ્દોને ફરી મોઢામાં ધકેલી દીધા : ના, હજી હમણાં તો નિશ્ચય કર્યો હતો કે હવે કોઈ રીતે ઉશ્કેરાવું નથી અને સમાધાનનું વલણ અપનાવવું છે.

તમારે જે બોલવું હોય એ તમે બોલો. તમને પ્રશ્ન પૂછવામાં મજા આવતી હોય તો પૂછી શકો છો. હું તો તમને એ જ પૂછતી રહીશ કે તમે ઘરે ક્યારે આવો છો?' પ્રભા મહામહેનતે શબ્દોને ગોઠવી ગોઠવીને બોલતી હતી.

સામે છેડે ફરી થોડી ક્ષણ માટે ભારેખમ મૌન પથરાઈ ગયું.

'સોરી, પ્રભા... ફોન કરવા બદલ થેન્ક્સ' જગમોહનનો બદલાયેલો સ્વર એના કાને અથડાયો, અમે થોડી વારમાં જ ઘરે આવીએ છીએ... બાય.' જગમોહને ફોન મૂકી દીધો.

પ્રભા જાણે ખુશીથી ઝૂમી ઊઠી. જગમોહન ઘરે આવે છે, એણે વિચાર્યું. અચાનક એના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો - જગમોહને એમ શા માટે કહ્યું કે અમે આવીએ છીએ.આ અમે એટલે કોણ?

જગમોહન કોને લઈને ઘરે આવે છે? પછી પોતાના પ્રશ્ન પર હસીને પ્રભાએ મનને ટપાર્યુંઃ હવે આ ઉંમરે જગમોહન કોઈ કુંવારીને થોડી પરણીને લાવવાનો છે કે હું ચિંતામાં પડી ગઈ.

****

'કાકુ, તમને સાંભળીને ખરાબ લાગશે પણ તમારે તમારી પત્ની સાથે આ રીતે વાત ન કરવી જોઈએ!'

પ્રભા સાથેનો ફોન મૂક્યા બાદ ગાયત્રીના અણધાર્યા હુમલાથી જગમોહન ડઘાઈ ગયો. કરણની હાજરીમાં ગાયત્રી એને આમ ટોકી દેશે એવું જગમોહને નહોતું ધાર્યું. એ પ્રત્યુત્તરમાં કંઈક કહેવા જતો હતો પણ પછી ચૂપ રહ્યો. કરણની હાજરીમાં ગાયત્રી સામે દલીલ થાય એ યોગ્ય નહીં ગણાય.

'હા પપ્પા, ગાયત્રી સાચું કહે છે!' કરણે પણ ગાયત્રીની વાતમાં સૂર પુરાવ્યો.

જગમોહન ધારદાર નજરે ગાયત્રીની સામે જોતો રહ્યો. જાણે કહેતો હોય કે મારા દીકરાને આ રીતે ઉશ્કેરીને તેં સારું નથી કર્યું.

(ક્રમશઃ)■

ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

એક માણસ પાસે કેટલા હોય છે મુખવટા?

કોવિડ સમયમાં માસ્ક પહેરવાની આદત પડી હતી. આજે પણ ઘણા લોકો માને છે કે શરદી-ખાંસી જેવી સામાન્ય બીમારીથી દૂર રહેવા માસ્ક મદદરૂપ રહ્યું હતું. ભારતમાં પ્લેગ સહિત અનેક બીમારી વખતે માસ્ક પહેરીને અસંખ્ય જિંદગી બચાવવામાં આવી હતી. વાત એટલી જ છે કે આપણી પાસે એક પ્રકારના મેડિકલ માસ્ક નથી, પણ માણસ રોજેરોજ જાતજાતનાં માસ્ક પહેરીને ફરતો હોય છે. ક્યારેક મુખૌટા પહેરેલો માણસ આપણને ગમે છે અને ક્યારેલ મુખૌટા-મુખવટો પહેરેલી વ્યક્તિને ધિક્કારીએ છીએ. આવા ગમો- અણગમો વ્યક્ત કરવાનું એક જ કારણ છે કે આપણે પણ મુખવટો પહેરીને ફરીએ છીએ, જે રીતે બજારમાં ડિઝાઈનર માસ્ક મળવા લાગ્યા છે એ રીતે માણસ પણ જાતજાતના ડિઝાઇનર મુખવટા પહેરીને ફરે છે અને એ જ વ્યક્તિનો સ્વભાવ અને વર્તન સમય પ્રમાણે બદલાતાં જાય છે.

એક વ્યક્તિ ફેસબુકમાં સજ્જન વર્તણૂક કરતી હોય છે એ જ વ્યક્તિ વૉટ્સઍપ પર અલગ વાતો કરતી હોય છે. એને અંગત રીતે મળો તો આપણે એને સોશિયલ મીડિયામાં અનુભવ્યો હોય એનાં કરતાં બિલકુલ વિપરીત હોય છે. આ જ વ્યક્તિ અંગત મિત્રો સાથે અલગ હોય છે તો પરિવારજનો સાથે સારી કે નરસી હોય છે.

આ શું દર્શાવે છે? એ જ કે દરેક વ્યક્તિ જાતજાતના મુખૌટા લગાવીને ફરતી હોય છે. માણસ ઑફિસમાં સ્ટાફ પર ગુસ્સો થાય છે અને થોડીવારમાં નોર્મલ બની જતો હોય છે એ એક જાતનો મુખૌટો છે. કોઈની હૉસ્પિટલમાં ખબર કાઢતી વેળા અલગ વર્તન કરીને દર્દીને પ્રોત્સાહિત કરતો હોય છે અને એ જ વ્યક્તિ જિંદગીમાં ઉત્સાહ પામવા પુસ્તકથી માંડીને ડૉક્ટર સુધી ચક્કર મારતો હોય છે. એનો અર્થ એ થાય કે જાતજાતના મુખવટો પહેરેલી વ્યક્તિ ખરાબ હોતી નથી. વ્યવહારમાં રહેવા મુખવટા પહેરવા પડતાં હોય છે અને જો એ ના પહેરે તો લોકોની નજરમાંથી ઊતરી જાય છે. માણસ અકારણ જાહેરમાં ખુશ હોવાનો દેખાડો કરે છે એ પણ એક જાતનો મુખવટો જ છે.

માણસ અકારણ જાહેરમાં ખુશ હોવાનો દેખાડો કરે છે એ પણ મુખૌટો જ છે. માણસ માનસિક રીતે થાક્યો હોય છે છતાં ખુશ રહેવા પ્રયાસ કરવો એ ય એક પ્રકારનો મુખવટો જ છે. વ્યક્તિ સુંદર દેખાવા અથવા યુવાન દેખાવા જે પ્રયાસ કરે છે એ પણ એણે પહેરેલો મુખૌટો

જ છે. માનસિક રીતે થાક્યો હોવા છતાં ખુશ રહેવા પ્રયાસ કરવો એ ય મુખૌટો જ છે.

આપણી આસપાસ એવા લોકો જોવા મળે છે કે એમને કોઈ વિચારધારા ગમતી નથી, છતાં વખાણ કરતાં ફરે છે જેને આપણે દંભ કહીએ છીએ, પણ એના અસ્તિત્વ માટે આવો મુખૌટો પહેરાવવો જરૂરી છે. સરવાળે પેલા ગીત જેવું છે કે 'એક ચહેરે પે કઈ ચેહેરે લગા લેતે હે લોગ...'

વિશ્વભરમાં એક સંશોધન થયું છે કે માસ્ક પહેરેલી અને માસ્ક વગરની સ્ત્રીના ચહેરામાં માસ્ક સાથેનો ચહેરો વધુ આકર્ષિત લાગ્યો છે, કારણ કે લોકોને મુખૌટા પાછળ જે છુપાયેલું છે એ જાણવામાં વધારે રસ હોય છે. બીજા શબ્દોમાં લોકોને જે નથી એ જાણવામાં વધારે રસ હોય છે. મુખવટો પહેરવો દંભ છે તો સિક્કાની બીજી બાજુ જરૂરિયાત પણ છે. ભારતીય પરંપરામાં મુખૌટાનો વ્યાપક સ્વીકાર કરવામાં આવ્યો છે.

મુખૌટા એટલે કે મહોરાંનું અનેરું મહત્ત્વ છે. ભારતીય પરંપરામાં મુખૌટાની જરૂરિયાત હકારાત્મક દર્શાવી છે. આપણી પરંપરામાં ભગવાન નરસિંહનો મુખવટો આગવી ઓળખ ધરાવે છે. મંદિર પરંપરા મુજબ ભગવાન નરસિંહના મહોરાને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. એમનાં કેટલાંક મંદિરોમાં એમનાં મહોરાને નિશ્ચિત સમયે શાસ્ત્રોક્ત વિધિ સાથે કાઢવામાં આવે છે. નરસિંહ ભગવાનના મહોરાને કાઢવાની ખાસ વિધિ-વિધાન સૂચવવા સાથે બાકી સમયમાં વિશેષ બોક્સમાં રાખવામાં આવે છે.

ભાગવત કથા આધારિત નરસિંહ ચરિત્ર ભજવતી વેળા હિરણ્યકશિપુ રાક્ષસનો વધ કરવા માટેની કથા ભજવવા નરસિંહ ભગવાનના મહોરાંને કાઢવામાં આવે છે. નરસિંહનો મુખવટો એમના અવતાર મુજબ વિકરાળ હોય છે. ઓરિસ્સામાં આ માટે ખાસ પ્રથા છે. ભગવાનનું મુખૌટું વિશાળ કલરફૂલ હોય છે, જેની સાઈઝ અંદાજે ચાર ફૂટ જેટલી હોય છે. ભગવાન નરસિંહનો અભિનય કરતાં પહેલાં તેની પૂજા થાય છે, ખાસ વાત તો એ છે કે કલાકાર તૈયાર થઈ જાય, મેકઅપ ઈત્યાદિ પછી સૌથી અંતે મહોરું પહેરતો હોય છે. કહે છે કે ભગવાન નરસિંહનો અભિનય કરતો કલાકાર મુખૌટાના પ્રભાવ થકી આવેશમાં આવીને હોશ ગુમાવી દેતો હોય છે અને મૂર્છિત અવસ્થામાં જ મહોરું ઉતારીને પાછું મૂકવામાં આવતું હોય છે.

તમિળનાડુમાં પ્રહલાદ નાટક ભજવવામાં આવે છે, જેમાં હિરણ્યકશિપુ પણ એટલો જ વિકરાળ હોય છે, જે કથામાં વિલન ભયાનક

(જુઓ પાનું ૬) ▶▶

પ્રાસંગિક__

અમૂલ દવે
feedback@bombaysamachar.com

બોલો, જોઈએ છે હિટલરના પ્રધાનની વિલા સાવ મફતમાં?!

કોઈ લેવાલ નહીં મળે તો એ થશે જમીનદોસ્ત !

જર્મનના સરમુખત્યાર એડોલ્ફ હિટલરના બિહામણા નાઝીવાદથી આખી દુનિયા પરિચિત છે. હિટલરે યહુદીઓ પર કરેલા જુલમોની ગાથા સાંભળીને દુનિયા હજીય હચમચી જાય છે. એ પણ બધા જાણે છે કે હિટલર કરતાંય એના પ્રચારમંત્રી પોલ જોસેફ ગોબેલ્સે તો યહૂદીઓ પર વધારે સીતમો ગુજાર્યા હતા. એ ફેક ન્યુસની ફેકટરી હતો. એ કહેતો કે એક જુઠાણું વારંવાર લોકો પર લાદવામાં આવે તો લોકો એને સત્ય માની લે છે. એ આગને પાણી કહેતો તો પણ બધા એને માની લેતા.

અલબત્ત આપણે આજે ગોબેલ્સની નહીં, પરંતુ એની એક વિલાની વાત કરી રહ્યા છીએ, જે જર્મની માટે માથાનો દુખાવો બની છે. જર્મની સરકારની હાલત સાપે છછુંદર ગળવા જેવી થઈ ગઈ છે. ગોબેલ્સની આ એસ્ટેટનું ન તો રિનોવેશન થાય એમ છે અને ન તો એની જાળવણી સરકારને પરવડે એમ છે. અંતે આનાથી છૂટકારો મેળવવા જર્મન સરકારે કોઈ તૈયાર થાય તો એને મફત આપી દેવાની વાત કરી છે.

આ વિલા બર્લિનથી એક કલાકના અંતરે બોગેન્સી તળાવના કિનારે છે. વીસ એકરમાં પથરાયેલી વિલા નાઝીના માસ્ટરમાઈન્ડ ગોબેલ્સની હોવાથી એનો ઈતિહાસ ખરડાયેલો છે. આ વિલા હવે બર્લિન સરકારની માલિકીની છે.

આ વિલા રાજ્ય માટે એટલો બોજો બની ગઈ છે કે નાણાં ખાતાના સેનેટર સ્ટીફન ઈવાન્સે આ નાઝી મેન્શન મફત આપવાની ઓફર મૂકી છે. જો કે આમાં શરત એ છે કે આ વિલા મફત આપવાનું સરકારી બહાલીને આધીન હશે. ઈવાન્સે તો કહ્યું છે કે જો કોઈ આગળ નહીં આવે તો અમારી પાસે એ વિલાને તોડી નાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં હોય.

ઈવાન્સ કહે છે કે અમે આને બર્લિન રાજ્યની ભેટ તરીકે કોઈને પણ આપવા તૈયાર છીએ. આ વિલા અંગે એક દાયકાથી એ ચર્ચા ચાલતી હતી કે આનું રિનોવેશન કરવું કે તેને તોડી નાખવી. બર્લિને આ વિલા કેન્દ્રીય સત્તાવાળાઓ કે બ્રાન્ડેનબર્ગ

શું છે આ વિલાનો ઈતિહાસ

૧૯૩૬માં આ વિલા ગોબેલ્સને ભેટ આપવામાં આવી હતી. એમ કહેવાય છે કે એ નાઝી નેતાઓ અને કલાકારોનું મનોરંજન કરવા માટે આનો ઉપયોગ કરાતો. ગોબેલ્સ અહીં પોતાની હીરોઈન પ્રેમિકાને પણ બોલાવતો. બીજા વિશ્વયુદ્ધના અંત વખતે ગોબેલ્સ બર્લિન જતો રહ્યો. સોવિયેત લશ્કરી દળો નજીક આવ્યા એટલે એણે પત્ની અને બાળકોને હિટલરના બંકરમાં સાઈનાઈડ કેપસ્યુલ આપીને મારી નાખ્યા પછી પોતે પણ આત્મહત્યા કરી હતી.

(જ્યાં આ વિલા છે)ને પધરાવાની કોશીશ પણ કરી હતી. આની સુરક્ષા અને જાળવણી અતિશય ખર્ચાળ બની ગઈ છે.

હિટલરના નિકટના સાથીદાર ગોબેલ્સે ૧૯૩૯માં આ વૈભવશાળી વિલા બંધાવી હતી. આ વિલા બર્લિનની ઉત્તરે ૪૦ કિલોમીટર દૂર આવેલા વાન્ડલિત્ઝ નગરમાં આવેલી છે. ગોબેલ્સ એની પત્ની અને છ સંતાનો સાથે અહીં રહેતો હતો.

રશિયા સામેના જર્મનીના પરાજય પછી ૧૭ હેકટરની વિલાનો ઉપયોગ હૉસ્પિટલ તરીકે થતો હતો. ત્યાર બાદ ઈસ્ટ જર્મન કમ્યુનિસ્ટ પાર્ટીની યુવા પાંખે તેને હસ્તગત કરી હતી. અહીં ટ્રેનિંગ સેન્ટર અને એકોમોડેશન બ્લોક બાંધવામાં આવ્યા. જર્મનીનું ૧૯૯૦માં એકીકરણ થયું ત્યાર બાદ આ વિલાની માલિકી બર્લિન સ્ટેટ પાસે આવી. જોકે આનો કોઈ ઉપયોગ જણાયો નહી. વિલાને મફતમાં આપવાના વિચારની વાન્ડલિત્ઝના મેયર ઓલિવર બોરચેર્ટે વિરોધ કર્યો છે. એમણે કહ્યું છે કે આ દરખાસ્ત કમનસીબ છે. જો આ વિલા કોઈ ઉદામવાદી વિચારસરણીવાળાના હાથમાં આવશે તો મુસીબત થશે.

૨૦૨૧માં એક સંસ્થાએ આ સાઈટમાં હોટેલ, આર્ટિસ્ટસ સ્ટુડિયો, કોન્ફરન્સ રૂમ અને યોગા સ્કૂલ બાંધવાની દરખસ્ત મૂકી હતી. જો કે પછી ખબર પડી હતી કે આ તો ઉગ્ર જમણેરીની સંસ્થા છે. ઓક્ટોબર ૨૦૨૩માં તો એવા નકલી સમાચર ફેલાયા હતા કે યુક્રેનના પ્રમુખ ઝેલેનસ્કી આ વિલા ખરીદવા માગે છે.

આ વિલા જર્જરિત થઈ ગઈ છે. તેની બારીઓ તૂટી ગઈ છે અને ખંડ ગાયબ થઈ ગયા છે. આને નૂતનીકરણની તાતી જરૂર છે. ■

અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

હે ઈશ્વર, તારું તુજને અર્પણ

'ખાલી હાથ આવ્યા ને ખાલી હાથે જવાનું' પંક્તિ બહુ મોટો બોધ આપી જાય છે. મૃત્યુ સમીપે દેખાણુંત્યારે વિશ્વ વિજયી થવા નીકળેલાસિકંદરે કહ્યું હતું કે 'મારા અવસાન પછી મારું શરીર ભલે કપડાથી ઢાંકો, મારી હથેળી ખુલ્લી રાખજો, જેથી લોકોને સમજાય કે મર્યા પછી સિકંદર હાથમાં સાથે કંઈ લઈ નહોતો જઈ શક્યો.' ગ્વાલિયરમાં માધુરી સક્સેના નામની મહિલાએ તો આ ભાવના આત્મસાત કરી 'હે ઈશ્વર, તારું તુજને અર્પણ'નું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નિયમિત આવક શરૂ થયા પછી દૂરંદેશી ધરાવતી વ્યક્તિ અચાનક અવસાન થાય એ અવસ્થામાં પરિવારને આર્થિક સંકડામણનો સામનો ન કરવો પડે એ માટે વીમો ઉતરાવે છે. માધુરીએ વીમો ઉતરાવ્યો, પણ પોલિસીમાં નોમિની તરીકે પરિવાર કે મિત્ર- સગા સંબંધીનું નામ લખાવાને બદલે ગ્વાલિયરના અચલેશ્વર મહાદેવને નોમિની બનાવ્યા. માધુરીના અવસાન થવાથી વીમો પાક્યો અને મંદિરના એકાઉન્ટમાં સાત લાખ ૪૦ હજાર રૂપિયા જમા થઈ ગયા.

પ્રભુ પ્રીતિનો આ અનોખો કિસ્સો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ અનેક હૈયાને લાગણીભીનો કરી પ્રેરણા આપી રહ્યો છે.

'ચોરીથી કેમ બચવું?' એનું ટ્યૂશન આપે છે ચોર!

સૌપ્રથમ સ્પષ્ટતા કે આ લખાણ 'ચોરી કરવા માટેની ટિપ્સ' નથી કે નથી કોઈ પ્રકારનું માર્ગદર્શન. માત્ર હેરતની દુનિયામાં ડોકિયું કરવાનો અને ચોરોથી સાવધ રહેવાનો પ્રયાસ છે.

વાત એમ છે કે ગુનાઇત પ્રવૃતિઓ માટે ૧૦ વર્ષ જેલની સજા ભોગવી લીધા પછી જેન ગોમેઝ નામની અમેરિકન યુવતીનો હૃદય પલટો થયો છે અને પોતે ચોરી કરવા માટે અપનાવેલી તરકીબો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરી રહી છે. એક મિનિટ! ચોરી કેમ કરવી એ શીખવવાનો એનો કોઈ જ ઈરાદો નથી. મિસ જેન તો જનતાને સંભવિત ચોરથી ઘરનું રક્ષણ કેમ કરવું અને ચોર લોકોને ગુનાની દુનિયાથી છેટે રાખવાની ઝુંબેશ તરીકે આ 'સોશિયલ સર્વિસ' કરી રહી છે. પોતે લૂંટ ચલાવતી હતી ત્યારે કઈ બાબતની તકેદારી રાખવાથી સફળ થવાની સંભાવના વધી જતી હતી એનું લિસ્ટ એણે રજૂ કર્યું છે. જે દિવસે ઉઘાડ હોય ત્યારે લોકો હરવા ફરવા નીકળી પડ્યા હોય એટલે ઘરફોડી માટે એ દિવસ પરફેક્ટ ગણાય. વરસાદ હોય ત્યારે લોકો ઘરમાં ગોંધાઈરહે એટલે ત્યારે કોશિશ નહીં કરવાની. ચોરી કરવા માટે સવારના સાતથી સાંજના ચારનો સમય યોગ્ય ગણ્યો છે, કારણ કે કામધંધો કરતા લોકો આ સમય દરમિયાન ઘરની બહાર હોય. આ ઉપરાંત ચોરીના લક્ષ્યાંક ઘરની સિક્યોરિટી સિસ્ટમ તેમજ એ ઘરમાં પાળેલા પ્રાણી છે કે નહીં એને પણ જેન બહેન મહત્ત્વ આપે છે. ઘરમાં એલાર્મ જેવી સિસ્ટમ એ જ લોકો રાખે જેમના ઘરમાં કિંમતી ચીજ હોય એવો તર્ક રજૂ કરી એવી સલામતીની વ્યવસ્થા ન રાખવી જેથી ચોર ચેતી જાય એવી સલાહ આપે છે. પાળેલા પ્રાણીની હાજરી ઘરમાં એલાર્મ વ્યવસ્થા ન હોવાનું સૂચવે છે એવી દલીલ આ ભૂતપૂર્વ ચોરટી કરે છે.

ટૂંકમાં આ બધી વાત જનતાને ચોરોથી સાવધ રાખવા માટે છે અને નહીં કે ચોરને ટ્યુશન આપવા માટે!

સમોસા - સંઘર્ષ - સફળતા

વિધુ વિનોદ ચોપડાની 'બારહવી ફેલ' જોઈને ગમ્મે એવી વિકટ પરિસ્થિતિ સામે વિજય મેળવી સફળતા પ્રાપ્ત કરી શકાય એની પ્રતીતિ થાય છે. આવા ઉદાહરણ હારી રહેલા હૈયામાં નવો પ્રાણ ફૂંકી લક્ષ્ય પ્રાપ્તિ તરફ બમણા વેગથી આગળ વધવા જોશ પૂરું પાડે છે. દિલ્હીના 'સેટેલાઇટ સિટી' તરીકે ઓળખાતા નોઈડામાં સની કુમાર નામનો વિદ્યાર્થી અભ્યાસ પૂર્તિ માટે જે સંઘર્ષ કરી રહ્યો છે એ જાણ્યા પછી 'અબ મુશ્કિલ નહીં કુછ ભી' માત્ર સુવાક્ય નથી, જીવનની હકીકત પણ હોઈ શકે છે એ વાત સમજાય છે.

કિશોરાવસ્થામાં જ ડૉક્ટર બનવાનું સપનું જોનાર ૧૮ વર્ષી સનીએ આર્થિક જરૂરિયાત માટે હાથ લાંબો કરવાને બદલે હાથના હુન્નરને અજમાવી બપોરે સ્કૂલથી છૂટ્યા બાદ ૪-૫ કલાક સમોસા તળવાનું કામ કરી આજીવિકા ઊભી કરી. ત્યારબાદ મોડી રાત સુધી અભ્યાસ કરી 'ગુઝરે ઐસી હર રાત - રાત, હો ખ્વાહિશોંસે બાત - બાત' ભાવનાને જીવંત બનાવી 'નીટ યુજી'ની પરીક્ષામાં ૭૨૦માંથી ૬૬૪ માર્ક મેળવ્યા. સનીનો આ 'સમોસા સંઘર્ષ' જોઈ એના વિદ્યાભ્યાસને ઉત્તેજન આપતા એક સજ્જનની નજર પડતા સની મેડિકલ અભ્યાસ વિના વિઘ્ને પૂરો કરી શકે એ માટે આર્થિક વ્યવસ્થા કરી આપવાનું પ્રોમિસ પણ આપ્યું છે.

શિક્ષાથી બચવાની - શિક્ષા મેળવવાની મથામણ

શિક્ષાનો એક અર્થ સજા તો બીજો અર્થ કેળવણી પણ થાય છે. બાળપણમાં આ બંને અર્થના સંયુક્ત સમીકરણ એવા 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ'નો પરિચય અનેકને થયો હશે. જોકે, સોટી ઉછાળ તાલિબાની અફઘાનિસ્તાનમાં વસવાટ કરતી અફઘાન મહિલાઓએ શિક્ષા (સજા) સહન કરવાને બદલે શિક્ષા (કેળવણી) મેળવવાને પ્રાધાન્ય આપવા પરદેશગમન કર્યું છે.

આ સાહસમાં અફઘાન મહિલાઓને ૨૦૧૦માં તાલિબાનોએ હત્યા કરી હતી એ લિન્ડા નોર્ગ્રોવ નામની સ્કોટિશ યુવતીના માટે - પિતાએ સ્થાપેલી સંસ્થાનો સહકાર મળ્યો છે. યુએસના દળ અફઘાનિસ્તાનમાંથી નીકળી ગયા પછી ૨૦૨૧માં તાલિબાન ફરી સત્તામાં આવી ગયા બાદ વિદ્યાર્થીઓ અને વિશેષ કરી મહિલાઓ ફફડતા જીવે ઘરની ચાર દીવાલોમાં કેદમાં જીવી રહી છે. લિન્ડાના પેરન્ટ્સની સંસ્થાએ મેડિકલનું ભણવા માગતી સન્નારીઓના વિઝા સહિત અનેક ઔપચારિકતા તેમજ સ્કોટલેન્ડના પાટનગર એડિનબર્ગમાં વિનામૂલ્યે ભણતરની સગવડ કરી આપી છે. આશ્ચર્ય અને આનંદની વાત એ છે કે અફઘાન મહિલાઓને કોઈ અડચણનો સામનો ન કરવો પડે એ માટે યુકે - સ્કોટલેન્ડની સરકારે કેટલાક કાયદામાં ફેરફાર પણ કર્યા છે. મન હોય તો માળવે જવાય એ આનું નામ.

સન્નારીઓને ગામડે 'ધકેલવા' સરકારી નુસખો

જાપાન, લવ ઈન ટોક્યો ભલે કહેવાતું હોય, પણ ઉગતા સૂર્યના દેશનું આ પાટનગર વસતિ વધારાની સમસ્યાથી પરેશાન છે.

આશ્ચર્યની વાત એ છે કે જાપાનના ગ્રામીણ વિસ્તારોમાંથી ૨૦ - ૩૦ વર્ષની અનેક યુવતીઓ જન્મભૂમિ છોડી ટોક્યોને કર્મભૂમિ બનાવી રહી છે. વાત એ હદે વણસી ગઈ છે કે જાપાનના ૪૦ ટકા ગામડાંમાં મહિલા વર્ગ માઈનોરિટીમાં આવી ગયો છે અને એને પગલે એ વિસ્તારની જનસંખ્યા ઘટી રહી છે. આ સમસ્યા આવતી કાલે વિકરાળ બનવાની સંભાવના હોવાથી જાપાન સરકાર વિચિત્ર નુસખો અજમાવી લગ્ન કરી ટોક્યો બહાર ઠરીઠામ થવા તૈયાર જાપાની યુવતીઓને ૬ લાખ યેન (આશરે સાડા ત્રણ લાખ રૂપિયા) રકમની 'લાલચ' જાહેર કરવાની વેતરણમાં હતી. જોકે, સત્તાવાર જાહેરાત પહેલાં વાત મીડિયામાં લીક થઈ જતા સોશિયલ મીડિયા પર વિરોધનું વાવાઝોડું ઉમટ્યું અને આ વાવાઝોડું ઉધ્વસ્ત કરી શકવાની ક્ષમતા ધરાવે છે એનો અણસાર આવી જતા સરકારે પારોઠના પગલાં ભરી 'સ્કીમ પર ફેરવિચાર કરવામાં આવશે' એવી જાહેરાત કરી દીધી છે. જાપાનના અનેક ગ્રામ્ય વિસ્તારમાં વસતિ ઘટાડાની સમસ્યા સતાવી રહી છે અને કેટલાક વિસ્તારમાં તો સુયાણીઓ નવરી બેઠી છે, કારણ કે બાળજન્મ જ નથી થઈ રહ્યા.

લ્યો કરો વાત!

પશ્ચિમી સંસ્કૃતિમાં મુક્ત વિચારસરણી અને આઝાદ સ્વભાવના રવૈયાને કારણે હેરત પમાડનારા કિસ્સા જાણવા મળે છે. ૩૬ વર્ષની યુકેની ઈન્ફ્લુએન્સર અને મોડલ સુલેન કેરીએ ગયા વર્ષે 'સોલોગેમી'તરીકે પ્રચલિત જાતસાથે જ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. આ વાતને હજુ વર્ષ નથી થયું ત્યાં બહેન બા 'હું જ મારો વર' શૈલીથી કંટાળી ગયા છે અને પોતાની સાથે જ છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો છે. 'કોઈ સાથી હૈ તો મેરા સાયા' જીવનમાં હવે બહુ એકલતા લાગે છે. જીવન માણવા કોઈ સાથી હોવો જોઈએ એ માન્યતા સાથે સુલેનમોનોગેમી (એક વ્યક્તિ સાથે વૈવાહિક જીવન) માટે સજ્જ થઈ ગઈ છે. 'સાજન સાજન, પુકારું ગલિયો મેં' એનો જીવનમંત્ર બની ગયું છે. ■

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

શિક્ષક એ છે, જે અઘરી વાતને સહેલી બનાવે



'એક સારો શિક્ષક મીણબત્તી જેવો છે, તે બીજા માટે માર્ગ પ્રજ્વલિત કરવા પોતાની જાતને ઓગાળી નાખે છે.' - ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

એક શિક્ષક તરીકે કારકિર્દીની શરુઆત કરી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચવાની મજલ કાપનાર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ- પાંચમી સપ્ટેમ્બરનો દિવસ 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

શિક્ષકની વાત નીકળે ત્યારે 'ચાણક્ય'નું આ જાણીતું વિધાન ટાંકવાનું મન થાય : 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, નિર્માણ ઔર પ્રલય ઉસ કી ગોદ મેં પલતે હૈ !'

જ્યારે ચાણક્ય'નું બીજું પણ એક વિધાન છે, પરંતુ એને નજર અંદાજ કરવામાં આવે છે. વાસ્તવમાં તે વિધાન પણ એટલું જ સ્પર્શે છે: 'કોઈપણ રાષ્ટ્રના શિક્ષણની ગુણવત્તા જે તે રાષ્ટ્રના શિક્ષકની સરેરાશ ગુણવત્તા કરતાં વધુ ન હોઈ શકે અને કોઈપણ રાષ્ટ્રનું ચારિત્ર્ય જે તે રાષ્ટ્રના રાજકીય નેતાના સરેરાશ ચારિત્ર્યથી વધુ ન હોઈ શકે.'

ફેક્ટરીમાં જડ વસ્તુ સાથે કામ કરતા માણસ અને જીવંત ચેતના સમાન વિદ્યાર્થીઓની સાથે કામ કરતા શિક્ષક બંનેના રોલ વચ્ચે જબરો તફાવત છે. ફેક્ટરીમાં કામ કરતા માણસના વર્તન, વ્યવહાર અને વિચાર સાથે ફેક્ટરીને કશી લેવા દેવા નથી હોતી, કારણ કે તેને જડ વસ્તુ સાથે કામ કરવાનું હોય છે. બીજી તરફ, શાળામાં વિદ્યાર્થીઓ સાથે કામ કરતા શિક્ષકની પ્રત્યેક ક્ષણ ખૂબ જ અગત્યની હોય છે. ધ્યાનાકર્ષક હોય છે.શાળામાં શિક્ષકને જીવંત ચેતના સાથે કામ કરવાનું હોય છે. સમજો કે શિક્ષકો પાસે સમાજની ખૂબ મોટી અપેક્ષા હોય છે.

આથી શિક્ષકોના રોલ માટે જેટલું કહેવામાં આવ્યું છે એટલું ભાગ્યે જ બીજા કોઈ રોલ માટે કહેવામાં આવ્યું હશે. શિક્ષકો માટે જેટલા આદર્શો ઘડવામાં આવ્યા છે એટલા ભાગ્યે જ બીજા કોઈ માટે ઘડવામાં આવ્યા હોય !

પશ્ચિમના એક ચિંતક વિલિયમ વોર્ડએ આદર્શ શિક્ષક માટે સુંદર અવતરણ આપ્યું છે :

'Good teacher explain,superior teacher demonstrate and great teacher inspired.' અર્થાત્ 'સારો શિક્ષક સમજણ આપે છે, ઉત્તમ શિક્ષક નિદર્શન આપે છે અને મહાન શિક્ષક પ્રેરણા આપે છે.'

આદર્શ શિક્ષકના ઉપરોક્ત લક્ષણ સાથે કેટલાંક એવાં લક્ષણો પણ જોડાયેલા છે, જે સમાજ અને વિદ્યાર્થીઓના ઘડતરમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. 'કેપેલ્લા યુનિવર્સિટી' (યુએસએ)ના શિક્ષણ વિભાગના અધ્યાપિકા ડો. મારિયા ઓરલેન્ડો આદર્શ શિક્ષકના મુખ્ય નવ લક્ષણ વર્ણવે છે: આદર્શ શિક્ષક એ છે જે -

(૧) વિદ્યાર્થીનું સન્માન કરે છે:

અગાઉ કહ્યું તે મુજબ શિક્ષક જીવંત ચેતના સાથે કામ કરે છે ત્યારે વિદ્યાર્થીની સાથેના વ્યવહારમાં વિદ્યાર્થીઓનું માન અને લાગણી સચવાય તે જોવું ખૂબ જરૂરી હોય છે. અમુક ઉદ્ધત વર્તન કરનારા શિક્ષકો વાતવાતમાં વિદ્યાર્થીઓને ગુસ્સે થતા હોય છે અને ક્યારેક ક્યારેક કાનૂની રીતે મનાઈ હોવા છતાં શારીરિક શિક્ષા કરતા પણ જોવા મળે છે.આ વખોડવા લાયક બાબત છે.

(૨) વિદ્યાર્થીઓમાં સામાજિક સભાનતા કેળવે છે:

શિક્ષણ સંકલ્પનામાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની બાબત અપેક્ષિત છે. શિક્ષકે માત્ર પાઠ્યપુસ્તકનું સીમિત જ્ઞાન વિદ્યાર્થીને નહીં આપતા વિદ્યાર્થીમાં સામાજિક સભાનતા પણ કેળવાય એવી વાતો, પ્રસંગો પણ પોતાના અભ્યાસક્રમ સાથે સાથે વણી લેવી જરૂરી હોય છે.મોટા ભાગના વિષયોના પ્રકરણમાં કોઈને કોઈ સારભૂત તત્ત્વ (core eliments) મૂકવામાં આવ્યું જ હોય છે, જેનાથી શિક્ષકોએ ભણાવતી વખતે વિદ્યાર્થીઓને જ્ઞાત કરવાના હોય છે.

(૩) માયાળુ ને પ્રેમાળ હોય છે :

ઉમાશંકર જોશીનું જાણીતું વિધાન છે,

'બાળક જોઈ જે રીઝે, રીઝે જોઈ બાળક જેને,
સ્નેહલ સૂરત - વત્સલ મૂરત, કોટિ કોટિ વંદન તેને.'

શિક્ષકને માનો દરજ્જો આપવામાં આવ્યો છે. 'માસ્તર'નો અર્થ એવો કરવામાં આવે છે કે મા સમાન સ્તર વાળો. આથી શિક્ષકે બાળક સાથે ખૂબ જ માયાળુ અને પ્રેમાળ વ્યવહાર કરવો જોઈએ.

(૪) દરેક વિદ્યાર્થી માટે એકસમાન વ્યવહાર :

શિક્ષકો સામે વહાલાં - દવલાં નીતિનો (જુઓ પાનું ૬) ▶▶

તસવીરની આરપાર

ભાટી એન.
feedback@bombaysamachar.com

દેવોના અધ્યક્ષ વિઘ્નહર્તા દેવનો સર્વોત્કૃષ્ટ શ્રીગણેશોત્સવ મનમોહક ઉજવીએ

''વક્રતુંડ મહાકાય, સૂર્ય કોટિ સમ પ્રભા, નિર્વિઘ્નં કુરુ મે દેવા, સર્વ કાર્યેષુ સર્વદા।।''

હિન્દુ સનાતન ધર્મમાં દેવાધિદેવ મહાદેવનો આખો પરિવાર સમષ્ટિગત પૂજાય છે. શંકર, પાર્વતી, ગણેશ અને કાર્તિકેયનું સૃષ્ટિ પર એકચક્રી શાસન ચાલે છે..!? ભોળાનાથનો પરિવાર નિરંતર ઓનલાઈન લાગે છે! આખા શ્રાવણમાં હર... હર... મહાદેવ... ૐ નમઃ શિવાયના જપ અને તપ કર્યું ત્યાં આવી ભાદરવા સુદિ ચોથની મહાસિદ્ધિ વિનાયક ચોથ એટલે ગણેશ ચતુર્થી એ ઢુંઢાળા દેવ એવા વિઘ્નહર્તા શ્રી ગણેશજીને ભજવાનો રૂડો અવસર છે. એની ઉજવણી ધામધૂમપૂર્વક હર્ષોલ્લાસથી કરવામાં આવે છે. મહારાષ્ટ્ર, ગુજરાતમાં ગણેશોત્સવ નિમિત્તે શેરી-ગલીએ મહોલ્લા-ચોકમાં પંડાલ બાંધીને ગણપતિની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવે છે. મૂળ મહારાષ્ટ્રમાં ઉજવાતા આ તહેવારો છેલ્લાં થોડાં વર્ષોથી ગુજરાતને ઘેલું કર્યું છે...!

ગુજરાતના મોટા ભાગનાં શહેરોમાં હવે ગણેશોત્સવ ઉજવાવા લાગ્યો છે.

ગુજરાતમાં દેવાધિદેવ મહાદેવ, ભગવાન શ્રીકૃષ્ણ, મા અંબે, હનુમાનજીની સાથેસાથ ગણપતિ પણ ભક્તજનોના તન-મનમાં એક રસ થઈ ગયા છે. ગણેશજી ઢુંદાળા છે અને હાથીનું મુખડું ધરાવતા હોવા છતા તેમનું સૌંદર્ય મનોહર દીસે છે...! એટલે આપણે ત્યાં લાંબી સૂંઢવાળા ગણપતિ આપણી આંખોના તારા બની ગયા છે. આપણને તેમની ઉપાસના તથા જપ-તપથી કરવાનું અનહદ ગમે છે. ગણેશને દેવોના અધ્યક્ષની પદવી માતા પાર્વતીના આગ્રહથી ભોળા શિવે આપી છે...! એટલે આપણે ત્યાં ઊજવાતા કોઈ પણ માંગલિક પ્રસંગમાં બધાં જ દેવ-દેવીઓની પૂજા કરતા પહેલાં શ્રી ગણેશનું પૂજન અર્ચન કરવામાં આવે છે. માંગલિક પ્રસંગમાં તો ઠીક પણ લોક ડાયરો, સંતવાણી જેવા કાર્યક્રમો કે કોઈ પણ પ્રકારના જાહેર કે ખાનગી કાર્યક્રમમાં ગણેશજીની સ્તુતિ કરવાનો મહિમા ગાવાનો એક ચાલ છે...!

સંકટ હરનાર વિઘ્નેશ્વરાય ગણેશજી આપણને સુરક્ષા કવચ બક્ષે છે. તમામ કાર્યોમાં આપણે બે હાથ જોડી ગણપતિ દાદાને વિનંતી કરીએ છીએ કે હે ગણેશજી, અમારું આયોજન સુચારુ રીતે નિર્વિઘ્ને પાર પડે એટલું

કરજો. આપણામાં એક કહેવત છે: ગણેશનાં કર્યા કામ ગણેશ ઉકેલે...! જોકે એમાં આપણે અપાર સાધનાનો તંતુ જોડાયેલો છે. ગણેશજી જ્ઞાની અને ગુણિયલ છે. તેમનું નામ માત્ર લેવાથી ચેતના પ્રગટે છે. ગણેશજીના લગ્ન રિદ્ધિ અને સિદ્ધિ સાથે થયા છે. અને તેમને લાભ ને શુભ નામના બે પુત્રો છે.

ગણેશ ચોથના દિવસે ગોળમાંથી બનાવેલા મોદક એટલે કે લાડુ બનાવીને ગણેશજીને નૈવેધ તરીકે ધરાવવામાં આવે છે. હું નાનો હતો ત્યારે અમારા ઘરના બારણાં પર લાભ-શુભ લખતો જે મને હજુયે યાદ છે. પ્રતિ વર્ષ લાભ-શુભને નવોન્મેશ રૂપમાં નિહાળી અમે પુલકિત થતા. ગણેશના ગાન-સ્તૃતિ કરવાથી ઘરમાં રિદ્ધિ-સિદ્ધિ રહે છે. અને નિરંતર લાભ થયા કરે છે. એટલે ધનના ઢગલા થાય છે...! ધન આવે તો આપણી પ્રગતિ થાય છે અને શુભ થાય એટલે સુંદરતા રહે છે...! સ્વચ્છતા રહે છે. ને ઘરમાં શુભ કાર્યો અવિરત થતાં રહે છે. તો ગણેશજીના આવા પરિવારને ભજવામાં કોણ પાછી પાની કરે...! ગણેશોત્સવનો મંગલકારી દા'ડો છે. ભાદરવા સુદિ ચોથને મહાસિદ્ધિ વિનાયક ચોથના દિવસે ઉત્તમોત્તમ નયનરમ્ય, સપ્તરંગી ગણેશજીની પ્રતિમાને ધામધૂમપૂર્વક લાવી 'ગણપતિ બાપા મોરયા'ના નાદ સંગાથે નવ...નવ... દિવસના ભવ્યાતિભવ્ય ઉજવણી બાદ તેનું જળરાશીમાં વિસર્જન કરવામાં આવે છે.■

સિમેન્ટ-કૉંક્રીટના રસ્તાના કામનું ઑક્ટોબરમાં મૂરત

૨૪૦ દિવસમાં કામ પૂરું કરવાનો કૉન્ટ્રેક્ટરોને આદેશઃ ગુણવત્તા જાળવી રાખવા આઈઆઈટી-બોમ્બેની લેવાશે મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રસ્તાઓને ખાડા-મુક્ત કરવા માટે બે તબક્કામાં સિમેન્ટ-કૉંક્રીટના બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં પહેલા તબક્કા હેઠળના ૩૨૪ કિલોમીટરના રસ્તાઓનું કૉંક્રીટીકરણનું અત્યાર સુધીમાં ૩૦ ટકા કામ પૂર્ણ થયું છે અને હવે બાકીનું કૉંક્રીટાઈઝેશનનું કામ ચોમાસું પૂરું થયા બાદ એટલે કે ઑક્ટોબર ૨૦૨૪થી ચાલુ કરવામાં આવશે અને મે, ૨૦૨૫ સુધીમાં પૂરું કરવા માટે સુધરાઈએ ખાસ યોજના બનાવી છે. બહુ જલદી બીજા તબક્કાનું કૉંક્રીટીકરણનું કામ પણ હાથ ધરવામાં આવવાનું છે. એ સાથે જ રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે આઈઆઈટી

(જુઓ પાનું ૪) ▶▶

આઈઆઈટી-બોમ્બેની રહેશે નજર

એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે સિમેન્ટ-કૉંક્રીટના કામની ગુણવત્તા સારી રહે તે માટે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી-બોમ્બેની નિમણૂક કરવામાં આવી છે. રસ્તાના

(જુઓ પાનું ૪) ▶▶

તહેવાર પહેલાં એસટીના કર્મચારીઓની હડતાળ

હાલાકીઃ એસટીની હડતાળને કારણે થાણે અને કલ્યાણ તેમ જ વિઠ્ઠલવાડી ડેપો સંપૂર્ણ રીતે બંધ હોવાથી અહીં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. (અમય ખરાડે)

મુંબઈઃ ગણેશોત્સવ પહેલાં જ એસટીના કર્મચારીઓએ હડતાળ પર ઊતરીને ગણેશભક્તોની રઝળપાટ વધારી દીધી હતી. મુંબઈ ડિવિઝનની સેવાને જોકે કોઇ અસર થઇ નથી, પણ થાણે અને કલ્યાણ તેમ જ વિઠ્ઠલવાડી ડેપો સંપૂર્ણ રીતે બંધ હોવાથી અહીં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી બાજુ વિદર્ભમાં પણ બંધની એટલી અસર જોવા મળી નહોતી, પણ મરાઠાવાડામાં લાતુર અને નાંદેડ ઝોનના તમામ ડેપોમાં બસોના ચક્કા જામ થઇ ગયા હતા. એવી જ રીતે પશ્ચિમ મહારાષ્ટ્રમાં કોલ્હાપુર અને સોલાપુર ઝોનમાં પરિવહન સેવા વ્યવસ્થિત ચાલી રહી છે, જ્યારે પુણે જિલ્લાના શિવાજીનગર, વલ્લભનગર, ભોર, સાસવડ, બારામતી, તળેગાંવ જેવા મહત્ત્વના ડેપોમાંથી

(જુઓ પાનું ૪) ▶▶

₹ બાવીસ લાખનું નુકસાન

મંગળવારે એસટીના કર્મચારીઓએ પાડેલી હડતાળને પગલે ૧૧ કામગાર સંગઠનની એક્શન કમિટીએ પોકારેલા આંદોલનને પગલે રાજ્યભરમાં એસટીના ૨૫૧ પૈકી ૫૯ ડેપો સંપૂર્ણ રીતે બંધ હતા.

૭૭ ડેપોમાં આંશિક રીતે સેવા શરૂ હતી, જ્યારે ૧૧૫ ડેપોમાં સંપૂર્ણ રીતે વ્યવહાર સરળ રીતે ચાલતો હતો. આંદોલનને પગલે એસટીએ આખા દિવસ દરમિયાન રૂ. બાવીસ લાખની મહેસૂલ ગુમાવવી પડી હતી. મંગળવારે ૨૨૩૮૯ નિયોજિત ફેરી પૈકી આંદોલનને કારણે ૧૧૯૪૩ ફેરી રદ થઇ હતી. આખા દિવસ દરમિયાન ૫૦ ટકા વ્યવહાર બંધ રહ્યો હતો. ■

ડોંબિવલીમાં બાપ્પાના સરઘસ પર બોટલ ફેંકાતાં મારામારી થઇ

થાણેઃ ડોંબિવલીમાં ગણપતિના આગમનનું સરઘસ પસાર થઇ રહ્યું હતું ત્યારે તેના પર કાચની બોટલ ફેંકવામાં આવી હતી, જેને કારણે મારામારી થઇ હતી અને તેમાં પાંચ જણ ઘાયલ થયા હતા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

તિલકનગર પોલીસ સ્ટેશનની હદમાં રવિવારે રાતના આ ઘટના બની હતી. આરોપીને ૨૨ વર્ષના ગણેશ તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. રવિવારે રાતે ગણપતિના આગમનનું સરઘસ નીકળ્યું ત્યારે તેમાં લઘુમતી કોમના અમુક લોકો પણ જોડાયા હતા. સરઘસ પર તોફાનીએ કાચની બોટલ ફેંકી હતી, જેમાં ગણેશ સહિત ત્રણ જણ ઘવાયા હતા.

દરમિયાન સરઘસમાં હાજર અમુક લોકોએ ગણેશને પકડી લીધો હતો અને આવું શા માટે કર્યું એવું પૂછ્યું હતું. આના પરથી મારામારી થઇ હતી, જેમાં અન્ય બે જણ ઘાયલ થયા હતા. આ ઘટના બાદ તિલકનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. (પીટીઆઇ) ■

ન શંકર, ન ભોલાઃ કંદહાર સિરીઝમાં નેટફ્લિક્સ સાચા નામનો ઉલ્લેખ કરશે

મુંબઈઃ તાજેતરની નવી વેબ સિરીઝ 'આઈસી ૮૧૪ઃ ધ કંદહાર હાઇજેક' હાઇજેકરના સાંકેતિક નામ કે કૉડ નેમ સંબંધે વિવાદ સર્જાયા બાદ હવે સિરીઝના પ્રારંભમાં જ ડિસક્લેઇમરમાં જરૂરી સુધારા કરવામાં આવ્યા હોવાની સ્પષ્ટતા ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ ઇન્ડિયાએ મંગળવારે કરી હતી. નેટફ્લિક્સ ઇન્ડિયાના કન્ટેન્ટના વાઇસ પ્રેસિડેન્ટ મોનિકા શેરગિલે જણાવ્યું હતું કે '૧૯૯૯ માં ઇન્ડિયન એરલાઇન્સ ફ્લાઇટ ૮૧૪ ના અપહરણથી અપરિચિત પ્રેક્ષકોને સમજાય એ આશય સાથે સિરીઝની શરૂઆતમાં આવતા ડિક્લેઈમરમાં સુધારા વધારા કરી અપહરણકર્તાઓના સાચુકલા અને કોડ નામ સામેલ કરવામાં આવ્યા છે.

શેરગિલના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે 'સિરીઝમાં ઘટના દરમિયાન ઉપયોગમાં લેવાયેલા નામ કૉડ નેમ તરીકે વાપરવામાં આવ્યા છે.'

નવી દિલ્હીમાં માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ સાથેની મુલાકાત પછી શેરગિલની આ ટિપ્પણીઓ આવી છે. અપહરણકર્તાઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલા હિન્દુ કૉડ નેમ અને તેમાંથી કેટલાકને કથિત સ્વરૂપે આપવામાં આવેલા માનવીય ચહેરા સહિત વિવિધ મુદ્દાઓ અંગે કેટલાક લોકો દ્વારા ચિંતા વ્યક્ત

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈના ખારા પાણીને પીવાલાયક બનાવવાના પ્રોજેક્ટમાં કેમ માત્ર ઈઝરાયેલી કંપનીને જ રસ છે?

આ સવાલનો જવાબ શોધવા કન્સલ્ટન્ટ નિમશે સુધરાઈઃ ફરી વાર ફક્ત એક કંપની આગળ આવતા ટેન્ડર પ્રક્રિયા રદ કરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખારા પાણીને પીવાલાયક બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ડિસેલિનેશન પ્રોજેક્ટ હાથ ધર્યો છે. અનેક વખત ટેન્ડર બહાર પાડ્યા બાદ આ પ્રોજેક્ટ પર કામ કરવા માટે માત્ર એક જ કંપની આગળ આવતા પાલિકાએ ટેન્ડર ભરવા માટેની મુદત વધાર્યા બાદ પણ કોઈ આગળ નહીં આવતા છેવટે ટેન્ડર રદ કરી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે કોઈ કંપની આ પ્રોજેક્ટમાં કેમ આગળ આવતી નથી તેનો અભ્યાસ કરવા માટે હવે પાલિકા કન્સલ્ટન્ટ નીમવાની છે.

મુંબઈને પ્રતિદિન કરવામાં આવતા પાણીપુરવઠામાં ૨૦૦ મિલ્યન લિટર પ્રતિ દિવસ (એમએલડી)નો વધારો કરવા માટે સુધરાઈએ મહત્ત્વાકાંક્ષી ડિસેલિનેશન પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જોકે ટેન્ડર બહાર પાડવાને આઠ મહિના થઈ ગયા હોવા છતાં પાલિકા યોગ્ય બિડર શોધી શકી નથી. આ પ્રોજેક્ટ પર કામ કરવા માટે માત્ર ઈઝરાયલસ્થિત એક જ કંપની આગળ આવી હતી. તેથી ટેન્ડર ભરવા માટેની મુદત વધારીને ૨૯ ઑગસ્ટ, ૨૦૨૪ કરી નાંખવામાં આવી હતી અને મુદત પૂરી થયા બાદ પણ કોઈ કંપની આગળ આવી નથી.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ થોડા સમય પહેલા બહાર પાડેલા ટેન્ડર માટે એક જ કંપની આગળ આવી હતી. આ કંપની જગતની અગ્રેસર કંપની છે. તેને ખારા પાણીને પીવા યોગ્ય બનાવવાનો સારો એવો અનુભવ છે. અનેક દેશોમાં આ કંપની જ ખારા પાણીને પીવા યોગ્ય બનાવવાનું કામ કરે છે. છતાં એક જ ટેન્ડર આવતા નિયમ મુજબ તેને રદ કરવામાં આવ્યું છે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આ બાબતે જણાવ્યું હતું કે ખારા પાણીને મીઠા બનાવવાનો પ્રોજેક્ટ જલદીમાં જલદી અમલમાં લાવવાનો પ્રયાસ છે. પરંતુ અત્યાર સુધી ત્રણ વખત તેની માટે ટેન્ડર બહાર પાડ્યા છે. પરંતુ હંમેશની માફક એક જ કંપની આગળ આવી છે, તેથી ટેન્ડર રદ કરી દેવામાં આવ્યા છે. પાલિકા માટે આ પ્રોજેક્ટ અત્યંત મહત્ત્વનો છે, પરંતુ કોઈ કંપની તે માટે આગળ આવતી નથી. તેથી કંપનીઓ કેમ આગળ આવતી નથી? કંપનીઓને કઈ શરતો અને નિયમો આગળ આવતા નડી રહ્યા છે, તેનો પાલિકા હવે અભ્યાસ કરશે અને તેમ માટે બહુ જલદી કન્સલ્ટન્ટ નિમવા બાબતે પ્રશાસનનો વિચાર છે.

હાલ મુંબઈને દરરોજ ૩,૯૦૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. વધતી વસતી માટે આટલું પાણી પૂરતું નથી. એમ તો પાલિકાએ ગાર્ગઈ પ્રોજેક્ટ હાથ ધર્યો છે, પરંતુ તેને અમલમાં આવતા લાંબો સમય લાગવાનો છે. તેથી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાલિકાએ પાણીપુરવઠામાં વધારો કરવા માટે ડિસેલિનેશન પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. મલાડના મનોરી સ્થિત પ્રસ્તાવિત ડિસેલિનેશન પ્લાન્ટમાં શરૂઆતમાં ૨૦૦ એમએલડીની ક્ષમતા હશે અને ભવિષ્યમાં ૪૦૦ એમએલડી સુધી વિસ્તરણ કરવાની ક્ષમતા રહેશે. આ પ્લાન્ટ આગામી ચાર વર્ષમા ચાલુ કરવાની પાલિકાની યોજના છે. પ્રોજેક્ટ પાછળ લગભગ ૩,૫૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે.

ફેબ્રુઆરી ૨૦૨૧માં પાલિકાએ આ પ્રોજેક્ટ માટે ડિટેઈલ પ્રપોઝલ તૈયાર કરવા માટે ઈઝરાયલી કંપનીની નિમણૂક કરી હતી. પાલિકાએ જાન્યુઆરી ૨૦૨૨માં ઈઝરાયલ ફર્મ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડિટેઈલ પ્રપોઝલનું મૂલ્યાંકન કરવા માટે એક કંપનીની નિમણૂક કરી હતી. ૪ ડિસેમ્બર, ૨૦૨૩ના ખારા પાણીને પીવાલાયક બનાવવા માટે પ્લાન્ટ ઊભો કરવા માટે એક ટેન્ડર નોટિસ જાહેર કરી હતી. ટેન્ડર માટે અનેક વખત મુદત વધાર્યા બાદ પણ મર્યાદિત લોકો તરફથી રસ બતાવવામાં આવ્યો હતો. ૧૦ જુલાઈના ટેન્ડરની મુદત વધારવામાં આવ્યા બાદ બે બિડ સબમિટ કરવામાં આવ્યા હતા. પરંતુ પ્રોજેક્ટ કન્સલ્ટન્ટે બિડર્સના દસ્તાવેજો સાથે ટેક્નિકલ સમસ્યાઓ હોવાનું જણાવતા ફરી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ■

મહિલાની હત્યા બાદ હાથ-પગ પથ્થર સાથે બાંધીને મૃતદેહ ઝરણામાં ફેંક્યો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં ૨૮ વર્ષની મહિલાની હત્યા કર્યા બાદ તેના હાથ-પગ મોટા પથ્થર સાથે બાંધી મૃતદેહ ઝરણામાં ફેંકવામાં આવ્યો હતો. સાવરે ગામમાં સોમવારે મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મહિલાની બે વર્ષની પુત્રી પણ ગાયબ હોવાથી પોલીસે તેની શોધખોળ આદરી હતી.

સોમવારે અમુક રાહદારી ઝરણા પાસેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે તેમને મહિલાનો મૃતદેહ નજરે પડ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસે મૃતદેહને તાબામાં લીધા બાદ તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. મહિલાની ઓળખ સુસ્મિતા ડાવરે તરીકે થઇ હોઇ તેના હાથ-પગ મોટા પથ્થર સાથે દોરડાથી બાંધવામાં આવ્યા હોવાથી તે હત્યા હોવાને સમર્થન મળ્યું છે.

મહિલાની હત્યા બાદ મૃતદેહને ટેકરીની બાજુમાં વહેતા ઝરણામાં ફેંકવામાં આવ્યો હોવાનું પોલીસને લાગી રહ્યું છે. મનોર પોલીસે આ પ્રકરણે અજાણ્યા આરોપી સામે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ આદરી હતી. હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. કેટલાક રહેવાસીઓએ માહિતી આપી છે કે મૃતકનો પતિ માછીમારી બોટ પર કામ કરે છે. મૃતકની બે વર્ષની પુત્રી પણ ગાયબ હોવાથી પોલીસ તેને શોધી રહી છે. (પીટીઆઇ) ■

શિક્ષકે કર્યો વિદ્યાર્થિનીનો વિનયભંગઃ લોકોએ કરી કોચિંગ ક્લાસમાં તોડફોડ

છત્રપતિ સંભાજીનગરઃ નાંદેડમાં ખાનગી કોચિંગ ક્લાસમાં શિક્ષકે ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનો વિનયભંગ કર્યો હતો. આ ઘટના બાદ ઉશ્કેરાયેલા સ્થાનિકોએ કોચિંગ ક્લાસમાં તોડફોડ કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

સોમવારે આ ઘટના બની હતી, જેની જાણ વિદ્યાર્થિનીએ તેનાં માતા-પિતાને કરી હતી. તેમની ફરિયાદને આધારે પોલીસે શિક્ષક નાગેશ જાધવ (૪૮) વિરુદ્ધ પોક્સો (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જાધવની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ ભાગ્યનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

દરમિયાન ઘટનાની જાણ થયા બાદ સ્થાનિક રહેવાસીઓ ઉશ્કેરાયા હતા અને તેમણે સોમવારે કોચિંગ ક્લાસમાં તોડફોડ કરી હતી. તોડફોડ કરનારા લોકો વિરુદ્ધ કોઇ ફરિયાદ નોંધવામાં આવી નહોતી. (પીટીઆઇ) ■

બદલાપુર કેસ

'બેટે કો પઢાઓ, બેટી કો બચાઓ'

આવું સૂત્ર આપીને હાઈ કોર્ટે પોલીસને છટકબારી વિનાનો જડબેસલાક કેસ તૈયાર કરવાનું કહ્યું

મુંબઈઃ 'જનતાના દબાણમાં આવી ઉતાવળે આરોપનામું દાખલ કરવાની કોઈ જ જરૂર નથી. એવો મજબૂત કેસ તૈયાર કરો કે કોઈ છટકબારી જ ન રહે' એમ હાઈકોર્ટે મહારાષ્ટ્રના બદલાપુરસ્થિત એક સ્કૂલમાં બે છોકરીઓ સાથે દુષ્કર્મની તપાસ કરી રહેલી પોલીસ ટીમને મંગળવારે જણાવ્યું હતું.

ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ પૃથ્વીરાજ ચવ્હાણની ખંડપીઠે એમ પણ કહ્યું હતું કે છોકરાઓમાં સમજદારી કેળવવી જોઈએ. 'છોકરાઓનું શિક્ષણ મહત્ત્વનું છે. 'બેટે કો પઢાઓ બેટી કો બચાઓ', (છોકરાને શિક્ષિત કરો અને છોકરીને બચાવો)' એમ ન્યાયમૂર્તિ ડેરેએ સરકારના સૂત્રમાં ફેરફાર કરતા કહ્યું હતું. ખંડપીઠે ગયા મહિને આ ઘટનાની આપમેળે નોંધ લીધી હતી, જેમાં આશરે ચાર વર્ષની બે છોકરીઓ સાથે એક પુરુષ દ્વારા શાળાના વોશરૂમની અંદર કુકર્મ કરવામાં આવ્યું હતું. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સરકાર તરફથી હાજર રહેલા વકીલ જનરલ બિરેન્દ્ર સરાફે મંગળવારે સુનાવણી દરમિયાન અદાલતને જણાવ્યું હતું કે ટૂંક સમયમાં આરોપનામું દાખલ કરવામાં આવશે.

ખંડપીઠે એ વાતની નોંધ લીધી હતી કે કે સ્થાનિક પોલીસે આ કેસની યોગ્ય તપાસ ન કરી હોવાથી વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી હતી અને જનતાનો તીવ્ર આક્રોશ હતો. અદાલતે જણાવ્યું હતું કે 'આ એક બહુ મોટી વાત છે. આ કેસ ભવિષ્યમાં આવા તમામ કેસો માટે એક દાખલો બેસાડશે. જનતા જોઈ રહી છે અને આપણે શું સંદેશ આપી રહ્યા છીએ તે

(જુઓ પાનું ૪) ▶▶

સીએમ એકનાથ શિંદેએ વચન પાળ્યુંઃ લાડકા ભાઈઓના ખાતામાં ૧૦મી સુધી પૈસા આવશે

લાડકી બહેન યોજનામાં ગેરરીતિ કરનારાની ખેર નથીઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ રાજ્યમાં હજી પણ લાડકી બહેન યોજનાના ફોર્મ ભરવામાં આવી રહ્યા છે અને આ યોજનામાં અત્યાર સુધીમાં બે કરોડથી વધુ મહિલાને પાત્ર માનવામાં આવી છે. આ યોજનાની અરજીઓ કરતી વખતે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાના અનેક બનાવ સામે આવ્યા છે. સાતારામાં એક જ વ્યક્તિએ ૩૦ જણના આધાર કાર્ડનો દુરુપયોગ કરીને ૩૦ ફોર્મ

(જુઓ પાનું ૪) ▶▶

અત્યાર સુધીમાં બે લાખ યુવાનોનું રજિસ્ટ્રેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની મહત્વાકાંક્ષી 'મુખ્યમંત્રી યુવા કાર્ય તાલીમ યોજના'ની જાહેરાતથી અત્યાર સુધીમાં રાજ્યમાં ૧ લાખ ૧૦ હજાર તાલીમાર્થીઓને તાલીમમાં જોડાવા માટે આદેશ આપવામાં આવ્યો છે. તેમાંથી ૬૦ હજારથી વધુ યુવાનો તાલીમ માટે ખાનગી તેમજ સરકારી સંસ્થાઓમાં જોડાયા છે, એવી માહિતી મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા આપવામાં આવી છે. અહીં ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા આ યોજનાની જાહેરાત કરી હતી.

આ યોજના માટે અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ યુવાનોએ નોંધણી કરાવી છે અને તેમને ૮ હજાર ૧૭૦ સંસ્થાઓમાં કામ કરવાની તક મળશે. સરકારના નિર્ણય મુજબ જુલાઇ અને ઓગસ્ટમાં પ્રથમ તબક્કામાં જોડાયેલા યુવાનોને તેમના આધાર લિંક્ડ બેંક ખાતામાં ૧૦ સપ્ટેમ્બર સુધી ડીબીટી દ્વારા ટ્યુશન ફી મળશે. તેથી લાડકા ભાઈઓના ખાતામાં પણ જલદી નાણાં જમા થઈ જશે. રાજ્ય

(જુઓ પાનું ૪) ▶▶

ગોમાંસની શંકાઃ વૃદ્ધની મારપીટ કરનાર ત્રણેયને જામીન નહીં

મુંબઈઃ ઈગતપુરી સ્ટેશન નજીક એક્સપ્રેસ ટ્રેનમાં ગોમાંસ લઇ જવામાં આવી રહ્યું હોવાની શંકાને આધારે વૃદ્ધની મારપીટ કરવાના કેસમાં કોર્ટે આરોપીઓના જામીન નકારતાં જીઆરપીએ ત્રણેયની ફરી વાર ધરપકડ કરી છે.

કોર્ટે ત્રણેય આરોપીના જામીન સોમવારે નકાર્યા બાદ પોલીસે આરોપીઓ સામે લૂંટ અને ધાર્મિક લાગણી દુભાવવાનો કેસ નોંધ્યો હતો. મારપીટનો ભોગ બનેલા ૭૨ વર્ષીય અશરફ અલી સૈયદ અન્સારી ઉત્તર મહારાષ્ટ્ર સ્થિત જલગાંવ જિલ્લામાં રહે છે. અન્સારી ધુલે-મુંબઈ ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા હતા એ સમયે એક ટોળાએ તેમના પર ગોમાંસ લઇ જવામાં આવી રહ્યું હોવાની શંકાને

(જુઓ પાનું ૪) ▶▶

વિદેશી ચલણને બદલે કોરા કાગળ પધરાવીને લાખોની છેતરપિંડી

થાણેઃ ડોંબિવલીમાં વિદેશી ચલણ બદલી આપવાને બહાને ૫૧ વર્ષના શખસને ત્રિપુટીએ કોરા કાગળ પધરાવીને રૂ. ચાર લાખની છેતરપિંડી આચરી હતી. ફરિયાદી દવાનો સપ્લાયર છે અને તેણે પરિચિત મારફત આરોપીઓને સંપર્ક સાધ્યો હતો, જેમણે રૂ. ૧૨ લાખના બદલામાં ૭૦૦ દિનાર આપવાની ઓફર કરી હતી. ત્રણેય આરોપી ૩૧ ઑગસ્ટે ડોંબિવલી પૂર્વના નિલજે ખાતે બપોરે ફરિયાદીને મળ્યા હતા અને તેને રૂ. ૧૨ લાખના બદલામાં ૭૦૦ દિનાર આપવાની ફરી ઓફર કરી હતી. (પીટીઆઇ)■

આઈઆઈટી-બોમ્બેનાપચીસ ટકા વિદ્યાર્થીઓને નોકરી ન મળી

વિદેશમાં ૭૮, ભારતમાં ૭૭૫ નોકરીઃ સૌથી વધુ નોકરી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરને મળી

મુંબઈઃ આઇઆઇટી - બોમ્બેના ૭૫ ટકા વિદ્યાર્થીઓને ગયા શૈક્ષણિક વર્ષમાં કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા રાષ્ટ્રીય અને બહુ રાષ્ટ્રીય - મલ્ટિનેશનલ કંપનીઓમાં નોકરી મળી છે. શિક્ષણ પૂર્ણ કરનારા અથવા અભ્યાસક્રમના અંતિમ તબક્કામાં ભણી રહેલા વિદ્યાર્થીઓની પસંદગી કંપનીઓ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટના માધ્યમથી થતી હોય છે. વર્ષમાં બે વાર યોજાતા આઈઆઈટી કેમ્પસ પ્લેસમેન્ટ ચર્ચાનો વિષય બને છે. આ વર્ષે પ્લેસમેન્ટ માટે રજિસ્ટ્રેશન કરાવનારા વિદ્યાર્થીઓમાંથી માત્ર ૭૫ ટકા વિદ્યાર્થીઓને જ નોકરી મળી છે. જો કે આ વર્ષે વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવેલા સરેરાશ પગાર (પેકેજ)માં વધારો - ૭.૭ ટકા - જોવા મળ્યો છે. ગયા વર્ષે સરેરાશ પગાર રૂ.૨૧.૮૦ લાખ હતો. આ વર્ષે સરેરાશ પગાર રૂ. ૨૩.૫૦ લાખ છે. આ વર્ષે આઈઆઈટી બોમ્બેના કેમ્પસ પ્લેસમેન્ટ માટે ૨,૪૧૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૧,૯૭૯ વિદ્યાર્થીઓએ નોકરી માટે ઇન્ટરવ્યૂ આપ્યા હતા અને ૧,૪૭૫ વિદ્યાર્થીઓને નોકરી મળી છે. આઈઆઈટી બોમ્બેના ઈન્ટરવ્યુ મેળામાં અત્યાર સુધીનો સૌથી ઓછો પગાર ૬ લાખ રૂપિયા હતો. આ વર્ષે લઘુતમ વેતન ૪ લાખ રૂપિયા કરવામાં આવ્યું હોવા છતાં ૧૦ વિદ્યાર્થીઓએ વાર્ષિક ૪ લાખથી ૬ લાખ રૂપિયાના પગારની નોકરી સ્વીકારી છે. ૧૨૩ કંપનીઓએ ૫૫૮ લોકોને ૨૦ લાખ રૂપિયાથી વધુના વાર્ષિક પગારની ઓફર કરી છે. ૭૦ કંપનીઓએ ૧૬.૭૫ લાખ રૂપિયાથી લઈને ૨૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક પગાર ૨૩૦ લોકોને ઓફર કર્યા છે. ૨૨ જણને ૧ કરોડ રૂપિયાથી વધુના પેકેજ મળ્યા છે.

આ વર્ષે ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રે સૌથી વધુ ૨૩૨ નોકરી મળી છે. ત્યારબાદ કમ્પ્યુટર એન્જિનિયરિંગ (૨૩૦), મિકેનિકલ એન્જિનિયરિંગ (૨૨૯ નોકરી), કેમિકલ એન્જિનિયરિંગ (૧૧૯) અને સિવિલ એન્જિનિયરિંગ (૧૧૩)નો ક્રમ આવે છે. ૭૮ વિદ્યાર્થીઓને વિદેશમાં નોકરી મળી, જ્યારે ૭૭૫ જણ ભારતીય કંપનીમાં નોકરી મેળવવામાં સફળ રહ્યા છે. ભારતીય કંપનીઓએ ૬૨૨ જણને રોજગારી આપી છે. ■

લાડકી બહેન યોજના માટે હવે ૩૦ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે વંચિત મહિલાઓને દર મહિને આપવામાં આવનારી ૧૫૦૦ રૂપિયાની રકમની લાડકી બહેન યોજના હેઠળ નોંધણી માટેની સમય મર્યાદા ૩૦ સપ્ટેમ્બર સુધી લંબાવી હોવાની જાણકારી મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ આપી છે. આ યોજના હેઠળ નોંધણીનો સમય શરૂઆતમાં ૩૧ જુલાઈ સુધી હતો. જોકે, જે સંભવિત લાભાર્થીઓની અરજી મોટી સંખ્યામાં હોવાને કારણે મુદત વધારી ૩૧ ઓગસ્ટ સુધી કરવામાં આવી હતી. આ યોજનાને મળેલા જબરજસ્ત પ્રતિસાદને જોતાં પાત્ર મહિલાઓ દ્વારા અરજીઓ દાખલ કરવાની અંતિમ તારીખ વધારીને ૩૦ સપ્ટેમ્બર કરવામાં આવી છે એવો ખુલાસો તટકરેએ કર્યો હતો. મહિલાઓના કલ્યાણ માટે એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારની મુખ્ય યોજના મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજનાની જાહેરાત જૂનના અંતમાં રજૂ થયેલા રાજ્યના બજેટમાં કરવામાં આવી હતી. આ યોજનાથી રાજ્યની તિજોરી પર વાર્ષિક ૪૬ હજાર કરોડ રૂપિયાનો બોજો પડવાની સંભાવના છે. આ યોજના હેઠળ, ૨૧-૬૫ વર્ષની પરિણીત, છૂટાછેડા લીધેલી અને નિરાધાર મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા મળશે. અલબત્ત લાભાર્થીઓ માટે વાર્ષિક પારિવારિક આવક ૨.૫ લાખ રૂપિયાની મર્યાદા રાખવામાં આવી છે. શાસક ગઠબંધનના ઘટકો - ભાજપ, એનસીપી અને શિવસેના - નવેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પૂર્વે આ યોજનાને વ્યાપકપણે પ્રોત્સાહન આપી રહ્યા છે. (પીટીઆઈ) ■

અભય હડપ બન્યા એમસીએના નવા સેક્રેટરી

સચિનના સપોર્ટવાળા ઉમેદવાર સામતનો પરાજય

વાનખેડેમાં જીત સેલિબ્રેટ કરી રહેલા એમસીએના નવા સેક્રેટરી અભય હડપ (એકદમ ઉપર, ડાબી તસવીરમાં વચ્ચે). તેમની સાથે પ્રમુખ અજિંક્ય નાઇક તથા પ્રદીપ પાટીલ પણ હાજર હતા. ચૂંટણી–પ્રસંગે સચિન તેમ જ વેંગસરકર, ઘાવરી, અને ડાયના એદલજી સહિત અન્ય ક્રિકેટર્સ ઉપસ્થિત હતા. (અમય ખરાડે)

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના નવા સેક્રેટરીપદે અભય હડપ ચૂંટાયા છે. તેમણે સૂરજ સામતને પરાજિત કર્યા હતા.

ગયા જુલાઈમાં સેક્રેટરી અજિંક્ય નાઇક એમસીએના પ્રમુખ બનતાં આ ચૂંટણી રાખવામાં આવી હતી જેમાં સામતને સચિન તેન્ડુલકરનો સપોર્ટ હતો.

હડપ અને સામત, બન્ને એમસીએની ઍપેક્સ કાઉન્સિલના મેમ્બર છે.

અમોલ કાળેનું તાજેતરમાં નિધન થતાં એમસીએનું પ્રમુખપદ ખાલી પડ્યું હતું અને એના પર અજિંક્ય નાઇકની વરણી થઈ હતી.

મૈદાન ક્રિકેટ માટે અભય હડપ ખૂબ કામ કરવા માગે છે અને તેઓ બહુ જલદી વાર્ષિક સામાન્ય સભા યોજવા માગે છે.

સામત ખેલાડીઓના સિલેક્શનમાં પારદર્શકતા ઇચ્છે છે. તેમના મતે બાળકો, ટીનેજરો અને યુવા ખેલાડીઓ સારું પર્ફોર્મ કર્યા પછી પણ સંબંધિત ટીમમાં સિલેક્ટ ન થાય એટલે નિરુત્સાહ થઈ જતા હોય છે.

મંગળવારે એમસીએમાં ચૂંટણી વખતે જાણીતા ખેલાડીઓ ખુદ સચિન તેન્ડુલકર તેમ જ કરસન ઘાવરી, દિલીપ વેન્ગસરકર, ડાયના એદલજી, અજિંક્ય રહાણે, એબી કુરુવિલા, નીલેશ કુલકર્ણી, અભિષેક નાયર, પિચ ક્યૂરેટર નદીમ મેમણ વગેરે ઉપસ્થિત હતા. ■

ગોલ્ડન મૅન સુમિતે મીઠાઈ છોડી એટલે હરીફો માટે કડવો બની ગયો!

પીઠની ઈજા છતાં ઐતિહાસિક ગોલ્ડ જીતનાર સુમિત અંતિલ કોણ છે? ડાબો પગ કેવી રીતે ગુમાવ્યો?

પૅરિસઃ અહીં પૅરાલિમ્પિક્સમાં સોમવારે ભારત વતી ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીતનાર ભાલાફેંકના ઍથ્લીટ સુમિત અંતિલને એક વર્ષ કરતાં વધુ સમયથી પીઠમાં દુખાવો હતો છતાં તેણે દિવ્યાંગો માટેના આ સૌથી મોટા રમતોત્સવમાં ભાગ લીધો અને ચૅમ્પિયન બનીને રહ્યો. બીજું, તેને મીઠાઈ ખૂબ પ્રિય છે, પરંતુ સુમિતને તેના ફિઝિયોથેરપિસ્ટ વિપિન ભાઈએ સલાહ આપી હતી કે જો તે મીઠાઈ ખાવાનું નહીં છોડે તો તારું વજન ઘટશે નહીં અને પરિણામે પૅરાલિમ્પિક્સમાં ભાગ લેવાનું તેના માટે મુશ્કેલ થઈ જશે.

સુમિતે તેમની વાત માની લીધી હતી અને પૅરાલિમ્પિક્સની તૈયારીઓ શરૂ કરતાં પહેલાં મીઠાઈ ખાવાનું સાવ બંધ કરી દીધું હતું જેને કારણે ફક્ત બે મહિનામાં તેનું વજન ૧૨ કિલો ઘટી ગયું હતું. બીજું, તેણે સઘન તાલીમ પણ લીધી હતી. તે તૈયારીઓ કરવામાં ઘણી રાત ઊંઘ્યો પણ નહોતો.

૨૬ વર્ષનો સુમિત અંતિલ હરિયાણાના સોનીપતમાં રહે છે. દિવ્યાંગ ઍથ્લીટો માટેની એફ-૬૪ કૅટેગરીમાં ભાલો ૭૩.૨૯ મીટર દૂર ફેંકવાનો વર્લ્ડ રેકૉર્ડ તેના નામે છે. તે પૅરાલિમ્પિક્સમાં બે ગોલ્ડ સહિત વર્લ્ડ ચૅમ્પિયનશિપ્સમાં પણ બે ગોલ્ડ ઉપરાંત એક સિલ્વર મેડલ તથા એશિયન પૅરા ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો છે.

સુમિતે પીટીઆઇને કહ્યું, 'મને વિપીન ભાઈએ આપેલી સલાહ મેં માની એનો મને ઘણો લાભ થયો. તેમણે મને કહ્યું હતું કે શરીરના વજનને લીધે તારી કરોડરજ્જુ પર ખૂબ પ્રેશર આવે છે. મીઠાઈ મને ખૂબ

ભાવે છે, પણ મેં તેમનું માનીને એ છોડી દીધી અને તેમની સલાહ મુજબના જ ભોજન-નાસ્તો લેવાનું શરૂ કરી દીધું હતું. હું કોચ અરુણ કુમારનો પણ આભારી છું.'

સુમિતે આ બધો ભોગ આપ્યો તેમ જ અથાક મહેનત કરી એનો તેને મોટો ફાયદો થયો. તે એફ-૬૪ કૅટેગરીમાં ૭૦.૫૯ મીટરના રેકૉર્ડ-થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

એફ-૬૪ કૅટેગરીમાં કમરથી નીચેના ભાગમાં અક્ષમતા ધરાવતા ઍથ્લીટનો સમાવેશ હોય છે.સુમિત પૅરાલિમ્પિક્સમાં ઉપરાઉપરી બે સીઝનમાં વ્યક્તિગત ઇવેન્ટનો ગોલ્ડ મેડલ જીતનાર ભારતનો પ્રથમ પુરુષ ઍથ્લીટ અને એકંદરે ભારતનો બીજો ઍથ્લીટ છે. મહિલાઓમાં અવનિ લેખરા ૨૦૨૧ પછી ૨૦૨૪ની પૅરાલિમ્પિક્સમાં ઇન્ડિવિજ્યુઅલ ઇવેન્ટનો ગોલ્ડ જીતી હતી.

૨૦૨૧માં ખેલ રત્ન અવૉર્ડ અને ૨૦૨૨માં પદ્મશ્રી અવૉર્ડ જીતનાર સુમિત અંતિલ કુસ્તીમાં કરીઅર બનાવવા માગતો હતો અને ભારતીય લશ્કરમાં જોડાવાની તેની ઇચ્છા હતી. જોકે ૨૦૧૭માં એક દિવસ તે ટ્યૂશન ક્લાસમાંથી ઘરે પાછો આવી રહ્યો હતો ત્યારે સામેથી પૂરપાટ આવતી ટ્રકે તેની બાઇકને અડફેટે લીધી હતી. એ અકસ્માતમાં સુમિતનો ડાબો પગ કાપવો પડ્યો હતો. જોકે તે હિંમત નહોતો હાર્યો અને સ્પોર્ટ્સમાં કરીઅર બનાવવા મક્કમ હતો. તેણે એક કૃત્રિમ પગ હોવા છતાં અવ્વલ દરજ્જાનો ઍથ્લીટ બનવાનો સંકલ્પ કરી લીધો હતો. ■

પૅરિસ પૅરાલિમ્પિક્સમાં કોના કેટલા મેડલ?

ક્રમ	દેશ	ગોલ્ડ	સિલ્વર	બ્રૉન્ઝ	કુલ
૧	ચીન	૪૫	૩૨	૧૬	૯૩
૨	ગ્રેટ બ્રિટન	૨૯	૧૬	૧૨	૫૭
૩	અમેરિકા	૧૫	૧૯	૧૧	૪૫
૪	બ્રાઝિલ	૧૩	૯	૨૦	૪૨
૫	ફ્રાન્સ	૧૧	૧૦	૧૩	૩૪
૧૫	ભારત	૩	૫	૭	૧૫

બાંગ્લા ટાઇગર સામે પાકિસ્તાન મીંદડી, નવો ઇતિહાસ રચાયો

બાંગ્લાદેશ પહેલી જ વાર પાકિસ્તાન સામે ટેસ્ટ-સિરીઝ જીત્યુંઃ ૨-૦થી કર્યો વ્હાઇટવૉશ, મિરાઝ મૅન ઑફ ધ સિરીઝ

રાવલપિંડીઃ બાંગ્લાદેશે ટેસ્ટ-ક્રિકેટમાં નવો ઇતિહાસ રચ્યો છે. બાંગ્લાદેશે પહેલી જ વખત પાકિસ્તાનને ટેસ્ટ-સિરીઝમાં પરાજિત કર્યું છે. પાકિસ્તાનની પોતાની જ ધરતી પર નાલેશી થઈ છે. પહેલી ટેસ્ટમાં બાંગ્લાદેશે વિજય મેળવીને પ્રથમ વાર પાકિસ્તાન સામે ટેસ્ટ જીતવાની શરૂઆત કરી હતી અને હવે પહેલી વાર એને ટેસ્ટ-શ્રેણીમાં પણ પરાજિત કરીને એનું ફરી નાક કાપ્યું છે. બાંગ્લાદેશની ૨-૦થી જીત થઈ છે. પાકિસ્તાન ઘરઆંગણે સતત ૧૦મી ટેસ્ટમાં વિજયથી વંચિત રહ્યું છે.

મંગળવારે છેલ્લા દિવસે બાંગ્લાદેશને જીતવા ફક્ત ૧૮૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો અને એણે ચાર વિકેટ ગુમાવીને ટાર્ગેટ મેળવી લીધો હતો. છ વિકેટના માર્જિનથી મેળવેલી આ જીત પહેલાં બાંગ્લાદેશે ગયા અઠવાડિયે શાન મસૂદની ટીમને પહેલી ટેસ્ટમાં ૧૦ વિકેટે હરાવી હતી.

પહેલી વાર બાંગ્લાદેશના સ્પિનર્સે બીજા દાવમાં તમામ ૧૦ વિકેટ લીધી છે. બાંગ્લાદેશે વિદેશમાં બે કે વધુ ટેસ્ટવાળી સિરીઝ જીતી હોય એવો આ બીજો જ કિસ્સો છે. ૧૫ વર્ષ પહેલાં (૨૦૦૯માં) બાંગ્લાદેશે વેસ્ટ ઇન્ડિઝને કૅરિબિયન ધરતી પર ૨-૦થી હરાવ્યું હતું.

શાન મસૂદની કૅપ્ટન્સીમાં પાકિસ્તાન પાંચ ટેસ્ટ રમ્યું છે અને

પાંચેય હાર્યું છે. મંગળવારે બાંગ્લાદેશને ૧૮૫ રનનો લક્ષ્યાંક અપાવવામાં ટોચના તમામ છ બૅટરના નાના-મોટા યોગદાન હતા. એમાં ઓપનર ઝાકિર હાસન (૪૦ રન), કૅપ્ટન નજમુલ શૅન્ટો (૩૮ રન), મોમિનુલ હક (૩૪ રન), શદમાન ઇસ્લામ (૨૪ રન), મુશફિકુર રહીમ (અણનમ બાવીસ રન) અને શાકિબ અલ હસન (અણનમ ૨૧ રન)નો સમાવેશ હતો. ■

શીતલ દેવીએ પૅરાલિમ્પિક્સમાં રચ્યો નવો ઇતિહાસ

બન્ને પગથી તીરંદાજીનો મેડલ જીતનારી વિશ્વની પ્રથમ ઍથ્લીટ બની

પેરિસઃ જમ્મુ અને કાશ્મીરની શીતલ દેવી નામની ૧૭ વર્ષીય ઍથ્લીટે પૅરાલિમ્પિક્સની તીરંદાજીમાં નવો ઇતિહાસ સર્જ્યો છે. બંને હાથ વગર પણ આ રમતોત્સવનો મેડલ જીતનાર તે વિશ્વની પ્રથમ તીરંદાજ બની છે. શીતલ દેવીએ બન્ને પગથી તીરંદાજીની હરીફાઈમાં મેડલ જીતી લીધો છે.

શીતલ દેવી અને રાકેશકુમારની જોડીએ પેરિસ પેરાલિમ્પિક્સની કમ્પાઉન્ડ ટીમ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે.

સોમવારે રાત્રે તેમણે ઈટલીની જોડી (સારતી-મેટિયો)ને બ્રોન્ઝ મેડલ માટેની રસાકસી વચ્ચે ૧૫૬-૧૫૫ના તફાવતથી હરાવી દીધી હતી. ભારતની આ એવી પ્રથમ જોડી છે જેણે પેરાલિમ્પિક્સમાં કમ્પાઉન્ડ કૅટેગરીમાં મેડલ જીતી લીધો છે. ૨૦૨૧ની ટૉક્યો પૅરાલિમ્પિક્સમાં ભારતનો હરવિન્દર સિંહ વ્યક્તિગત ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

પૅરિસમાં દિવ્યાંગ સ્પર્ધકો માટેની પેરાલિમ્પિક્સમાં શીતલ દેવી વ્યક્તિગત મેડલ નથી જીતી શકી, પણ તેણે અનોખી સ્ટાઇલના પર્ફોર્મન્સથી અનેકનાં દિલ જીતી લીધાં છે. હવે તે મિક્સ્ડ ઇવેન્ટમાં બ્રોન્ઝ જીતી હોવાથી વધુ લોકપ્રિય થઈ ગઈ છે. ■

શીતલ દેવીએ હાથ વગર અને રાકેશ કુમારે અક્ષમ પગ છતાં સ્પર્ધામાં ભાગ લીધો અને ગળામાં ઐતિહાસિક મેડલ મેળવી લીધો.

ટીમ ઇન્ડિયાને કોચિંગ આપતો રહું તો મારા બન્ને દીકરાઓને તાલીમ ક્યારે આપું!: સેહવાગ

વીરુદાદાને ભવિષ્યમાં ભારતના હેડ-કોચ બનવામાં કોઈ રસ નથી, મુલાકાતમાં ઘણી સ્પષ્ટ વાતો કરી

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયા પછી કેટલાક ખેલાડીઓ ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાનું પસંદ કરતા હોય છે, પરંતુ કેટલાક એ હોદ્દાથી દૂર રહેવાનું પસંદ કરીને માત્ર વહીવટમાં રુચિ રાખતા હોય છે. જેમ કે સૌરવ ગાંગુલી. અનિલ કુંબલેને ટીમ ઇન્ડિયાના હેડ-કોચનો હોદ્દો બહુ નહોતો સદ્યો, પરંતુ રવિ શાસ્ત્રીએ ઘણા વર્ષો એ પદ સંભાળ્યું હતું. રાહુલ દ્રવિડે પણ એ પદ સ્વીકાર્યા બાદ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી અપાવીને ટીમને ગુડબાય કરી. હવે ગૌતમ ગંભીરે એ જવાબદારી સ્વીકારી છે. જોકે વીરેન્દર સેહવાગનું માનવું કંઈક જૂદું જ છે. ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવું તેને બિલકુલ પસંદ નથી એવું (૨૦૧૭માં અરજી નિષ્ફળ ગયા પછી) હવે કેમ કહે છે એ જાણવા જેવું છે.

ભૂતપૂર્વ ભારતીય ઓપનર ૨૦૧૬માં પંજાબ કિંગ્સનો મેન્ટર તેમ જ ૨૦૧૭ અને ૨૦૧૮માં ડિરેક્ટર ઑફ ક્રિકેટ હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં સેહવાગે ટીમ ઇન્ડિયાના હેડ-કોચના હોદ્દા માટે અરજી કરી હતી, પરંતુ ક્રિકેટ ઍડવાઇઝરી કમિટીએ તેની પહેલાં રવિ શાસ્ત્રી પર પસંદગી ઉતારી હતી. ત્યાર બાદ સેહવાગે

ક્યારેય ટીમ ઇન્ડિયાના કોચ બનવા અરજી નથી કરી. વીરુદાદાએ એક જાણીતા દૈનિકને આપેલી મુલાકાતમાં 'તમે ભવિષ્યમાં ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાનું પસંદ કરશો?' એવા સવાલના જવાબમાં કહ્યું હતું કે તે આઇપીએલની ટીમને કોચિંગ આપવાનું પસંદ કરશે, પણ ટીમ ઇન્ડિયાના હેડ-કોચ બનવાનું (ટીમના વ્યસ્ત શેડ્યૂલને કારણે) ક્યારેય પસંદ નહીં કરે.

સેહવાગે આ મુદ્દે વિગતથી જણાવ્યું હતું કે 'જો આઇપીએલની કોઈ ટીમને કોચિંગ આપવાનું કહેવામાં આવશે તો હું સ્વીકારીશ, પણ ભારતીય ટીમને કદી નહીં. જો હું ભારતીય ટીમનો કોચ બનીશ તો હું ખેલાડી તરીકે ૧૫ વર્ષથી જે રુટિનમાં હતો એ જ રુટિનમાં પાછો આવી જઈશ. એ સમય હતો જ્યારે હું દોઢ દાયકા સુધી રમ્યો હતો અને વર્ષમાં આઠ મહિના ઘર-પરિવારથી દૂર રહેતો હતો. જોકે હવે મારા બાળકો ૧૪ વર્ષ અને ૧૬ વર્ષના થઈ ગયા છે અને તેમને મારી જરૂર છે. મારા બન્ને દીકરા ક્રિકેટ રમે છે અને મારે તેમને કોચિંગ આપવાનું હોય છે એટલે વર્ષનો ઘણો ખરો સમય તેમની સાથે રહેવું જરૂરી છે.'

સેહવાગે ૨૦૦૪માં આરતી આહલાવત સાથે લગ્ન કર્યા હતા. તેમનો મોટો પુત્ર આર્યવીર ૧૬ વર્ષનો અને નાનો દીકરો વેદાંત ૧૪ વર્ષનો છે. વીરેન્દર-આરતીનો એક પુત્ર ઑફ-સ્પિનર અને બીજો પુત્ર ઓપનિંગ બૅટર છે.

સેહવાગ અખબારને ઇન્ટરવ્યૂમાં વધુમાં કહે છે કે 'હું જો ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાનું શરૂ કરું તો મારા માટે મોટો પડકાર બની જાય, કારણકે હું ભારતીય ખેલાડીઓને કોચિંગ આપવા વર્ષના આઠ મહિના પરિવારથી દૂર રહું તો મારા બન્ને દીકરા મારા પ્રશિક્ષણથી વંચિત રહી જાય. હા, આઇપીએલની કોઈ ટીમ મને કોચ બનાવવા માગતી હોય તો હું જરૂર વિચારીશ.' ■

ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર અજય રાત્રા બન્યો ટીમ ઇન્ડિયાનો સિલેક્ટર

નવી દિલ્હીઃ ૨૦૦૨ની સાલમાં ભારત વતી છ ટેસ્ટ અને બાર વન-ડે રમનાર ૪૨ વર્ષના વિકેટકીપર-બૅટર અજય રાત્રાને બીસીસીઆઇએ ભારતની મુખ્ય મેન્સ ટીમ માટેની સિલેક્શન કમિટીમાં મેમ્બર બનાવ્યો છે.

અજિત આગરકર આ પસંદગીકાર સમિતિનો અધ્યક્ષ છે.

અજય રાત્રાની નિયુક્તિ ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર સલિલ અન્કોલાના સ્થાને થઈ છે.

પાંચમી સપ્ટેમ્બરે (ગુરુવારે) દુલીપ ટ્રોફી ટૂર્નામેન્ટ શરૂ થઈ રહી છે અને આ સ્પર્ધા અજય રાત્રાનું પ્રથમ અસાઇનમેન્ટ ગણાશે.

અજય રાત્રા આસામ, પંજાબ તેમ જ ઉત્તર પ્રદેશની ટીમનો હેડ-કોચ રહી ચૂક્યો છે.

૨૦૦૨માં ઍન્ટિગા ટેસ્ટમાં વેસ્ટ ઇન્ડિઝ સામેના અણનમ ૧૧૫ રન

અજય રાત્રાની બેસ્ટ ટેસ્ટ ઇનિંગ્સ હતી. ત્યારે તે ટેસ્ટ સદી ફટકારનાર યંગેસ્ટ વિકેટકીપર બન્યો હતો. તે કૈફની કૅપ્ટન્સીવાળી અન્ડર-૧૯ ટીમમાં પણ હતો.

સુઆરેઝ ઉરુગ્વેની ટીમમાંથી નિવૃત્ત, રોનાલ્ડોએ પોર્ટુગલ વતી ફરી રમવાનું શરૂ કર્યું

મૉન્ટેવીડિયો/જીનિવાઃ ફૂટબૉલજગતમાં છેલ્લા બે દિવસમાં બે મોટા ખેલાડીની કરીઅરમાં નવા વળાંક આવ્યા હતા. ૩૭ વર્ષના પીઢ ખેલાડી લુઇસ સુઆરેઝે ઉરુગ્વેની રાષ્ટ્રીય ટીમમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી, જ્યારે બીજી બાજુ જગવિખ્યાત ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ લાંબા સમય બાદ પોર્ટુગલ વતી કરીઅરની ફરી શરૂઆત કરી હતી.

પ્રોફેશનલ ફૂટબૉલમાં લિવરપુલ અને બાર્સેલોના વતી રમી ચૂકેલો ફૉર્વર્ડ ખેલાડી સુઆરેઝ ઉરુગ્વેનો ઑલ-ટાઇમ લીડિંગ ગોલ-સ્કોરર છે. તેણે ૧૪૨ મૅચમાં ૬૯ ગોલ કર્યા છે. તે શુક્રવારે છેલ્લી મૅચ રમશે જે પારાગ્વે સામે રમાશે.

વર્લ્ડ કપ ક્વૉલિફાઇંગની આ મૅચ રમનાર સુઆરેઝ ૨૦૦૭થી ઉરુગ્વે વતી રમે છે. તે પત્રકારો સમક્ષ રિટાયરમેન્ટની જાહેરાત કરતી વખતે રડી પડ્યો હતો. તેણે કહ્યું, 'હું ઈજાને લીધે નહીં, પણ મારી રીતે નિર્ણય લઈને નિવૃત્ત થઈ રહ્યો છું એનો મને આનંદ છે.'

સુઆરેઝ ચાર વર્લ્ડ કપ માટેની ઉરુગ્વેની ટીમમાં હતો. તે પાંચ કૉપા અમેરિકા ચૅમ્પિયનશિપ રમી ચૂક્યો છે.

હાલમાં પ્રોફેશનલ ફૂટબૉલમાં તે ઇન્ટર માયામી



ટીમમાં છે અને એમાં તેનો ખાસ મિત્ર લિયોનેલ મેસી એ ટીમનો કૅપ્ટન છે.

દરમ્યાન ગુરુવારે યુઇફા નૅશન્સ લીગ શરૂ થઈ રહી છે અને એ દિવસે સ્પેન સામે રમાનારી મૅચમાં રોનાલ્ડો પોર્ટુગલ વતી ફરી રમતો જોવા મળશે. રોનાલ્ડોના સુકાનમાં અગાઉ પોર્ટુગલની ટીમ ૨૦૧૯નો નૅશન્સ કપ અને ૨૦૧૬ની યુરો ચૅમ્પિયનશિપમાં ચૅમ્પિયન બની હતી.

રોનાલ્ડો ૩૯ વર્ષનો છે અને ગુરુવારે તે સ્પેનની એવી ટીમ સામે રમશે જેમાં મોટા ભાગના યુવા ખેલાડીઓ છે જેની સામે રોનાલ્ડોની કસોટી થશે. ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપ દરમ્યાન રોનાલ્ડોને પોર્ટુગલની ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. ૨૦૨૪ના યુરોમાં તે એક પણ ગોલ નહોતો કરી શક્યો.

પોર્ટુગલ સામે રમનાર સ્પૅનિશ ટીમમાં ખાસ કરીને ૧૭ વર્ષનો યંગેસ્ટ ખેલાડી લેમિન યમાલ સામેલ છે. ૨૦ વર્ષનો ગાવિ પણ સ્પેનની ટીમમાં છે. રોનાલ્ડો ૨૦૦૪માં પ્રથમ મોટી ફૂટબૉલ ટૂર્નામેન્ટ (યુરો ચૅમ્પિયનશિપ) રમ્યો ત્યારે યમાલ અને ગાવિનો જન્મ પણ નહોતો થયો અને હવે તેઓ બન્ને રોનાલ્ડોને નબળો સાબિત કરવા મેદાને પડશે. ■

શૅરબજાર હાંફ્યુ, પરંતુ નિફ્ટીએ ૧૪મા સત્રની આગેકૂચ સાથે નવી વિક્રમી સપાટી હાંસલ કરી, ડિફેન્સ શેરમાં ઉછાળા, આઇટીમાં નરમાઇ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: મુંબઇ: શેરબજાર એકંદર રેકોર્ડ રેલી બાદ હાંફ્યું છે, પરંતુ નિફ્ટીએ આ સત્રમાં નવી વિક્રમી સપાટી તો હાંસલ કરી જ છે, પરંતુ એ જ સાથે સતત ૧૪માં સત્રમાં આગેકૂચ જારી રાખીને એક નવો વિક્રમ પણ નોંધાવ્યો છે. નવાં ટ્રિગર્સના અભાવને કારણે મંગળવારે બજાર અથડાઇ ગયું હતું, પરંતુ નિફ્ટી સહેજ આગળ વધ્યો હતો. રોકાણકારો સંભવિત યુએસ વ્યાજ દરમાં કાપની સંભાવના વધુ મજબૂત બને એવા નવા ડેટાની રાહ જોઈ રહ્યા હોય એમ લાગે છે.

નિફ્ટીએ ૧.૧૫ પોઈન્ટના નજીવા વધારા સાથે ૨૫,૨૭૯.૮૫નું સ્તલ હાંસલ કર્યું છે, જે તેનું અત્યાર સુધીનું સર્વોચ્ચ બંધ સ્તર છે. જોકે, ૧૦ દિવસની તેજીને બ્રેક મારીને સેન્સેક્સ ૪.૪૦ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા ઘટીને ૮૨,૫૫૫.૪૪ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૧૫૯.૦૮ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા ઘટીને ૮૨,૪૦૦.૭૬ પર આવી ગયો હતો.

બજાજ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, અદાણી પોર્ટ્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, એચસીએલ ટેક, ભારતી એરટેલ, ઇન્ડસઇન્ડ બેન્ક અને ટાટા મોટર્સ ટોપ લુઝર્સ શેરોમાં હતાં, જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્ક, બજાજ ફિનસર્વ, ટાઇટન, નેસ્લે અને એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં. એચએએલ અને મઝગાવ ડોક જેવા સંરક્ષણ ક્ષેત્રના શેરોમાં ત્રણથી પાંચ ટકા સુધીના જોરદાર ઉછાળા જોવા મળ્યા હતા. કેબિનેટ સમિતિએ સુખોઈ ફાઈટર જેટ્સ માટે ૨૪૦ એરો-એન્જિન ખરીદવા માટે રૂ. ૨૬,૦૦૦ કરોડના સોદાને મંજૂરી આપી હોવાની ચર્ચા વચ્ચે સંરક્ષણ શેરોમાં તેજીનો માહોલ રચાયો હતો. અન્ય ક્ષેત્રોમાં, ફાર્માસ્યુટિકલ્સ અને રિયલ એસ્ટેટ શેરોમાં સુધારો જોવા મળી રહ્યો છે, જ્યારે આઇટી સેક્ટરમાં ધોવાણ જોવા મળ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં સારી હલચલ ચાલી રહી છે. બજાજ હાઉસિંગ ફાઇનાન્સ નવમી સપ્ટેમ્બરે રૂ. ૬,૫૬૦ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૬૬થી રૂ. ૭૦ નક્કી થઇ છે. આ ભરણું ૧૧મીએ બંધ થશે, જેમાં ફ્રેશ ઇક્વિટી રૂ. ૩૫૬૦ કરોડની અને ઓએફએસનો હિસ્સો રૂ. ૩૦૦૦ કરોડનો છે. સોલાર સેલ અને મોડ્યુલ બનાવતી પ્રીમિયર એનર્જીનો શેર તેના રૂ. ૪૫૦ના ભાવ સામે ૧૨૦ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૯૯૧ની સપાટીએ ખૂલ્યો હતો અને અંતે ૮૭ ટકાના સુધારા સાથે ૮૩૯.૬૫ની સપાટીએ સ્થિર થયો હતો.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) પાસેટર્નકી સોલાર એનર્જી સોલ્યુશન્સ પ્રોવાઇડર સોલર૯૧ ક્લીનટેક લિમિટેડે જાહેર ભરણા સાથે મૂડીબજારમાં પ્રવેશ કરવા માટે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ સુપરત કરાવ્યું છે. ભરણામાં ૫૪.૩૬ લાખ શેરના નવા ઇશ્યૂનો સમાવેશ થશે, જેની કિંમત બુક બિલ્ડિંગ રૂટ દ્વારા અંદાજે રૂ. ૧૦૦ કરોડ છે. બિગબ્લોક કન્સ્ટ્રક્શન લિમિટેડે કંપનીની

વાર્ષિક સામાન્ય સભામાં (એજીએમ) ૧:૧ બોનસ ઇશ્યૂને મંજૂરી આપી છે. કંપનીએ ૨૦ ટકાનું અંતિમ ડિવિડન્ડ અને ઓથોરાઇઝ્ડ શેર કેપિટલને રૂ. ૧૫ કરોડથી વધારીને રૂ. ૩૦ કરોડ કરવાની દરખાસ્ત પણ એજીએમમાં મંજૂર કરવામાં આવી છે.

રેમન્ડ લાઇફસ્ટાઇલ લિમિટેડ ત્રણ વર્ષમાં નવી કેટેગરીના લોન્ચ સાથે ૯૦૦ નવા આઉટલેટ્સ સાથે અત્યાર સુધીના સૌથી મોટા રિટેલ વિસ્તરણ તરફ આગળ વધી રહ્યું છે. રેમન્ડ ગ્રૂપની લાઇફસ્ટાઇલ બિઝનેસ એન્ટિટી ૨૦૨૭ સુધીમાં ઝડપથી વિકસતા મેન્સ-વેર વેડિંગ માર્કેટમાં લગભગ સાત ટકા બજાર હિસ્સો હાંસલ કરવા માટે ૧૫ ટકાના સીએજીઆરનો લક્ષ્ય ધરાવે છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં વેડિંગ બિઝનેસમાંથી રેમન્ડના વેડિંગ અને સેરેમોનીઅલ અટાયર અને તેના એથનિક વેર ઓફરિંગ એથનિક્સ સહીત રૂ. ૨૫૫૦ કરોડનું વેચાણ કર્યું છે.

એશિયન બજારોમાં સિઓલ, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ નીચામાં સ્થિર થયા હતા. યુરોપિયન બજારો નકારાત્મક ક્ષેત્રમાં ક્વોટ થઈ રહ્યા હતા.

સોમવારે મજૂર દિવસની રજા માટે યુએસ બજારો બંધ રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ સોમવારે રૂ. ૧,૭૩૫.૪૬ કરોડની ઇક્વિટી ખરીદી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ૧.૭૯ ટકા ઘટીને ૭૬.૧૩ ડોલર પ્રતિ બેરલ થયું છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૪૫ ટકા, બજાજ ફિનસર્વ ૧.૩૦ ટકા, ટાઈટન ૦.૮૫ ટકા, નેસ્લે ૦.૭૫ ટકા, એચડીએફસી બેન્ક ૦.૭૨ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૩૨ ટકા વધ્યા હતા. ઈન્ફોસિસ ૧.૨૨ ટકા બજાજ ફાઈનાન્સ ૧.૧૩ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૯ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૦.૯૭ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૯૫ ટકા, એનટીપીસી ૦.૮૭ ટકા, ભારતી એરટેલ ૦.૮૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૮૩ ટકા અને તાતા મોટર્સ ૦.૬૪ ટકા ઘટ્યા હતા.

સોમવારે સતત ૧૦મા સત્રમાં ઉછાળો, બીએસઇ બેન્ચમાર્ક ૧૯૪.૦૭ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકાના ઉછાળા સાથે ૮૨,૫૫૯.૮૪ની સર્વકાલીન ટોચે બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન, તે ૩૫૯.૫૧ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૮૨,૭૨૫.૨૮ની નવી ઈન્ટ્રા-ડે રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો.

નિફ્ટી ૪૨.૮૦ પોઈન્ટ્સ અથવા ૦.૧૭ ટકા વધીને ૨૫,૨૭૮.૭૦ ના જીવનકાળની સર્વોચ્ચ સપાટીએ સેટલ થઈ ગયો હતો, જેણે સતત ૧૩માં દિવસે તેની જીતની શરૂઆત કરી હતી. દિવસ દરમિયાન, તે ૯૭.૭૫ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા વધીને ૨૫,૩૩૩.૬૫ ની નવી ઓલ-ટાઇમ ઇન્ટ્રા-ડે ટોચ પર પહોંચ્યો હતો.

મંગળવારે સેન્સેક્સ ૮૨,૫૫૯.૮૪ના બંધ સામે ૪.૦૪ પોઈન્ટ્સ (૦.૦૧ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૬૯ લાખ કરોડ વધીને રૂ.૪૬૫.૫૪ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૨,૬૫૨.૬૯ ખૂલીને ઊંચામાં ૮૨,૬૭૫.૦૬ સુધી અને નીચામાં ૮૨,૪૦૦.૭૬ સુધી જઈને અંતે ૮૨,૫૫૫.૪૪ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૩ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી.

ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સાંકડી વધઘટ થતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો પાંચ પૈસા ઘટીને ૮૩.૯૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૩.૯૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૮ અને ઉપરમાં ૮૩.૯૬ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસા નબળો પડીને ૮૩.૯૬ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે ડૉલર સામે અન્ય એશિયન ચલણો નબળા પડતાં રૂપિયામાં પણ નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સ ટ્રેઝરી વિભાગના હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલકુમાર ભણસાલીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે સંભવિત રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો. જોકે, હાલના તબક્કે ડૉલર સામે રૂપિયામાં ૮૩.૯૭ની સપાટી મહત્ત્વની ટેકા સપાટી પુરવાર થાય તેમ જણાય છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાધારણ ૪.૪૦ પૉઈન્ટનો ઘટાડો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં સાધારણ ૧.૧૫ પૉઈન્ટનો સુધારો નોંધાયો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૫ ટકા વધીને ૧૦૧.૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, અમુક અંશે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૬.૨૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૩૫.૪૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયાને થોડોઘણો ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૭નો ઘસરકો, ચાંદીમાં ₹ ૫૦૨નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના પૅરૉલ ડેટાની આગામી શુક્રવારે જાહેરાત થવાની હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોએ સોના અને ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ધીમો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવમાં સાધારણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭નો ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૫૦૨ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જવેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ

રૂ. ૫૦૨ના ઘટાડા સાથે રૂ. ૮૨,૨૭૮ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૧,૨૦૮ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૧,૪૯૪ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભમાં રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૫૦૪.૨૦ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૨૫૩૫.૯૦ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરના રોજ અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકમાં તે પૂર્વે જાહેર થનારા ઑગસ્ટ મહિનાના નોન ફાર્મ પૅરૉલ ડેટા પર વ્યાજદરમાં કપાતની માત્રા નિર્ધારિત હોવાથી રોકાણકારોના સાવચેતીના વલણને કારણે સોનાના ભાવ ઑલ ટાઈમ હાઈ સપાટી સુધી પહોંચી નથી શકતા, એમ ઓએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે જો આર્થિક ડેટા નબળા આવે તો વ્યાજદરમાં મોટી માત્રામાં કપાતની શક્યતા બળવત્તર બને તેમ છે. જોકે, આ વર્ષના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૬૪૦ ડૉલર સુધી પહોંચવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

જોકે, રૉઈટર્સનાં અર્થશાસ્ત્રીઓનાં સર્વેક્ષણ અનુસાર ઑગસ્ટ મહિનામાં અમેરિકા ખાતે રોજગારોની સંખ્યામાં ૧,૬૫,૦૦૦નો ઉમેરો થવાની ધારણા મૂકાઈ રહી છે. તેમ જ સીએમઈ ફેડ વૉચ ટૂલ અનુસાર ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૯ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૩૧ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી છે. વધુમાં રૉઈટર્સનાં ટેક્નિકલ એનાલિસ્ટ વૉન્ગ તાઉના મતાનુસાર હાલમાં વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૪૭૩ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે અને જો આ સપાટી તૂટે તો ભાવ ઘટીને ૨૪૩૪ ડૉલર સુધી જઈ શકે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં નરમાઈ

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાની સાથે ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગ મર્યાદિત રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની અન્ય ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૪૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા અને કોપર સ્ક્રેપ હેવી તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં મુખ્યત્વે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૨૭૩૮ અને કોપર વાયરબાર તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ.

૮૧૮ અને રૂ. ૧૪૧૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૧૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૭૧૮, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૬૭, રૂ. ૫૫૩ અને રૂ. ૨૬૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૮૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૩૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગે કોપર સ્ક્રેપ હેવી તથા લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૮૦ અને રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

ચીનથી આયાત થતાં છત્રી, સંગીતનાં સાધનો જેવા સામાનોથી સ્થાનિક ઉત્પાદકોનાં જોખમાતા હિત: જીટીઆરઆઈ

નવી દિલ્હી: ચીનથી આયાત થતી છત્રી, રમકડાં, અમુક ફેબ્રિક્સ અને સંગીતનાં સાધનો જેવી ચીજોથી સ્થાનિક એમએમએમઈ (માઈક્રો સ્મોલ ઍન્ડ મીડિયમ એન્ટરપ્રિન્યોર)નાં હિતો જોખમાઈ રહ્યાં છે કેમ કે આમાંની ઘણી ચીજોનું સ્થાનિકમાં ઉત્પાદન થઈ રહ્યું હોવાનું થિન્ક ટેન્ક જીટીઆરઆઈનું માનવું છે. તાજેતરમાં પ્રાપ્ત થયેલા અહેવાલ અનુસાર ગત જાન્યુઆરીથી જૂન ૨૦૨૪ દરમિયાન દેશમાંથી ચીન ખાતે નિકાસ માત્ર ૮.૫ અબજ ડૉલરની થઈ હતી, જ્યારે આયાત ૫૦.૪ અબજ ડૉલરના સ્તરે રહેતાં વેપાર ખાધ ૪૧.૯ અબજની સપાટીએ રહી છે. આમ ઓછી નિકાસ અને વધુ આયાત થવાને કારણે ચીન સૌથી વધુ વેપાર ખાધ ધરાવતો ભારતનો વેપારી ભાગીદાર દેશ બન્યો છે.

દેશમાં થતી ઔદ્યોગિક ઉત્પાદનોની આયાતમાં ચીન ૨૯.૮ ટકા હિસ્સો ધરાવે છે.આથી ભારતે ઉત્પાદન ક્ષેત્રે વધુ રોકાણ કરીને ચીનની આયાત નિર્ભરતા ઘટાડવી જ જોઈએ, એમ થિન્ક ટેન્ક ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટીવના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવતા ઉમેર્યું હતું કે ચીનથી થતી આયાતને કારણે ભારતીય માઈક્રો સ્મોલ ઍન્ડ મિડિયમ એન્ટરપ્રિન્યોરો (એમએસએમઈ) પર માઠી અસર પડી રહી છે, કેમ કે આયાત થતી ઘણી ચીજોનું સ્થાનિકમાં તેઓ દ્વારા ઉત્પાદન થઈ રહ્યું છે. ચીનથી થતી સસ્તી આયાતને કારણે એમએસએમઈ માટે સ્પર્ધા કરવાનું મુશ્કેલ બનવાની સાથે ટકી રહેવા માટે ઝઝૂમી રહ્યા છે. અમુક એમએસએમઈને એકમો બંધ કરવા પડ્યા છે અથવા તો ક્ષમતા કરતાં ઓછા ઉત્પાદન સાથે કાર્ય કરી રહ્યા છે. વધુમાં આ પડકારોની માઠી અસર ભારતનાં રોજગાર સર્જનમાં અને આર્થિક વૃદ્ધિ પર પણ પડી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. જીટીઆરઆઈ દ્વારા કરવામાં આવેલા આંકડાકીય વિશ્લેષણ અનુસાર ભારતીય છત્રી અને સન છત્રીઓનો ૯૫.૮ ટકા પુરવઠો પૂરો પાડે છે જેનું મૂલ્ય ૩.૧ કરોડ ડૉલર જેટલું છે. તેમ જ કૃત્રિમ ફૂલ તથા માનવ વાળની ચીજોનો ૯૧.૯ ટકા પુરવઠો પૂરો પાડે છે જેનું મૂલ્ય ૧.૪ કરોડ છે. આ ઉપરાંત ૫૧.૪ ટકા હિસ્સા સાથે ૨૩.૨૪ કરોડ ડૉલરના મૂલ્યના સિરામિકનાં ઉત્પાદનોની આયાત થાય છે અને ૫૧.૨ ટકાના હિસ્સા સાથે સંગીતના સાધનોની આયાતનું મૂલ્ય ૧.૫૭ કરોડ ડૉલરનું રહ્યું હતું.

વધુમાં ભારતીય એમએસએમઈ કટલરી, લેમ્પ, ફર્નિચર અને બેડિંગ જેવાં ઉદ્યોગમાં સ્પર્ધા કરવા ઝઝૂમી રહ્યા છે. આ ક્ષેત્ર એવા છે જેમાં પંરપરાગત રીતે ભારતીય બિઝનૅસ મજબૂત હતા, પરંતુ હવે ચીનથી આયાતી માલોની ભરમાર વધતા તેઓ અસ્તિત્વ ગુમાવી રહ્યા છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે રત્નો અને કાર્પેટની ચીજોના સ્થાનિક ઉત્પાદકો ભીતિ હેઠળ આવ્યા છે.

વિશ્વ બૅન્કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ભારતના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ સાત ટકા મૂક્યો

નવી દિલ્હી: વિશ્વ બૅન્કે આજે ખાસ કરીને કૃષિ ક્ષેત્રમાં સુધારાની સાથે ગ્રામીણ માગમાં સુધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વર્તમાન નાણાકીય વર્ષ માટે દેશના આર્થિક વૃદ્ધિદરનો અંદાજ વધારીને સાત ટકા કર્યો છે. નોંધનીય બાબત એ છે કે ગત જૂન મહિનામાં વિશ્વ બૅન્કે ૬.૬ ટકાની આર્થિક વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો. ગત મંગળવારે વિશ્વ બૅન્કે જાહેર કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે પડકારો હોવા છતાં ભારતની આર્થિક વૃદ્ધિમાં મજબૂતી જળવાઈ રહેશે. ખાસ કરીને ચોમાસાની સારી પ્રગતિ અને ખાનગી વપરાશમાં સુધારાની શક્યતાને ધ્યાનમાં લેતાં ભારતના ગ્રોસ ડૉમૅસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના અંદાજમાં સુધારો કરવામાં આવ્યો હોવાનું વિશ્વ બૅન્કના વરિષ્ઠ અર્થશાસ્ત્રી રૅન લિએ જણાવ્યું હતું. દક્ષિણ એશિયાની આર્થિક વૃદ્ધિમાં બહોળો હિસ્સો ધરાવતા દેશ ભારતનો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નો આર્થિક વૃદ્ધિદર સાત ટકાના મજબૂત સ્તરે રહેશે, એમ વર્લ્ડ બૅન્કે તેનાં ઈન્ડિયા ડેવલોપમેન્ટ અપડેટમાં જણાવ્યું હતું. વધુમાં અપડેટમાં ઉમેર્યું હતું કે ઔદ્યોગિક ક્ષેત્રે ધીમી પડેલી વૃદ્ધિ આંશિકપણે કૃષિ ક્ષેત્રમાં સુધારાથી સરભર થશે. તેમ જ સર્વિસિસ ક્ષેત્રે મજબૂત વૃદ્ધિ રહેવા ઉપરાંત કૃષિ ક્ષેત્રે સુધારો થતાં ગ્રામીણ વપરાશી માગમાં થનારી અપેક્ષિત વૃદ્ધિ એકંદર આર્થિક વૃદ્ધિને ટેકો આપશે, એમ વર્લ્ડ બૅન્કે ઉમેર્યું હતું.

ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

જોકે, આજે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ એકંદરે નિરસ રહી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૯૦થી ૩૬૪૦માં થયાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૬થી ૩૮૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૬થી ૩૯૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અત્યાર સુધીમાં ખરીફ ડાંગરના વાવેતર વિસ્તારમાં ચાર ટકાનો વધારો

નવી દિલ્હી: વર્તમાન ખરીફ મોસમમાં અત્યાર સુધીમાં દેશમાં ખરીફ ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩૯૩.૫૭ લાખ હેક્ટર સામે ચાર ટકા વધીને ૪૦૮.૭૨ લાખ હેક્ટર રહ્યો છે, જ્યારે કુલ ખરીફ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦૬૬.૮૯ લાખ હેક્ટર સામે વધીને ૧૦૮૭.૩૩

રાજકોટમાં વરસાદથી વૃક્ષો ધરાશાયીઃ એરપોર્ટ ઉપર સુરક્ષા દીવાલ તૂટતા જાળી મુકાઈ

રાજકોટ શહેરના સ્વામીનારાયણ ચોકમાં પાર્ક કરેલી રિક્ષા ઉપર વર્ષો જૂનું મહાકાય વૃક્ષ પડતા રિક્ષાનો કડૂસલો બોલી ગયો હતો. આજે વહેલી સવારથી શહેરમાં વરસાદી માહોલ છવાયો હતો. ચાર દિવસના વિરામને કારણે કોરા થયેલા રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળતા રસ્તાઓ પર પાણીની નદીઓ વહેતી જોવા મળી રહી છે. બીજી તરફ તાજેતરમાં રાજકોટના ઇન્ટરનેશનલ એરપોર્ટના રન વે નજીકની દીવાલ ધરાશાયી થયા બાદ તંત્ર દ્વારા દીવાલને બદલે તારની જાળી ફિટ કરી દીધી છે. (તસવીરોઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

ન્યારી-૧નો એક અને ડોંડી ડેમના બે દરવાજા ખોલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ન્યારી-૧નો એક અને ડોંડી ડેમના બે દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવ્યા છે. હેઠવાસના ગામ લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલા ન્યારી-૧ જળાશયનો ૧ દરવાજો ૦.૩ મીટર અને ડોંડી જળાશયના બે દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવ્યા છે.

ન્યારી-૧ના હેઠવાસમાં આવેલા ઈશ્વરીયા વોટર સપ્લાય, હરિપર પાળ, વડવાળી વાજડી, ખંભાળા, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢીવાળી વજેલી, વેજાગામ, વેજાગામ-વાજડી, વાજડી-વિરડાવાળીના લોકોને સાવચેત કરવામાં આવ્યા છે. ડોંડી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના હિદડ, પાંભર ઈટાળા, નાના ઇટાળા, લક્ષ્મી ઇટાળા વગેરે ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજકોટમાં ઉપરવાસમાં ભારે વરસાદ આવ્યો છે. હેઠવાસના ગામના લોકોને સાવચેત રહેવા સૂચના છે. ન્યારી-૧ના હેઠવાસમાં આવેલા ઈશ્વરીયા વોટર સપ્લાય, હરિપર પાળ, વડવાળી વાજડી, ખંભાળા, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢીવાળી વજેલી, વેજાગામ, વેજાગામ-વાજડી, વાજડી-વિરડાવાળીને સાવચેત કરવામાં આવ્યા છે. ડોંડી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના હિદડ, પાંભર ઈટાળા, નાના ઇટાળા, લક્ષ્મી ઇટાળા વગેરે ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા જણાવવામાં આવ્યું છે. ■

સુરેન્દ્રનગર વોર્ડ નં.૬ના મારુતી પાર્કમાં મોટુ ગાબડુ પડતા અકસ્માતની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર વોર્ડન. ૬ની મારૂતિ પાર્ક સોસાયટીમાં છેલ્લા ચાર માસથી ખાડો પડ્યો હોવા છતાં નગરપાલિકા દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી. આ અંગે સ્થાનિકો દ્વારા અનેક વખત રજુઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી નથી.

આ રસ્તા પરથી સ્કૂલના વિદ્યાર્થિઓની અવરજવર હોય ઉપરોક્ત બાબત ખૂબ ગંભીર છે. અત્યારે ચોમાસાની સિઝન અને એકધારા વરસાદના કારણે આ પડેલો મોટો ખાડો દિન પ્રતિદિન મોટો થતો જાય છે અને આ શાળામાં અંદાજિત ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે ત્યારે ક્યારેક મુસીબત અને હોનારત સર્જાય તે પહેલા નગરપાલિકા આ ખાડાનું પુરાણ કરી અને વ્યવસ્થિત કરે તેવી વિસ્તારના રહેવાસીઓ તેમજ વિદ્યાર્થીઓની માંગણી ઉઠવા પામી છે.

એક જાગૃત નાગરિકે વિડીયો વાયરલ કરી તંત્રને જાણકારી આપી હોવા છતાં પણ નગરપાલિકાએ કોઈ કામગીરી કરી નથી. હજુ સુરેન્દ્રનગર શહેરમાં વરસાદ ચાલુ છે અને આખી રાત વરસાદ વરસ્યો છે ત્યારે જમીનમાં પોલાણ થાય અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા ખાડાની મરામત કરીને પુરાણ કરવા માંગણી કરવામાં આવી છે. ■

રાજકોટ ગ્રામ્ય પોલીસના લિવ રિઝર્વમાં રહેલા ૧૧ પીઆઈ સહિત ૧૫ની બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે રાજકોટ ગ્રામ્ય પોલીસના લિવ રિઝર્વમાં રહેલા ૧૧ પીઆઈ સહિત ૧૫ની બદલીનો આદેશ કર્યો છે.

આ આદેશમાં લિવ રિઝર્વમાં રહેલા બી. આર. પટેલને ઉપલેટા, આર. બી. રાણાને શાપર, ડો.એમ. એમ. ઠાકોરને જેતપુર ઉદ્યોગનગર, સી.ડી. વૈશ્યકને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ, જે.પી. રાવને ગોંડલ તાલુકા, યુ.આર. ડામોરને લોધિકા, આર. બી. વાઘીયાને પાટણવાવ, ડી.બી. મજીઠીયાને ભાયાવાદર, એસ.એચ. શર્માને મેટોડા, એમ.જી. ચૌહાણને સીપીઆઇ ગોંડલ અને મહિલા પીઆઈ એસ.એન. પરમારને પડધરી મુકાયા છે.

આ ઉપરાંત ગોંડલ સિટી બી. ડિવિઝનના પીઆઈ જે.પી. ગોસાઈ પાસે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો વધારાનો હવાલો હતો જેમાંથી તેમને મુક્ત કરાયા છે. આ ઉપરાંત ધોરાજી સીપીઆઇ એ.એમ. હેરમાને જેતપુર તાલુકામાં મુકાયા છે અને સાથે તેમણે ધોરાજી તાલુકાનો વધારાનો ચાર્જ પણ સંભાળવાનો રહેશે. ■

ધોળી ધજા ડેમ ભરેલો હોવા છતાં સુરેન્દ્રનગર ૧૦ દિવસથી તરસ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સારો વરસાદ થતાં સુરેન્દ્રનગર શહેરનો ધોળી ધજા ડેમ ઓવરફલો થયો પરંતુ સુરેન્દ્રનગર શહેરમાં પાણી વિતરણ માટે નાંખેલી પાણીની લાઈનો અને પાણી વિતરણની મોટર તણાઈ જતાં છેલ્લા દસ દિવસથી પાણીની વિસ્તરણ વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે અને લોકો પરેશાની ભોગવી રહ્યા છે.

સુરેન્દ્રનગર શહેરમાં છેલ્લા દસ દિવસથી પાણી વિસ્તરણ વ્યવસ્થા ખોરવાઈ છે જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પીવાના પાણી માટે કેરબા મંગાવી રહ્યા છે પરંતુ ન્હાવા ધોવા અને કપડાં કે વાસણ ધોવા માટે પાણીના બંબાઓ મંગાવી રહ્યા છે. આથી રાતોરાત પાણીના ટેન્કરવાળાઓએ ડબલ ભાવ કરીને ૧૨૦૦ થી ૧૫૦૦ રુપિયા લેવાના શરુ કર્યા છે. આથી જનતામાં દેકારો સર્જાયો છે અને નગરપાલિકા ઉપર અનેક પ્રકારના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

સુરેન્દ્રનગર શહેરમાં વરસાદને પગલે શહેરમાં પાણી વિતરણ કરતી પાણીની મુખ્ય લાઈન ધોવાઈ જતાં છેલ્લા દસ દિવસથી જનતા પાણી માટે વલખા મારી રહી છે. મહિલાઓ જણાવી રહી છે કે સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ નગરપાલિકામાં પ્રમુખપદે મહિલા છે છતાં મહિલાઓની વેદનાને સમજવાની કોશિશ કરી નથી. ■

ગાધકડા-સાવરકુંડલા રેલવે ટ્રેક પર પાઈલોટે ઈમરજન્સી બ્રેક લગાવીને ત્રણ સિંહને બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગીર જંગલ વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઇન પર અવારનવાર ટ્રેનની અડફેટે આવતા સિંહોના મોતની ઘટનાઓ બહાર આવતી હોય છે, પરંતુ હવે રેલવે વિભાગે ટ્રેક પર સિંહોના મોત નિવારવા માટે કરેલા આયોજનને પગલે તાજેતરમાં જ ગાધકડા-સાવરકુંડલા રેલવે ટ્રેક પરથી પસાર થઇ રહેલા ત્રણ સિંહોને પાઈલોટે ઇમરજન્સી બ્રેક મારીને બચાવી લીધાં હતા.

રેલ્વે મંડળ સિંહો/વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઇલોટ નિર્ધારિત ગતિનું પાલન અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલવે મંડળના લોકો પાઈલોટની સતર્કતા અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૬૫ સિંહોના જીવ બચાવાયા છે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે તા. ૨જી સપ્ટેમ્બર ૨૦૨૪ (સોમવાર) રાત્રે લગભગ ૦૯.૦૦ કલાકે, લોકો પાઈલટ શ્રી પુષ્પેન્દ્ર કુમાર સેન (મુખ્ય મથક - જેતલસર) અને સહાયક લોકો પાયલટ શ્રી ઉમેશ બાબુ (મુખ્ય મથક - જેતલસર) દ્વારા કિમી. નંબર ૫૮/૮ - ૫૮/૭ ગાધકડા-સાવરકુંડલા સેક્શન વચ્ચે જ્યારે ૦૩ સિંહો રેલવે ટ્રેક ક્રોસ કરતા જોવા મળ્યા, ત્યારે ગુડ્સ ટ્રેનને ઇમરજન્સી બ્રેક લગાવીને લગભગ ૧૦૦ મીટરના અંતરે રોકવામાં આવી હતી. લોકો પાઈલોટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) અને સાવરકુંડલાના સ્ટેશન માસ્તરને વોકી-ટોકી દ્વારા જાણ કરવામાં આવી હતી. થોડા સમય બાદ જ્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કર્મચારી આવ્યા અને ટ્રેક ક્લીયર થવાનો સિગ્નલ મેળવ્યો ત્યારે લોકો પાઈલટ દ્વારા માલગાડીને ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી.■

પાલિતાણામાં પૈસાની લેતીદેતી મામલે થયેલી જૂથ અથડામણમાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગરના પાલિતાણામાં પૈસાની લેતીદેતી બાબતે થયેલ મનદુઃખ અને ઝઘડાની દાઝ રાખી બે જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે થયેલી મારામારીની ઘટનામાં ગંભીર ઇજા પામનાર ડુંગરપુર ગામના યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે બંને પક્ષના મળીને અન્ય બે વ્યક્તિને ઈજા થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ પાલિતાણા પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ હૉસ્પિટલ દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દીધો હતો. બનાવના પગલે બંને જૂથના લોકો મોટી સંખ્યામાં હૉસ્પિટલ દોડી ગયા હતા. ભાવનગર જિલ્લાના પાલિતાણાના ડુંગરપુર ગામમાં રહેતા અને પાલિતાણામાં ડોળી કામદાર તરીકે મજૂરીકામ કરતા આકીબભાઈ જુસબભાઈ લાખાપોટાને સિરાજ રજાકભાઈ રાંધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ સાથે પૈસાની લેતીદેતી બાબતે ઝઘડો ચાલતો હોય ગઈકાલે રાત્રિના સમયે પાલિતાણામાં આવેલ સદવિચાર હૉસ્પિટલની બાજુમાં રામદેવ કોમ્પલેક્સની નજીક તેવો તેમના મિત્ર જુનેદ ઈકબાલભાઈ નોડીયા, અફઝલ દિનુભાઈ સમા સાથે ઊભા હતા તે દરમિયાન સિરાજ રજાકભાઈ રાંધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ તાહિર ગફારભાઈ રાંધનપરા સહિતના તેમની પાસે આવ્યા હતા અને ઝઘડો કરતા બંને જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે મારામારી થઈ હતી. મારામારીની આ ઘટનામાં અફઝલભાઈ દિનુભાઈ સમા (રહે. ડુંગરપુર) ને ગંભીર ઇજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે આકીબભાઈ લાખાપોટા અને સામા પક્ષે તોફિકભાઈ રાંધનપુરાને નાની મોટી ઇજા થઈ હતી.

આ બનાવની જાણ થતા પાલિતાણા પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દઈ પરિસ્થિતિ થાળે પાડી હતી. આ ઘટનાની જાણ થતાં બંને જૂથમાં લોકો પાલિતાણા હૉસ્પિટલ ખાતે એકઠા થઈ જતા પોલીસ કાફલો હૉસ્પિટલ દોડી ગયો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખી હતી. આ બનાવ અંગે આકિબભાઈ જોસબભાઈ લાખાપોટા (રહે. ડુંગરપુર, તા. પાલિતાણા)એ સિરાજ રજાકભાઈ રાંધનપરા, સિકંદર નાથાભાઈ સૈયદ, તાહિર ગફારભાઈ રાંધનપરા, ગફાર રાંધનપરા અને તોફિક ગફારભાઈ રાંધનપરા વિરુદ્ધ પૈસાની લેતી દેતી બાબતે ચાલતા ઝઘડાની દાઝ રાખી છરી વડે હુમલો કરી તેમના માસીના દીકરા અફઝલભાઈનું મોત નિપજાવી પોતાને ગંભીર ઇજા કર્યાની ફરિયાદ નોંધાવી હતી. સામાપક્ષે તોફિકભાઈ ગફારભાઈ રાંધનપરા (રહે. પાલિતાણા)એ અકીબ જુસબભાઈ લાખાપોટા, જુનેદ ઈકબાલભાઈ નોડીયા, ઈકબાલ યુસુફભાઈ નોડીયા, ફિરોઝ દિલીપભાઈ નોડીયા અને એક અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પાલિતાણા ટાઉન પોલીસે બંને જૂથના મળી કુલ ૧૦ ઈસમો વિરુદ્ધ સામસામે પોલીસ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ■

ગારિયાધારના રસ્તાની વચ્ચે સિંહ આવ્યોઃ વાહનચાલકો સ્તબ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરના ગારિયાધારમાં સિંહની લટારનો વીડિયો સામે આવ્યો છે. જેમાં લુવારા ગામ નજીક સિંહના આંટાફેરા વધ્યા છે. તેમાં શેત્રુંજી નદીના જવાના રસ્તે સિંહ દેખાયો છે. સિંહની લટારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ભાવનગર જિલ્લાના ગારિયાધાર પંથકમાં વનરાજની લટાર મળી જોવા મળી છે.

ગારિયાધારના લુવારા ગામ નજીક આવેલી શેત્રુંજી નદીના પટમાં સિંહની લટાર જોવા મળી છે. ગારિયાધારના લુવારા ગામ નજીક આવેલ શેત્રુંજી નદીના જવાના રસ્તે સિંહના આંટાફેરા કરતા નજરે ચડયા છે. ત્યારે સ્થાનિકો દ્વારા સિંહના દુર્લભ વીડિયો કેમેરામાં કેદ થયા છે. જેમાં સિંહોની લટારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. અગાઉ ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના છેવાડાનું ગામ ગુજરડામાં પણ સિંહ પરિવાર જોવા મળ્યો હતો. જેમાં આ ગુજરડા ગામે ૧૧ સભ્યોના એક સિંહ પરિવારે વસવાટ કર્યો હતો.

સિંહ પરિવારે ગામમાં વસવાટ કરતા ગ્રામજનોમાં છેલ્લા ઘણા સમયથી આશ્ચર્યકિત થયા હતા. જેમાં સિંહ પરિવાર જંગલની જગ્યાએ ગામમાં લટાર મારતો હતો. ગુજરડા ગામ શેત્રુંજીને કાંઠે આવેલ ગામમાં સિંહ પરિવાર આવતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જેમાં સિંહ પરિવારના ધામાથી ગામ લોકો રાત્રીના ઘર બહાર નીકળતા પણ ભય અનુભવતા હતા. જેમાં ગામમાં અવારનવાર સિંહ જોવા મળે છે. જેમાં ગામજનો એ આ વખતે રસ્તા પરથી પસાર થતા સિંહનો વીડિયો બનાવી વાયરલ કર્યો છે. ■

કચ્છમાં અપમૃત્યુના જુદા-જુદા બનાવોમાં પાંચ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છમાં વીતેલા ચોવીસ કલાકના સમયગાળા દરમ્યાન બનેલી વિવિધ અપમૃત્યુની બનેલી વિવિધ દુર્ઘટનાઓમાં પાંચ લોકો કાળનો કોળિયો બની જતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી છે.

ભચાઉ તાલુકાના નાની ચીરઇ નજીક સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં કિડાણાના કાંતિ ખેંગાર પરમાર નામના ૩૦ વર્ષના યુવકનું મોત નીપજ્યું હતું જ્યારે બંદરીય માંડવીમાં ઇલેક્ટ્રિક કામ દરમ્યાન તલવાણાના ૨૯ વર્ષીય યુવાન રાજેશકુમાર ચંદુલાલ છાભૈયાને વીજશોક ભરખી ગયો હતો, તો રાપરના નંદાસર ખાતે વીજલાઇનની મરમ્મત કરી રહેલા પીજીવીસીએલના કર્મીનું જીવલેણ કરંટ લાગતાં મૃત્યુ થયું હતું, મંગવાણાના ૨૦ વર્ષીય નરેશ મેઘજી મહેશ્વરીએ ઝાડમાં ફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો. આ ઉપરાંત કોઠારાના વાંકુ ત્રણ રસ્તા પાસે પરપ્રાંતીય જીતમોહન પાંડે બોપાય (ઉ.વ. ૪૧)ને ઝેરી જીવાત કરડી જતાં સારવાર દરમિયાન તેનો જીવનદીપ બુઝાયો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીધામના કિડાણામાં રહેનારો કાંતિ પરમાર નામનો યુવક રાપરથી પરત ગાંધીધામ તરફ મોટરસાઇકલ વડે આવી રહ્યો હતો ત્યારે પાછળથી આવતી બોલેરો જીપકારે તેને પાછળથી હડફેટમાં લેતાં સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઇજાઓથી યુવકનું ઘટનાસ્થળે મોત થતાં હતભાગીના પિતા ખેંગાર કેસરા પરમારે બોલેરો ચાલક સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

અન્ય બનાવમાં બંદરીય માંડવીના ગાલાનગર-૧માં લુગડાં બજારની સામે આવેલા મકાનમાં ઇલેક્ટ્રિકલ કામ કરી રહેલા તલવાણાના રાજેશકુમાર ચંદુલાલ છાભૈયાને શોક લાગતાં પ્રથમ માંડવીની ખાનગી હૉસ્પિટલમાં અને બાદ સરકારી હૉસ્પિટલ ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. માંડવી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી આદરી હતી.

બીજી તરફ, નખત્રાણા તાલુકાના મંગવાણા ખાતે રહેતા નરેશ મેઘજી મહેશ્વરીએ ગત બપોરે કોઇ અગમ્ય કારણોસર ગામના તળાવની પાછળ વાડીના ઝાડ ઉપર ગળેફાંસો ખાઇ મોતનો રસ્તો અપનાવી લેતાં નખત્રાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ હાથ ધરી છે.

વધુ એક અપમૃત્યુનો બનાવ અબડાસા તાલુકાના કોઠારા ગામના પાદરે બનવા પામ્યો હતો જેમાં વાંકુ ત્રણ રસ્તા પરના આર.એમ.સી પ્લાન્ટમાં મજૂરી કરી પેટિયું રળનાર જીતમોહન પાંડે બોપાય નામના પરપ્રાંતીય શ્રમિકને થોડા દિવસો પહેલાં કોઇ ઝેરી જીવાત કરડી જતાં તબિયત લથડી હતી. હતભાગીએ પ્રથમ કોઠારામાં સારવાર લીધા બાદ વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો જ્યાં ગત રાત્રે સારવાર દરમ્યાન અંતિમશ્વાસ લઇ લેતાં કોઠારા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી આદરી છે.

દરમ્યાન, કચ્છમાં ભારે વરસાદ ખાબક્યા બાદ ખોરવાઈ ગયેલા વીજ પુરવઠાને પૂર્વવત કરવા માટે અન્ય જિલ્લાઓમાંથી પીજીવીસીએલની ટુકડીઓને બોલાવી વીજતારોનું સમારકામ કરવામાં આવી રહી છે ત્યારે ગત સોમવારે સીમાવર્તી રાપર તાલુકાના નંદાસર ગામની કેનાલ નજીકની લાઈનનું સમારકામ કરતી વેળાએ સાબરકાંઠાના વીજકર્મીનું વીજકરંટ લાગતા મોત થયું હતું.

બાલાસર સબ ડિવિઝનમાં આસિન્ટન્ટ લાઈનમેન તરીકે ફરજ બજાવતો મૂળ સાબરકાંઠાના મેઘરજ તાલુકાના ધોળાપાણા ગામનો નારણ લક્ષ્મણ મનાત નામક ૩૫ વર્ષીય યુવક નંદાસર નર્મદા કેનાલ નજીક રાપર સબ ડિવિઝન હેઠળ આવતા સુવઈ ફીડરની લાઈન પર મોડી સાંજના સમારકામ કરી રહ્યો હતો. આ વચ્ચે હતભાગી વીજકર્મીને અકસ્માતે કરંટ લાગતાં તત્કાળ મોત નીપજ્યું હતું. ■

વરસામેડી ગામના રહેણાંકમાંથી ગાંજા-ભાંગ સહિતના માદક પદાર્થો સાથે દંપતીની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હજુ એક માસ પૂર્વે પોલીસે અંજારમાંથી ૧.૩૨ લાખનો ગાંજો અને રાપરમાંથી ૧.૨૦ લાખના પોસ દોડાના જથ્થા સાથે સ્થાનિક યુવકોને દબોચ્યા બાદ નશાખોરીનું હબ બની ચૂકેલા પૂર્વ કચ્છમાં માદક દ્રવ્યોના વેચાણનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. અંજાર તાલુકાના વરસામેડીમાં એક સોસાયટીનાં મકાનમાં માદક પદાર્થનું છૂટક વેંચાણ કરનારા દંપતીને અટકમાં લઇ તેમની પાસેથી રૂ.૩૮,૦૦૦નો ગાંજો, ભાંગની ગોળીઓ, થ્રી પેપર વગેરે સ્થાનિક પોલીસે હસ્તગત કર્યા હતા. અંજાર પોલીસના જણાવ્યા અનુસાર, વરસામેડીમાં ખેતરપાળ દાદાનાં મંદિર સામે આવેલા ઘનશ્યામ પાર્કમાંનાં એક મકાનમાં માદક પદાર્થનો વેપલો થઇ રહ્યો હોવા અંગેની બાતમી મળે આ કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમ્યાન નિશા સત્યેન્દ્ર રાજપૂત તથા તેના પતિ સત્યેન્દ્ર રામકઠિનસિંઘ રાજપૂતની ધરપકડ કરી હતી. મકાનમાં તપાસ દરમ્યાન પ્લાસ્ટિકની ઝીપવાળી નાની થેલીઓ મળી આવી હતી, જેમાં લીલા રંગના વનસ્પતિજન્ય પાંદડાં સાથેની ડાળખી, ભીનો-સૂકો ગાંજો મળી આવ્યા હતા તેમજ લાકડાંના ટેબલ ઉપર થર્મોવેગન લખેલા બોક્સમાંથી પણ ગાંજો મળી આવ્યો હતો તેમજ ભાંગની ગોળીઓના ચાર પેકેટ મળી આવ્યા હતા. પોતાના ઘરે તથા દુકાને આવતા ગ્રાહકોને નાની થેલીઓમાં ગાંજો, ભાંગની ગોળીઓ વેંચતા દંપતી પાસેથી ૧.૮૦ કિલોગ્રામ ગાંજો, ભાંગની ગોળીના ચાર પેકેટ, કેપ્ટન ગોગો લખેલા કોન નંગ-બે, ગાંજો પીવા માટેના થ્રી પેપર, કોથળી વગેરે મળીને કુલ રૂા. ૩૮,૦૦૦નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો. આ દંપતીની પૂછપરછ કરાતાં તેમને માલ વરસામેડી ઇન્ડિયા કોલોનીમાં રહેનાર ઘનશ્યામ નામનો શખ્સ આપતો હોવાનું બહાર આવ્યું હોવાનું પોલીસે ઉમેર્યું હતું. ■